દૈનિક
# મુંબઈ સમાચાર

સૌરાષ્ટ્ર આવૃત્તિ

૨૦૪ વર્ષ

R.N.I. No. GUJ GUJ /2013/58486 *

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 63 ■ વિક્રમ સંવત ૨૦૮૨

ફાલ્ગુન વદ - ૧૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 17 March 2026, Tuesday ■ REGD.No. MCS/058/2018-20

મંગળવાર, ૧૭ માર્ચ ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u





દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
R.N.I. No. GUJ GUJ/2013/58486 *
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫ ■ Volume 69 ■ Issue 63 ■ વિક્રમ સંવત ૨૦૮૨
ફાલ્ગુન વદ - ૧૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 17 March 2026, Tuesday ■ REGD.No. MCS/058/2018-20
મંગળવાર, ૧૭ માર્ચ ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦
તરોતાજા પૂર્તિ
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# વિશ્વભરમાં ઈંધણની કટોકટીની શક્યતા

## યુદ્ધ વધુ ભીષણ બનતું જાય છે : ઈરાનની રાજધાની પર વધુ હુમલા : દુબઈ ઍરપોર્ટ ફરી ડ્રોન હુમલાનું ટાર્ગેટ બન્યું : હોર્મુઝ ખાડીમાં લશ્કર મોકલવા ભારત સહિતનો એકેય દેશ તૈયાર નથી

બૈરુત: મિડલ ઈસ્ટમાં યુદ્ધ વધુ ભીષણ બનતું હોવાથી આખા વિશ્વમાં ઈંધણ કે ઊર્જા કટોકટી ઊભી થાય એવા ભયનાં વાદળો ઘેરાયાં છે. અમેરિકા-ઈઝરાયલે ઈરાનની રાજધાની પર વધુ હુમલા કર્યા હતા. ઈઝરાયલનો લેબેનોન પરનો બૉમ્બમારો ચાલુ જ છે. ઈરાનના ડ્રોને વૈશ્વિક મુસાફરીના મોટા હબ સમા દુબઈ એરપોર્ટ પર હુમલો કરતાં વિશ્વ અર્થતંત્ર સામેના જોખમ વધ્યા છે.

અમેરિકા અને ઈઝરાયલે બે અઠવાડિયા પહેલાં ઈરાન પર હુમલો કર્યો ત્યાર બાદ તહેરાન ઈઝરાયલ, મિડલ ઈસ્ટના અમેરિકાના મથકો તથા ગલ્ફ આરબના ઊર્જા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ડ્રોન અને મિસાઈલ વડે હુમલા કરી રહ્યું છે.

ઈરાને હોર્મુઝ સામુદ્રધુનીમાં અને એની આસપાસ કમર્શિયલ શિપ પર હુમલા કર્યા છે અને આ હુમલાના ડરે આ મહત્ત્વના વોટરવેમાં જળ પરિવહન થંભી ગયું છે. હોર્મુઝમાંથી વિશ્વના તેલના પાંચમા ભાગનું પરિવહન થાય છે. હોર્મુઝ બંધ થઈ જતા તેલના ભાવ આસમાને જઈ રહ્યા છે. આને લીધે વૉશિંગ્ટન પર હોર્મુઝ ખોલવાનું દબાણ આવ્યું છે.

અમેરિકા અને ઈઝરાયલે ૨૮ ફેબ્રુઆરીએ ઈરાન પર હુમલો કર્યો ત્યાર બાદ તેલના ભાવ ૪૫ ટકા વધી ગયા છે. આંતરરાષ્ટ્રીય ધોરણના બ્રેન્ટ ક્રૂડના ભાવ ૧૦૪ અમેરિકન

(જુઓ પાનું ૨) ▶▶

## ભારતે એક-એક જહાજ માટે હોર્મુઝમાંથી પસાર થવાની પરવાનગી લેવી પડશે

### એલપીજીનો મોટો જથ્થો લઈને એક જહાજ આવ્યું, બીજું આજે આવશે

નવી દિલ્હી: ભારતીય ધ્વજવાળી ક્રૂડ ટેન્કર ઑઈલ ટર્મિનલ પર હતી ત્યારે હુમલો થયો હોવા છતાં સંયુક્ત આરબ અમિરાતના ફુજૈરામાંથી તેલ લઈને સલામત બહાર નીકળ્યું હતું. શિપિંગ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા (એસસીઆઈ) ની માલિકીનું એલપીજી ટેન્કર 'શિવાલિક' કતારના રાસ લફાન બંદરથી રવાના થયું હતું. એલપીજી ટેન્કર 'શિવાલિક' હોર્મુઝ સ્ટ્રેટને સુરક્ષિત રીતે પાર કરીને ગુજરાતના મુંદ્રા બંદરે પહોંચ્યું હતું. આ એલપીજી ટેન્કરના આગમનથી દેશમાં ઉભી થયેલી એલપીજી સપ્લાયની અછત ઘટાડવામાં મદદ મળશે. બીજી તરફ, ભારતના વિદેશ પ્રધાન એસ. જયશંકરે જણાવ્યું હતું કે, હોર્મુઝ ખાડીમાંથી ભારતીય જહાજોને પસાર થવાની પરવાનગી જહાજવાર લેવી પડે છે અને ભારતના બધા જહાજ માટે સંપૂર્ણ પરવાનગી ઈરાને આપી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, અન્ય એક ભારતીય ધ્વજવાહક ટેન્કર 'નંદા દેવી', પણ રાસ લફાનથી ભારત આવવા રવાના થયું છે, તે પણ ગુજરાતના દરિયાકાંઠે છે અને ૧૭ માર્ચે

(જુઓ પાનું ૨) ▶▶



## 'મુંબઈ સમાચાર'ના આયોજનમાં મુખ્ય પ્રધાનશ્રીના પડશે પાવન પગલાં

૨૦૪ વર્ષ જૂના અખબાર 'મુંબઈ સમાચાર' દ્વારા બીજી એપ્રિલથી આઠમી એપ્રિલ વચ્ચે મુંબઈના બોરીવલીમાંના ચીકુવાડી પ્લે ગ્રાઉન્ડ સ્વ. શ્રી બાળાસાહેબ ઠાકરે ક્રીડાસંકુલમાં વિશ્વની સૌપ્રથમ માતૃભાષા ભાગવત સપ્તાહનું આયોજન કરાયું છે અને આ ભવ્ય-દિવ્ય પ્રસંગને ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલ પણ શોભાવશે. ભૂપેન્દ્રભાઈએ માતૃભાષા ભાગવત સપ્તાહમાં હાજર રહેવા માટેનું આમંત્રણ સોમવારે સ્વીકાર્યું હતું. 'મુંબઈ સમાચાર'ના તંત્રી નીલેશ દવે, અખબારના સૌરાષ્ટ્ર બ્યૂરો ચીફ મિલન ત્રિવેદી તથા આયોજન સમિતિના સભ્ય ભાર્ગવ પટેલે ભૂપેન્દ્રભાઈને નિમંત્રણ આપ્યું હતું. જગતમાં આવા પ્રકારના માતૃભાષા યજ્ઞનું સૌપ્રથમ વાર આયોજન કરાયું છે અને એ પણ સંપૂર્ણ એરકન્ડિશન્ડ ડૉમમાં. બપોરે ૩.૩૦ વાગ્યાથી ૬.૩૦ સુધી પરમપૂજ્ય રમેશભાઈ ઓઝા ભાઈશ્રી દ્વારા ભાગવત કથા થશે. સાંજે ૬.૩૦થી ૭.૩૦ વચ્ચે હાજર સૌ ભાવિકો માટે પ્રસાદની વ્યવસ્થા કરાઈ છે, જ્યારે ૭.૩૦થી ૧૦.૦૦ વાગ્યા સુધી ગુજરાતી, હિંદી, મરાઠી સહિતની ભાષાઓમાં ગીત-સંગીત સહિતનાં સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવશે. ■

## યુદ્ધ તત્કાળ અટકાવો: ચીન ભડક્યું

### હોર્મુઝ ખાડી ખોલવા ટ્રમ્પે મદદ માગતા જવાબ આપ્યા

બેઈજિંગ: આંતરરાષ્ટ્રીય પરિવહન માટે હોર્મુઝ સામુદ્રધુની ખોલવામાં મદદ કરવાના અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પના અનુરોધના જવાબમાં ચીને સોમવારે ચીને બધા પક્ષોને લશ્કરી ઑપરેશન થંભાવી દેવા જણાવ્યું હતું.

અમેરિકા અને ઈઝરાયલના હવાઈહુમલાને પગલે ઈરાને મહત્ત્વનો વોટરવે અસરકારક રીતે બંધ કર્યો છે. હોર્મુઝ બંધ થવાનું વૈશ્વિક ઊર્જા અને વેપાર માટે આપત્તિજનક થઈ ગયું છે આને લીધે તેલના પુરવઠામાં મોટો વિક્ષેપ આવ્યો છે અને તેલના વૈશ્વિક ભાવ વધી ગયા છે. ચીન ટ્રમ્પની આવતા મહિનાના અંતમાં થનારી ટ્રમ્પની ચીનની મુલાકાત માટે પણ અમેરિકા સાથે

(જુઓ પાનું ૨) ▶▶

## રાજયસભા ચૂંટણી: બિહારમાં એનડીએની ક્લીન સ્વીપ

### મહાગઠબંધનમાં તિરાડને પગલે નીતીશ, નીતિન નબીન સહિતના પાંચેય ઉમેદવાર ચૂંટાયા

પટણા: બિહારના મુખ્ય પ્રધાન નીતીશ કુમાર અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીન સોમવારે રાજ્યસભામાં ચૂંટાયા હતા. સત્તારૂઢ એનડીએએ ક્લીન સ્વીપ કરતા તમામ પાંચ બેઠકો પર વિજય મેળવ્યો છે અને આને કારણે વિપક્ષ મહાગઠબંધનને આચકો લાગ્યો છે.

નીતીશ કુમાર અને હાલમાં વિધાનસભાના સભ્ય એવા નીતિન નબીન ઉપરાંત, અન્ય વિજેતા ઉમેદવારોમાં કેન્દ્રીય પ્રધાન રામનાથ ઠાકુર (જેડીયુ) સામેલ છે, જેમણે રાજ્યસભામાં ચૂંટાવાની હેટ-ટ્રિક નોંધાવી છે. ભાજપના શિવેશ કુમાર પણ વિજેતા બન્યા છે. આ ઉપરાંત રાષ્ટ્રીય લોક મોરચાના પ્રમુખ ઉપેન્દ્ર કુશવાહા સતત બીજી ટર્મ માટે ચૂંટાયા છે.

પરિણામોની જાહેરાત બાદ વરિષ્ઠ જેડીયુ નેતા અને મંત્રી શ્રવણ કુમારે જણાવ્યું હતું કે, ''તમામ પાંચ ઉમેદવારો જીત્યા છે. તેમાંથી

(જુઓ પાનું ૨) ▶▶

## તમિળનાડુમાં રાજકીય પક્ષોના નાણાકીય વ્યવહાર પર ચૂંટણી પંચની ચાંપતી નજર

ચેન્નઈ: ચૂંટણી પંચ ૨૩ કાનૂન અમલીકરણ એજન્સીઓની મદદથી રાજકીય પક્ષોના નાણાકીય વ્યવહારો પર ચાંપતી નજર રાખી રહ્યું છે અને ઓનલાઈન થતા મોટા વ્યવહારો પર પણ દેખરેખ રાખવામાં આવશે, એમ તમિળનાડુના મુખ્ય ચૂંટણી અધિકારી અર્ચના પટનાયકે જણાવ્યું હતું. ૧૫ માર્ચથી સમગ્ર રાજ્યમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવી હોવાનું જણાવતા તેમણે ઉમેર્યું હતું કે અત્યાર સુધીમાં અધિકારીઓએ કુલ ૧.૨૬ કરોડ રૂપિયાની રોકડ અને ચીજવસ્તુઓ જપ્ત કરી છે.

પટનાયકે આગામી ૨૩ એપ્રિલે યોજાનારી વિધાનસભા ચૂંટણીની તૈયારીઓ અંગે પત્રકારોને માહિતી આપતા જણાવ્યું હતું કે, અમે ૨૩ એજન્સીઓની મદદથી ખાસ કરીને ડિજિટલ વોલેટ અને યુપીઆઈ આધારિત પેમેન્ટ દ્વારા થતા મોટા વ્યવહારો પર નજર રાખી રહ્યા છીએ.

તેમણે વધુમાં સ્પષ્ટતા કરી હતી કે અધિકારીઓને સૂચના આપવામાં આવી છે કે દૈનિક વ્યાપાર માટે રોકડ લઈ જતા નાના વેપારીઓને કોઈ મુશ્કેલી ન પડે તેનું ધ્યાન રાખવામાં આવે.

વિધાનસભાની સામાન્ય ચૂંટણીના સમયપત્રક મુજબ, ૩૦ માર્ચે ગેઝેટ નોટિફિકેશન બહાર પાડવામાં આવશે, જેની સાથે જ ચૂંટણી પ્રક્રિયાની સત્તાવાર શરૂઆત થશે. એક પ્રશ્નના જવાબમાં પટનાયકે જણાવ્યું હતું કે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઈ) દ્વારા જનરેટ કરવામાં આવેલા વીડિયો પર પણ દેખરેખ રાખવામાં આવશે જેથી તે ચૂંટણી પંચ દ્વારા નિર્ધારિત પ્રક્રિયાઓનું પાલન કરે છે કે નહીં તેની ખાતરી કરી શકાય. ચૂંટણી પ્રચાર સવારે ૬ થી રાત્રિના ૧૦ વાગ્યા સુધી કરી શકાશે અને ૫,૦૦૦ થી વધુ લોકોની ભાગીદારી વાળી રાજકીય સભાઓ માટે પૂર્વ મંજૂરી લેવી અનિવાર્ય રહેશે.

તેમણે માહિતી આપી હતી કે ચૂંટણી સંબંધિત કામગીરીમાં મદદ કરવા માટે અર્ધલશ્કરી દળોની ૫૦ કંપનીઓ રાજ્યમાં આવી પહોંચી છે.

## ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળના ડીજીપી અને કોલકાતાના કમિશનરને દૂર કર્યા

કોલકતા: રવિવારે પશ્ચિમ બંગાળની વિધાનસભાનો ચૂંટણી કાર્યક્રમ જાહેર કરવાના એક દિવસ બાદ ચૂંટણી પંચે ડિરેક્ટર જનરલ ઑફ પોલીસ (ડીજીપી) પીયુષ પાંડે અને કોલકતા પોલીસ કમિશનર સુપ્રતિમ સરકારને દૂર કર્યા હતા. પંચે આઈપીએસ ઑફિસર સિદ્ધનાથ ગુપ્તાને ડીજીપી બનાવ્યા હતા. પંચે કોલકાતા પોલીસ કમિશનર તરીકે અજય કુમાર નંદની નિમણૂક કરી હતી.

પંચે કહ્યું હતું કે રાજ્યની ચૂંટણી તૈયારીની સમીક્ષાને પગલે અધિકારીઓને દૂર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

સત્તાવાર સંદેશા પ્રમાણે ચૂંટણી પંચે રાજ્ય સરકારને આદેશ આપ્યો હતો કે સિદ્ધનાથ ગુપ્તાને ડીજીપી અને ઈન્સ્પેકટર જનરલ ઑફ પોલીસ (ઈન્ચાર્જ) અને નટરાજન રમેશ બાબુની ડિરેક્ટર જનરલ ઑફ કરેકશનલ સર્વિસીસ તરીકે નિમણૂક કરો.

પંચે અજય મકુંદને એડિશનલ ડિરેક્ટર જનરલ અને આઈજીપી (કાયદો અને વ્યવસ્થા) તથા અજય કુમાર નંદને કોલકાતાના કમિશનર તરીકે નિમણૂક કરવાનો આદેશ આપ્યો છે. પંચે કહ્યું હતું કે આ

(જુઓ પાનું ૨) ▶▶

## લોકસભામાં વિક્ષેપ વિના પ્રશ્નકાળ પાર પડ્યો

નવી દિલ્હી: લોકસભામાં દિવસો સુધી ચાલેલા વિક્ષેપ બાદ સોમવારે પ્રશ્નકાળ કોઈ પણ અવરોધ વિના સરળતાથી ચાલ્યો હતો. બજેટ સત્રના બીજા તબક્કામાં વિરોધ પક્ષોના સતત વિરોધ પ્રદર્શન બાદ પ્રથમ વખત આ ગૃહે પ્રશ્નકાળની કામગીરી પૂર્ણ કરી હતી.

ગૃહની બેઠક મળી કે તરત જ કેટલાક વિરોધ પક્ષના સભ્યોએ તેમની ચિંતાઓ પર તાત્કાલિક ચર્ચા કરવાની માગ કરી હતી.

જોકે, સ્પીકર ઓમ બિરલાએ જણાવ્યું હતું કે તેઓ બપોરે ૧૨ વાગ્યે પ્રશ્નકાળ સમાપ્ત થયા પછી તેમને બોલવાની મંજૂરી આપશે. પશ્ચિમ એશિયાની કટોકટી અને તેના કારણે ઊભી થયેલી એલપીજીની સ્થિતિ પર ચર્ચાની માગને લઈને વિરોધ પક્ષો દ્વારા કરવામાં આવતી સૂત્રોચ્ચાર અને વારંવારના વિક્ષેપોને કારણે નીચલું ગૃહ પ્રભાવિત થયું હતું.

૯ માર્ચથી શરૂ થયેલા બજેટ સત્રના બીજા તબક્કાના પ્રથમ સપ્તાહ દરમિયાન, વિપક્ષના વિરોધને કારણે ગૃહ સવારે ૧૧ થી ૧૨ વાગ્યા વચ્ચેનો પ્રશ્નકાળ પૂર્ણ કરી શક્યું ન હતું. નોંધનીય છે કે ૧૦ માર્ચે બે દિવસની ચર્ચા બાદ ઓમ બિરલાને સ્પીકર પદેથી હટાવવાનો વિરોધ પક્ષનો પ્રસ્તાવ ગૃહે ફગાવી દીધો હતો. તેમના પર સત્તાધારી પક્ષ પ્રત્યે પક્ષપાત કરવાનો અને વિરોધ પક્ષની ચિંતાઓને નજરઅંદાજ કરવાનો આરોપ લગાવવામાં આવ્યો હતો.

બિરલાએ અગાઉ કેટલાક સાંસદો દ્વારા ગૃહની અંદર બેનરો, પ્લેકાર્ડ્સ, પોસ્ટરો બતાવવા અને અમુક પ્રકારની ભાષાના ઉપયોગ અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી હતી અને તમામ રાજકીય પક્ષોના નેતાઓને તેમના સભ્યોમાં શિસ્ત અને ઉચ્ચ નૈતિક આચરણ સુનિશ્ચિત કરવા વિનંતી કરી હતી. લોકસભામાં પ્રતિનિધિત્વ ધરાવતા તમામ રાજકીય પક્ષોના નેતાઓને લખેલા પત્રમાં બિરલાએ જણાવ્યું હતું કે ગૃહમાં હંમેશા ગૌરવપૂર્ણ ચર્ચા અને સંવાદની ભવ્ય પરંપરા રહી છે, પરંતુ છેલ્લા કેટલાક સમયથી ગૃહની અંદર અને બહાર તેમજ સંસદ પરિસરમાં કેટલાક સભ્યો દ્વારા દેશની સંસદીય લોકશાહીની ગરિમા અને પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવામાં આવી રહ્યું છે.

## ઊના દલિતકાંડમાં પાંચ આરોપી દોષી

### ૩૭ નિર્દોષ, આજે સજા સંભળાવાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં વર્ષ ૨૦૧૬માં ખૂબ જ ચર્ચામાં રહેલા ગીર-સોમનાથ જિલ્લાના ઊના દલિતકાંડમાં વેરાવળ કોર્ટે ચુકાદો આપ્યો હતો, જેમાં પાંચ આરોપીને દોષિત ઠેરવવામાં આવ્યા હતા. કોર્ટ આજે મંગળવારે આરોપીને સજા સંભળાવશે. આ કેસમાં કુલ ૪૨ આરોપીમાંથી પુરાવાના અભાવે ૩૭ આરોપી નિર્દોષ જાહેર કરવામાં આવ્યા હતા. નિર્દોષ જાહેર કરાયેલા આરોપીમાંથી બેનાં મોત નિપજ્યાં હતાં. દોષિત ઠરેલા પાંચ આરોપીમાં રમેશ જાદવ, રાકેશ જોશી, પ્રમોદ ગૌસ્વામી, નાગજી ડાયા, બળવંત ગૌસ્વામીનો સમાવેશ થાય છે. આ ઘટનાની મળતી

(જુઓ પાનું ૨) ▶▶

## ઓડિશામાં સરકારી હૉસ્પિટલમાં ભીષણ આગ: દસનાં મોત

ભુવનેશ્વર: ઓડિશામાં સરકારી હોસ્પિટલમાં ભીષણ આગ ફાટી નીકળતા કરુણાંતિકા સર્જાઇ હતી. એસસીબી મેડિકલ કોલેજ અને હોસ્પિટલના આઇસીયુમાં સોમવારે ભયંકર આગ ફાટી નીકળતા નાસભાગ મચી ગઇ હતી. આ દુર્ઘટનામાં ૧૦ દર્દીઓના મોત નીપજ્યા હતા. આ જાણકારી મુખ્ય પ્રધાન મોહન ચરણ માઝીએ આપી હતી. મુખ્ય પ્રધાને જણાવ્યું કે દર્દીઓને બચાવવા જતા હોસ્પિટલના ૧૧ કર્મચારીઓ દાઝી ગયા હતા. આગ શોર્ટ સર્કિટને કારણે લાગી હોવાની સંભાવના વ્યક્ત કરાઇ છે. એક અધિકારીએ જણાવ્યું કે આગ મધરાતે ૨-૩૦ થી ૩ વાગ્યાની વચ્ચે લાગી હતી. ઘટનાની જાણ થતા ફાયર ફાઇટરો હોસ્પિટલ ખાતે પહોંચ્યા હતા અને આગ બુઝાવી હતી.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આ દુર્ઘટનામાં

(જુઓ પાનું ૨) ▶▶

## હવે ખાતર મોંઘું થશે

નવી દિલ્હી: યુદ્ધની અસર વિશ્વના અનેક દેશોમાં થઈ છે. ખાસ કરીને ઈંધણના ભાવમાં ભારે વધારો નોંધાયો છે. ભારતમાં પણ તેની અસર જોવા મળી જ છે. આ યુદ્ધની અસર ખાતરો પર પણ પડી શકે છે તેવું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. વિશ્વમાં ખાતરનો સૌથી વધુ વપરાશ ભારતમાં છે, પરંતુ તેમાં વિદેશમાંથી સૌથી વધુ આયાત કરવી પડે છે. એટલે પહેલા આઈલ, પછી એલપીજી ગેસ અને હવે ખાતર પર યુદ્ધની અસર થવાના વર્તારા છે.

ભારતે ગત વર્ષે ખાતરની આયાતમાં ૪૧ ટકાનો વધારો કર્યો હતો. ફેબ્રુઆરી ૨૦૨૬ સુધીમાં ભારતે આશરે ૯૮ લાખ ટન તૈયાર ખાતર આયાત કરી હતી, જેમાં ૯૪ હજાર કરોડ રૂપિયાનો ખર્ચ થયો હતો. ખેતી માટે ખાતર મુખ્ય જરૂરિયાત બની ગઈ છે, તેવામાં હવે જો મધ્યપૂર્વના ખાડી દેશમાં યુદ્ધની અસર તેના પર થઈ તો ભારતને મોટું નુકસાન થવાનું છે. ભારત યુરિયા ખાતની ખરીદી મુખ્યત્વ ઓમાન, સાઉદી અરબ અને કતારમાંથી કરે છે. જ્યાં અત્યારે યુદ્ધનો માહોલ સર્જાયેલો છે.

ચિંતાની વાત એ છે કે, જો ખાતરની આયાત માટે હોર્મુઝની જગ્યાએ બીજો રૂપ પસંદ કરવામાં આવે તો શિપિંગ ખર્ચ વધી જાય છે. જો કે, શિપિંગ ખર્ચ વધ્યો તો તેની અસર તૈયાર ડીએપી અને યુરિયા ખાતરના ભાવ પર થવાની છે. એટલે કે, સીધો માર ખેડૂતો પર પડવાનો છે.

## સિનિયર સિટિઝનોને ટ્રેન ભાડાં પર મળતી છૂટ ફરી શરૂ કરવાની લોકસભામાં માગણી

નવી દિલ્હી: સોમવારે લોકસભામાં કેટલાક સાંસદો દ્વારા વરિષ્ઠ નાગરિકો અને પત્રકારોને ટ્રેન ભાડાંમાં ફરી ૫૦ ટકા છૂટ આપવાની માગ કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે આ સવલત કોવિડ મહામારી દરમિયાન બંધ કરવામાં આવી હતી.

રેલવે મંત્રાલય માટે અનુદાનની માંગણીઓ પર ચર્ચા શરૂ કરતાં કોંગ્રેસ નેતા તારિક અનવરે કહ્યું કે ટ્રેન ભાડાંમાં છૂટ બંધ કરવાના નિર્ણયથી પ્રભાવિત લોકોમાં ખાસ કરીને વૃદ્ધો ખૂબ નિરાશ થયા છે. તેમણે કહ્યું કે હું રેલવે પ્રધાનને એ સ્પષ્ટ કરવા અપીલ કરું છું કે વરિષ્ઠ નાગરિકોને ટ્રેન ટિકિટ પર આપવામાં આવતી છૂટ ફરી ક્યારથી શરૂ કરવામાં આવશે.

તૃણમૂલ કોંગ્રેસના સાંસદ જૂન મલૈયાએ

(જુઓ પાનું ૨) ▶▶

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# રાજ્યોની ચૂંટણીમાં મમતા, સ્ટાલિન, વિજયનની અગ્નિપરીક્ષા

**કેન્દ્રીય** ચૂંટણી પંચે આસામ, કેરળ, તમિળનાડુ અને પશ્ચિમ બંગાળ તથા કેન્દ્રોશાસિત પ્રદેશ પુડુચેરીમાં વિધાનસભા ચૂંટણીની જાહેરાત કરી એ સાથે જ રાજકીય માહોલ ગરમ થઈ ગયો છે. પાંચ રાજ્યો-કેન્દ્રશાસિત પ્રદેશોમાં કુલ ૮૨૪ બેઠકો પર ચૂંટણી થશે અને ૧૭.૪ કરોડ મતદારો મતદાન કરશે. પંચની જાહેરાત પ્રમાણે, કેરળ, આસામ અને પુડુચેરીમાં એક જ તબક્કામાં ૯ એપ્રિલે મતદાન થશે જ્યારે તમિળનાડુમાં પણ એક જ તબક્કામાં ૨૩ એપ્રિલે મતદાન થશે. આ રાજ્યોમાં સૌથી મહત્ત્વનું પશ્ચિમ બંગાળ છે. બંગાળમાં ૨ તબક્કામાં ૨૩ એપ્રિલ અને ૨૯ એપ્રિલે મતદાન થશે. ચૂંટણી પંચે ગુજરાતની ઉમરેઠ સહિત ૬ વિધાનસભા બેઠકોની પેટાચૂંટણી પણ આ જ ગાળામાં થવાની છે. આ રાજ્યો અને છ વિધાનસભા બેઠકોની પેટાચૂંટણીનાં પરિણામ સાગમટે ૪ મેએ જાહેર થશે તેથી હવે લગભગ દોઢ મહિના લગી દેશમાં ચૂંટણીનો ધમધમાટ અને રાજકીય ગરમીનો માહોલ રહેશે.

આ પાંચ રાજ્યોમાં ચૂંટણીની જાહેરાતની લાંબા સમયથી રાહ જોવાતી હતી કેમ કે ૨૦૨૧માં પંચે ૨૬ ફેબ્રુઆરીએ તમામ પાંચ રાજ્યોની ચૂંટણીની જાહેરાત કરી હતી. પાંચેય વિધાનસભાનો કાર્યકાળ મે-જૂનમાં પૂરો થઈ રહ્યો છે તેથી પંચ પાસે હજુય પૂરતો સમય છે જ તેથી ભલે ૨૦ દિવસ મોડી જાહેરાત થઈ પણ હજુ કશું ખાટુંમોળું થયું નથી. સમયસર જ ચૂંટણી થઈ રહી છે પણ બંગાળમાં માત્ર ૨ તબક્કામાં જ ચૂંટણી યોજવાની જાહેરાત કરીને ચોક્કસ આશ્ચર્ય સર્જ્યું છે. તેનું કારણ એ કે, છેલ્લે ૨૦૨૧માં બંગાળમાં ૮ તબક્કામાં ચૂંટણી થઈ હતી. એ વખતે એવું કારણ અપાયેલું કે, પશ્ચિમ બંગાળમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ખરાબ છે ને જંગલરાજ જેવી જ હાલત છે તેથી ન્યાયી અને નિષ્પક્ષ ચૂંટણી માટે વધારે તબક્કા રાખવા સિવાય આરો નથી. આ વખતે ૨ તબક્કામાં જ ચૂંટણી યોજવાની જાહેરાત કરીને ચૂંટણી પંચે આડકતરી રીતે રીતે બંગાળમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સુધરી હોવાનું સ્વીકાર્યું છે.

દેશના રાજકારણમાં આ પાંચેય રાજ્યો મહત્ત્વનાં છે કેમ કે પાંચમાંથી ત્રણ રાજ્યોમાં ભાજપ વિરોધી પક્ષોની સરકારો છે અને આ સરકારો પાછી ભાજપ માટે માથાનો દુઃખાવો બની રહી છે. વાસ્તવમાં દેશમાં લોકશાહી છે અને મજબૂત વિપક્ષ છે તેનો અહેસાસ આ રાજ્યોની સરકારોના કારણે જ થાય છે. ભાજપ માટે આસામ જાળવવું આબરૂનો સવાલ છે તો કોંગ્રેસ પણ આસામ, કેરળ અને પુડુચેરીમાં સત્તા મેળવવાનાં સપનાં જુએ છે કે જેથી તેને ગંભીરતાથી લેવાય.

જો કે અસલી પરીક્ષા મમતા બેનરજી, એમ. કે. સ્ટાલિન અને પિનારાયી વિજયનની છે. પશ્ચિમ બંગાળમાં મમતા બેનરજીની તૃણમૂલ કોંગ્રેસ, તમિળનાડુમાં એમ.કે. સ્ટાલિનની ડીએમકે અને કેરળમાં પિનારાયી વિજયનની સીપીએમના નેતૃત્વ હેઠળની ડાબેરા સરકારે ભાજપ સામે ઝીંક ઝીલીને પણ અસ્તિત્વ ટકાવી રાખ્યું છે. આ એવા પક્ષો છે કે જે ૨૦૧૪થી શરૂ થયેલી ભાજપની આંધીમાં પણ અડીખમ રહ્યા છે અને પોતાના ઝંડાને પડવા દીધો નથી.

આ પૈકી તમિળનાડુ અને કેરળમાં ભાજપ બહુ મજબૂત નથી પણ પશ્ચિમ બંગાળમાં તો ભાજપ ખાસ્સો મજબૂત છે અને મુખ્ય વિરોધ પક્ષ પણ છે. ભાજપે ૨૦૧૪માં કેન્દ્રમાં સત્તા કબજે કરી પછી પશ્ચિમ બંગાળમાં પહેલી ચૂંટણી ૨૦૧૬માં યોજાઈ હતી. એ વખતે ભાજપની લહેર પુરજોશમાં હતી અને ભાજપે મમતા બેનરજીને પછાડવા પૂરી તાકાત લગાવી દીધેલી પણ મમતા સામે ભાજપ ફેંકાઈ ગયેલો. ૨૦૨૧માં ભાજપે મમતાને મુસ્લિમોના મસિહા ચિતરીને હિંદુત્વનો માહોલ પેદા કરવામાં કોઈ કસર નહોતી છોડી. મમતા બેનરજીની પાર્ટીમાંથી તોડી તોડીને ભાજપે નેતાઓને ભેગા કરેલા ને તેમના જોરે મમતાને પછાડવાની પણ પુરજોશ કોશિશ કરેલી પણ મમતા સામે ફરી પછડાટ મળી.

ભાજપ આ વખતે મૂંઝાયેલો છે ને મમતા સામે શું વ્યૂહરચના અપનાવવી એ નક્કી નથી કરી શકતો. મમતાએ રાષ્ટ્રપતિનું અપમાન કરી નાખ્યું એવા સાવ છૂંછાં જેવા મુદ્દા ભાજપ ચગાવે છે પણ તેના કારણે ભાજપની તરફેણમાં માહોલ પેદા થતો નથી. બીજી તરફ મમતાએ મતદાર યાદીમાંથી નામો કાઢી નાખવાથી માંડીને ચૂંટણી પંચની જોહુકમી સુધીના મુદ્દા ચગાવી દીધા છે. ભાજપ પાસે ચૂંટણી પંચ છે અને તેના તાબા હેઠળની મશીનરી છે જ્યારે મમતા કાગનો વાઘ કરીને લોકોનાં માનસ બદલી નાખવામાં માહિર છે તેથી આ વખતે પણ જોરદાર જંગ જામશે. મમતા ભાજપની પછાડવાની હેટ્રિક કરવા લડી રહ્યાં છે જ્યારે ભાજપ દિલ્હીમાં અરવિંદ કેજરીવાલને ઉખાડી ફેંક્યા એ ઈતિહાસનું પુનરાવર્તન કરવા થનગની રહ્યો છે તેથી ખરાખરીનો જંગ છે.

તમિળનાડુમાં ભાજપ ચિત્રમાં નથી પણ એઆઈએડીએમકે સાથે જોડાણ કરીને ડીએમકેને સત્તામાંથી ઉખાડી ફેંકવા માગે છે. એઆઈએડીએમકે પહેલાં એમ.જી. રામચંદ્રનન ને પછી જયલલિતાના સમયમાં ભારે જોરાવર હતી. એમજીઆરની લોકપ્રિયતા તો એવી હતી કે, ડીએમકેના કરૂણાનિધી સાવ ફેંકાઈ જ ગયેલા. એમજીઆરના નિધન પછી તેમને ફરી બેઠા થવાની તક મળી. જયલલિતા બીજાં એમજીઆર સાબિત ના થયાં પણ એઆઈએડીએમકેને સાવ પતી જવા પણ ના દીધી.

જયલલિતાના નિધન પછી નોંધારી બનેલી એઆઈએડીએમકે જૂથવાદમાં પતી ગયેલી છે તેથી તેના સહારે ભાજપ ડીએમકેને સત્તામાંથી ખદેડી શકે એ વાતમાં માલ નથી પણ ભાજપને ફિલ્મ સ્ટારમાંથી રાજકારણી બનેલા વિજયનના કારણે આશા જાગી છે. વિજયન પણ ડીએમકેની જેમ તમિળ ગૌરવની ભાષા બોલે છે તેથી ડીએમકેના મત તોડશે એવી ભાજપને આશા છે. બે બિલાડીની લડાઈમાં વાંદરો ફાવી ગયેલો એ રીતે વિજયન સ્ટાલિનની લડાઈમાં પોતાના જોડાણને ફાયદો થશે એવી ભાજપની આશા ફળશે કે નહીં એ ખબર નથી પણ વિજયન એન્ટ્રીના કારણે તમિળનાડુનો જંગ રસપ્રદ બની ગયો છે.

કેરળમાં પણ ભાજપ ચિત્રમાં નથી ને ડાબેરીઓને હરાવીને સત્તા કબજે કરે એવી કોઈ શક્યતા નથી પણ જે રીતે લોકસભામાં પહેલી વાર જીતેલો એ રીતે વિધાનસભામાં પણ સારો દેખાવ કરવાની તેને આશા ચોક્કસ છે. કેરળમાં આબરૂ ભાજપની નહીં પણ ડાબેરીઓની દાવ પર લાગેલી છે. એક સમયે પશ્ચિમ બંગાળ, કેરળ અને ત્રિપુરામાં એકચક્રી શાસન ભોગવનારા ડાબેરીઓ પાસે હવે કેરળનો જ ગઢ બચ્યો છે. પિનારાયી વિજયને સળંગ બે વાર ડાબેરીઓને જીતાડીને ઈતિહાસ રચેલો પણ વખતે કોંગ્રેસને સત્તા કબજે કરવાની આશા છે તેથી આ જંગ રસપ્રદ છે.

કોંગ્રેસ આસામમાં પણ ભાજપના વિજયરથને રોકવાની આશા રાખે છે. આસામમાં હિંદુ વર્સીસ મુસ્લિમ મતોના ધ્રુવીકરણના કારણે ભાજપને હરાવવો મુશ્કેલ લાગે છે . આંતરિક જૂથવાદમાં અટવાયેલી કોંગ્રેસ ભાજપની જીતની હેટ્રિકને રોકી શકે એવી આશા વધારે પડતી છે પણ કોંગ્રેસ આ આશા રાખીને બેઠી છે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર વસંતઋતુ, મંગળવાર, તા. ૧૭-૩-૨૦૨૬, શિવરાત્રિ, પંચક

- ભારતીય દિનાંક ૨૬, માહે ફાલ્ગુન, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, ફાલ્ગુન વદ-૧૩
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે ફાલ્ગુન, તિથિ વદ -૧૩
- પારસી શહેનશાહી રોજ ૫મો સ્પેન્દાર્મદ, માહે ૮મો આવાં, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૫મો સ્પેન્દાર્મદ, માહે ૯મો આદર, સને ૧૩૯૫
- પારસી ફસલી ગાથા-૨ ઉશ્તવદ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૭મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૯મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૭
- નક્ષત્ર શતભિષા મધ્યરાત્રિ પછી ક. ૩૦-૦૮ સુધી (તા. ૧૮), પછી પૂર્વાભાદ્રપદા
- ચંદ્ર કુંભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કુંભ (ગ, સ, શ, ષ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ.૪૭, અમદાવાદ ક. ૦૬ મિ. ૪૮, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૭, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૮, સ્ટા. ટા.

-● : મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-

- ભરતીઃ સવારે ક. ૧૧-૦૩, રાત્રે ક. ૨૩-૨૭
- ઓટઃ સાંજે ક. ૧૭-૦૪, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૩૫ (તા. ૧૮)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, ફાલ્ગુન – કૃષ્ણ ત્રયોદશી. શિવરાત્રિ, પંચક, વારુણીયોગ રાત્રે ક. ૦૯-૨૪ સુધી. ભદ્રા સવારે ક. ૦૯-૨૨થી રાત્રે ક. ૨૦-૫૯
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ મહાબલિ હનુમાનજીનું પૂજન, હનુમાન ચાલીસા, સુંદરકાંડ, બજરંગ બાણ વાંચન, મંગળ-રાહુ ગ્રહદેવતાનું પૂજન, વરુણ દેવતાનું પૂજન, પાટ-અભિષેક પૂજા, વૃક્ષ વાવવા, ધાન્ય વેંચવું.
- આચમનઃ ચંદ્ર-રાહુ યુતિ મતલબી, ચંદ્ર-બુધ યુતિ ચાલાક, ચંદ્ર-મંગળ યુતિ અવિચારી.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-રાહુ યુતિ, ચંદ્ર-બુધ યુતિ, ચંદ્ર-મંગળ યુતિ (તા. ૧૮) ચંદ્ર ક્રાંતિવૃત્ત પર આવી ઉત્તરે થશે.
- ગ્રહગોચરઃ સૂર્ય-મીન, મંગળ-કુંભ, વક્રી બુધ-કુંભ (બુધ દેખાશે), માર્ગી ગુરુ-મિથુન, શુક્ર-મીન, (શુક્ર પશ્ચિમમાં દેખાશે) માર્ગી શનિ-મીન (શનિ અસ્ત) રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર.

# આર્મેનિયાની મદદથી ઈરાનમાંના ૫૫૦ ભારતીયોને પાછા લવાયા

નવી દિલ્હીઃ ભારતે ઈરાનમાંથી ૫૫૦થી વધુ નાગરિકોને આર્મેનિયાની મદદથી સુરક્ષિત રીતે બહાર કાઢ્યા છે. વિદેશ પ્રધાન એસ. જયશંકરે આર્મેનિયા સરકારનો મદદ કરવા બદલ આભાર માન્યો હતો.

પશ્ચિમ એશિયામાં વધી રહેલા તણાવને ધ્યાને લઇને ભારત ઈરાનમાં ફસાયેલા ભારતીય નાગરિકોને ભારત પાછા ફરવા માટે આર્મેનિયા જવા માટે સતત અપીલ કરી રહ્યું છે. હાલ બ્રસેલ્સની મુલાકાતે રહેલા જયશંકરે જણાવ્યું કે અત્યાર સુધીમાં ૫૫૦થી વધુ ભારતીય નાગરિકોને ઈરાનમાંથી સુરક્ષિત રીતે બહાર કાઢવામાં મદદ કરવા બદલ હું આર્મેનિયાની સરકાર અને લોકોનો આભાર માનું છું. આ મુશ્કેલ પરિસ્થિતિઓમાં અમે તેમના સહયોગની પ્રશંસા કરીએ છીએ, એમ તેમણે સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું.

ગત સપ્તાહે વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે ઈરાનમાં લગભગ ૯,૦૦૦ ભારતીય નાગરિકો રહે છે. ભારત સરકાર અઝરબૈજાન અને આર્મેનિયાના રસ્તે ભારત પરત ફરવા માંગતા ભારતીય નાગરિકોની મદદ કરી રહી છે. આ ભારતીય નાગરિકોમાં વિદ્યાર્થીઓ, ખલાસીઓ, વેપારીઓ, વ્યાવસાયિકો અને યાત્રાળુઓ સામેલ છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે ભારત અગાઉ ઘણા ભારતીય નાગરિકો(જેમાં વિદ્યાર્થીઓ અને યાત્રાળુઓ સામેલ છે)ને તેહરાનથી ઈરાનના અન્ય સલામત વિસ્તારો અને શહેરોમાં ખસેડી ચૂક્યું છે.

# 'વન બેટલ આફ્ટર અનધર'નો ફિલ્મનો રહ્યો ઓસ્કર્સમાં દબદબો

### પ્રિયંકા ચોપરા જોનસ પ્રેઝન્ટર તરીકે હાજરઃ ધર્મેન્દ્રને કાર્યક્રમમાં ન અપાઈ સ્મરણાંજલિ

લોસ એન્જલસઃ પોલ થોમસ એન્ડરસનની વન બેટલ આફરર અનધરને લોસ એન્જલસના પ્રતિષ્ઠિત ડોલ્બી થિયેટરમાં યોજાયેલા ૯૮મા એકેડેમી અવોર્ડ્સ (ઓસ્કર્સ ૨૦૨૬)માં શ્રેષ્ઠ ફિલ્મનો ખિતાબ મળ્યો હતો.

આ એવોર્ડ નાઈટમાં પોલ થોમસ એન્ડરસનની ફિલ્મ 'વન બેટલ આફટર અનધર'નો દબદબો જોવા મળ્યો હતો. આ ફિલ્મે કુલ ૧૩ નોમિનેશનમાંથી 'બેસ્ટ પિક્ચર' સહિત ૬ મહત્વના એવોર્ડ્સ પોતાના નામે કર્યા હતા. આ સાથે જ પોલ થોમસ એન્ડરસને 'બેસ્ટ ડાયરેક્ટર' અને 'બેસ્ટ અડાપ્ટેડ સ્ક્રીનપ્લે' નો એવોર્ડ પણ જીત્યો હતો.

પ્રખ્યાત કોમેડિયન કોનન ઓ'બ્રાયને સતત બીજી વખત આ પ્રતિષ્ઠિત કાર્યક્રમના હોસ્ટ તરીકેની જવાબદારી નિભાવી હતી. અન્ય મુખ્ય વિજેતાઓની વાત કરીએ તો, માઈકલ બી. જોર્ડનને ફિલ્મ 'સીનર્સ' માટે 'બેસ્ટ એક્ટર' અને જેસી બકલેને ફિલ્મ 'હેમનેટ' માટે 'બેસ્ટ એક્ટ્રેસ'નો એવોર્ડ મળ્યો હતો. શોન પેનને 'વન બેટલ આફ્ટર અનધર' માટે 'બેસ્ટ સપોર્ટિંગ એક્ટર' જાહેર કરવામાં આવ્યા હતા, જ્યારે એમી મેડિગને 'વેપન્સ' માટે 'બેસ્ટ સપોર્ટિંગ એક્ટ્રેસ'નો એવોર્ડ જીત્યો હતો. ઇન્ટરનેશનલ ફીચર ફિલ્મ કેટેગરીમાં 'સેન્ટિમેન્ટલ વેલ્યુ' વિજેતા બની હતી અને એનિમેટેડ ફીચર ફિલ્મમાં 'કે-પોપ ડેમન હન્ટર્સ' એ બાજી મારી હતી.

ભારત માટે આ ઓસ્કર મિશ્ર પ્રતિસાદ લાવ્યું છે. ગ્લોબલ આઈકોન પ્રિયંકા ચોપરા જોનસે આ સમારોહમાં પ્રેઝન્ટર તરીકે હાજરી આપી ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. પ્રિયંકાએ હાવિયર બ્રેડમ સાથે બેસ્ટ ઇન્ટરનેશનલ ફીચર ફિલ્મનો અવોર્ડ એનાયત કર્યો હતો. જોકે એક મલાલ ભાપતીય સિનેચાહકોને એ રહી જશે કે ઓસ્કર્સના મેમોરિયાલ સેગમેન્ટમાંથી હીમેન ધર્મન્દ્રની બાદબાકી કરવામાં આવી હતી. અન્યે વર્લ્ડ સિનેસ્ટાર્સ સાથે ધર્મેન્દ્રને પણ સ્મારણાંજલિ આપવામાં આવી હોત તો સારું થાત.

આ ઉપરાંત, ઇન્ડિયન-અમેરિકન ફિલ્મ પ્રોડ્યુસર ગીતા ગાંધબીરની ફિલ્મોને 'બેસ્ટ ડોક્યુમેન્ટરી ફીચર' અને 'શોર્ટ ફિલ્મ' કેટેગરીમાં નોમિનેશન મળ્યા હતા. જોકે, ડાયરેક્ટર નીરજ ઘેયવાનની ફિલ્મ 'હોમબાઉન્ડ' બેસ્ટ ઇન્ટરનેશનલ ફીચર ફિલ્મની અંતિમ પાંચ યાદીમાં સ્થાન મેળવવામાં અસફળ રહી હતી.

# હોર્મુઝ ખોલવામાં મદદ કરો નહીં તો...: ટ્રમ્પની ખુલ્લી ધમકી

વોશિંગ્ટનઃ મિડલ-ઈસ્ટમાં ચાલી રહેલા તણાવની અસર ખાસ કરીને દરિયાઈ વેપાર પર જોવા મળી રહી છે. ત્યારે હવે અમેરિકી રાષ્ટ્ર પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ સ્ટ્રેટ ઓફ હોર્મુઝને ખોલવા માટેની તૈયારી કરતાં નજરે ચડયા છે. આ માટે ટ્રમ્પ એક વૈશ્વિક ગઠબંધન બનાવવાની વિચારણા કરી રહ્યા છે, જેમાં જે દેશ સામેલ થશે તેના જહાજોને પસાર થવા દેવા માટે અમેરિકા યુદ્ધ જહાજ મોકલી શકે છે. જોકે આ યોજનામાં હજુ સુધી કોઈ પણ દેશે હોંકારો ભણ્યો નથી. ઓસ્ટ્રેલિયાએ તો યુદ્ધ જહાજ મોકલવા બાબતે સ્પષ્ટ ઇનકાર કરી દિધો છે.

ટ્રમ્પે કડક વલણ અપનાવતા કહ્યું હતું કે આ સુરક્ષાની જરૂરિયાત અમેરિકા કરતા અમુક દેશોને વધુ છે. તેમણે બ્રિટન જેવા દેશોના મોડા પ્રતિસાદ પર નારાજગી વ્યક્ત કરતા જણાવ્યું કે તેમને સમર્થન યુદ્ધ જીત્યા પછી નહીં, પણ યુદ્ધ શરૂ થતા પહેલા જોઈતું હતું. ટ્રમ્પે ચેતવણીના સૂરમાં ઉમેર્યું કે હવે ભલે તેમને અન્ય દેશોનો ટેકો મળે કે ન મળે, પરંતુ જે દેશોએ અત્યારે મદદ કરવાનો ઈનકાર કર્યો છે તેને અમેરિકા નહીં ભૂલે.

ટ્રમ્પની અપીલ પર અત્યાર સુધી કોઈ દેશે ખુલીને સમર્થન આપ્યું નથી. ઓસ્ટ્રેલિયાએ આ મિશનમાં પોતાના યુદ્ધજહાજો મોકલવાનો સ્પષ્ટ ઈન્કાર કરી દીધો છે, જ્યારે અન્ય સાથી દેશો પણ આ મામલે ટાળમટાળ કરી રહ્યા છે. ટ્રમ્પે ચીન, ફ્રાન્સ, જાપાન, દક્ષિણ કોરિયા અને બ્રિટન જેવા દેશોને આગ્રહ કર્યો હતો કે તેઓ પોતાની ઊર્જા સુરક્ષા માટે આ માર્ગ ખુલ્લો કરાવવામાં સહયોગ આપે. અમેરિકાએ સ્પષ્ટ કર્યું છે કે તેઓ તટરેખા પર બોમ્બમારો ચાલુ રાખશે અને ઈરાની નૌકાઓને નિશાન બનાવશે.

# એર ઈન્ડિયાની ફ્લાઈટનું આયર્લેન્ડમાં ઈમર્જન્સી લૅન્ડિંગ

નવી દિલ્હીઃ ન્યૂ યોર્કથી દિલ્હી આવી રહેલી એર ઇન્ડિયાની ફ્લાઇટમાં અચાનક ટેકનિકલ ખામી સર્જાતા હજારો ફૂટની ઊંચાઈએ મુસાફરોના શ્વાસ અદ્ધર થઈ ગયા હતા. ગઈ કાલે વહેલી સવારે બનેલી આ ઘટનામાં પાઇલટે સાવચેતીના ભાગરૂપે વિમાનને અધવચ્ચેથી જ આયર્લેન્ડ તરફ વાળી દેવાનો નિર્ણય લીધો હતો. આ ઘટનાને પગલે એરપોર્ટ પર સુરક્ષા વ્યવસ્થા સઘન કરી દેવામાં આવી હતી, જોકે સદનસીબે મોટી દુર્ઘટના ટળી છે.

પંદરમી માર્ચના ન્યૂ યોર્કથી દિલ્હી આવવા રવાના થયેલી ફ્લાઇટ એઆઈ૧૦૨ને આયર્લેન્ડના શૈનન એરપોર્ટ પર ઇમર્જન્સી ડાઇવર્ટ કરવામાં આવી હતી. એર ઇન્ડિયાના પ્રવક્તાએ પુષ્ટિ કરી છે કે ટેકનિકલ સમસ્યાની આશંકા જણાતા સ્થાનિક સમય મુજબ સવારે ૪:૩૦ વાગ્યે વિમાનનું સુરક્ષિત લેન્ડિંગ કરાવવામાં આવ્યું હતું. વિમાનમાં સવાર તમામ ૩૦૦ મુસાફરો અને ક્રૂ મેમ્બર્સ સંપૂર્ણપણે સુરક્ષિત હોવાનું જણાવાયું છે.

એર ઇન્ડિયા દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે મુસાફરોની સુરક્ષા એરલાઇન માટે સર્વોચ્ચ પ્રાથમિકતા છે. વિમાનમાં ક્ષતિ દેખાતા જ કોઈ પણ પ્રકારનું જોખમ લીધા વિના પ્રોટોકોલ મુજબ તેને નજીકના એરપોર્ટ પર ઉતારવામાં આવ્યું હતું. હાલમાં એરલાઇનના એન્જિનિયર અને નિષ્ણાતો દ્વારા સ્થાપિત સુરક્ષા માપદંડો હેઠળ એરક્રાફ્ટની ઝીણવટભરી તપાસ કરવામાં આવી રહી છે જેથી ખામીનું ચોક્કસ કારણ જાણી શકાય.

# ૨૦૨૫માં ૪૪૨ અબજ ડૉલર નાણાકીય ફ્રૉડમાં ચવાઈ ગયા

### ઈન્ટરપોલના અહેવાલ મુજબ એઆઈનો આમાં મોટો હાથઃ ૨૦૨૬માં આ આંકડો આના કરતાંય ઘણો વધી જવાની શક્યતા છે

લંડનઃ ઇન્ટરપોલ દ્વારા સોમવારે જાહેર કરવામાં આવેલા 'ગ્લોબલ ફાઇનાન્શિયલ ફ્રોડ થ્રેટ એસેસમેન્ટ ૨૦૨૬' અહેવાલ મુજબ, વર્ષ ૨૦૨૫માં નાણાકીય છેતરપિંડી દ્વારા વૈશ્વિક અર્થતંત્રમાંથી ૪૪૨ અબજ યુએસ ડોલરથી વધુની રકમની ઉચાપત કરવામાં આવી છે. અહેવાલમાં નાણાકીય છેતરપિંડી સંબંધિત એકંદર વૈશ્વિક જોખમને ઉચ્ચ શ્રેણીમાં રાખવામાં આવ્યું છે. લિયોન સ્થિત આ વૈશ્વિક પોલીસ સહકાર સંસ્થાએ જણાવ્યું હતું કે ઠગબાજો હવે 'એજન્ટિક આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ'નો ઉપયોગ કરી રહ્યા છે, જે જાસૂસીથી લઈને ખંડણીની માગણી સુધીની સંપૂર્ણ છેતરપિંડીની યોજનાઓ સ્વાયત્ત રીતે ઘડી શકે છે અને તેનો અમલ કરી શકે છે. સોમવારે બહાર પાડવામાં આવેલી અહેવાલની બીજી આવૃત્તિમાં ચેતવણી આપવામાં આવી છે કે એઆઈ-આધારિત છેતરપિંડી પરંપરાગત પદ્ધતિઓ કરતા ૪.૫ ગણી વધુ નફાકારક છે, કારણ કે એજન્ટિક એઆઈ સિસ્ટમ્સ હવે સંપૂર્ણ છેતરપિંડી અભિયાનોનું સ્વાયત્ત રીતે આયોજન અને અમલ કરવામાં સક્ષમ છે, જે ગુનેગારો માટે શક્તિવર્ધક સાબિત થઈ રહી છે. પીડિતોના ઓળખપત્રો મેળવવાથી લઈને મનોવૈજ્ઞાનિક રીતે તૈયાર કરાયેલા ખંડણીના પત્રો તૈયાર કરવા સુધી, ઠગબાજોએ એશિયા-પેસિફિક ક્ષેત્રમાં છેતરપિંડીથી નાણાં ટ્રાન્સફર કરાવવા માટે રીઅલ-ટાઇમ ફોન કોલ્સ દરમિયાન કોર્પોરેટ એક્ઝિક્યુટિવ્સના અવાજની નકલ કરવા ડીપફેક ઓડિયોનો ઉપયોગ કર્યો છે.

'ઇન્ટરપોલ ગ્લોબલ ફાઇનાન્શિયલ ફ્રોડ થ્રેટ એસેસમેન્ટ' શીર્ષક ધરાવતો આ અહેવાલ ''વૈશ્વિક છેતરપિંડી કટોકટી'' નું ગંભીર વિશ્લેષણ રજૂ કરે છે, જે આ છેતરપિંડીઓને એવા ''બહુવિધ ગુનાહિત વાતાવરણ'' તરીકે વર્ણવે છે જ્યાં ડ્રગ ટ્રાફિકિંગ જેવા પરંપરાગત ગુનાઓ હવે ઇન્ટરનેટ દ્વારા સંચાલિત અત્યંત આધુનિક અને ટેક્નોલોજી આધારિત કૌભાંડો સાથે ભળી રહ્યા છે.

## પહેલા પાનાનું ચાલુ

### વિશ્વભરમાં ઈંધણની

ડૉલર થયા છે. આ ભાવ એક સમયે ૧૨૦ અમેરિકન ડૉલર થયા હતા.

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે મેં સાત દેશોને હોર્મુઝને ખોલવા માટે યુદ્ધજહાજો મોકલવાનો અનુરોધ કર્યો હતો. જોકે તેમના અનુરોધ છતાં કોઈ દેશે ટ્રમ્પને ખાતરી આપી નથી. યુરોપિયન યુનિયન (ઈયુ)એ તો હોર્મુઝ ખાડીમાં લશ્કર મોકલતા પહેલાં ટ્રમ્પ પાસે ઈરાન યુદ્ધ સંબંધી યોજના અને એ ક્યારે પૂરું થશે એની વિગતો માગી છે

ભારતે તો સ્પષ્ટ કરી દીધું છે કે ભારત હોર્મુઝ ખુલ્લું કરવા માટે યુદ્ધજહાજો મોકલવાના ટ્રમ્પના અનુરોધ અંગે વાકેફ છે. અમને ખબર છે કે અનેક દેશો આ અંગે વિચારી રહ્યા છે. જોકે અમે આની દ્વિપક્ષીય સ્તરે ચર્ચા કરી નથી. ઈરાને દુબઈ હવાઈમથકે ડ્રોન વડે હુમલો કરતાં થોડા કલાકો માટે હવાઈમથક બંધ કરવામાં આવ્યું હતું. ડ્રોન ઈંધણની ટેન્ક સાથે અથડાયું હતું. આનાથી મોટી આગ લાગી હતી.

આ અથડામણને લીધે વિશ્વ અર્થતંત્રની કમર તૂટી ગઈ છે. એનર્જી અને ખાતરના ભાવ વધી ગયા છે. ગરીબ દેશોમાં ફૂડની અછત ઊભી થઈ છે. સેન્ટ્રલ બૅન્કો મોંઘવારીને કાબૂમાં લાવવા પ્રયત્નશીલ છે. મોટા ભાગની સમસ્યા હોર્મુઝ બંધ થવાથી ઊભી થઈ છે. (એજન્સી)

### ભારતે એક-એક

સવારે ૬:૩૦ વાગ્યે કંડલા બંદર પર પહોંચવાની અપેક્ષા છે. આ જહાજમાં લગભગ ૪૬,૦૦૦ મેટ્રિક ટન એલપીજી છે. આમ આ બંને ખૂબ મોટા ગેસ કેરિયર્સ વીએલજીસીએસ મળીને લગભગ ૯૨,૭૦૦ મેટ્રિક ટન એલપીજી લાવી રહ્યા છે, જે લગભગ ૬૮ લાખ ઘરેલું સિલિન્ડર ભરવા માટે પૂરતું છે. ભારતનો સરેરાશ દૈનિક વપરાશ લગભગ પંચાવન લાખ સિલિન્ડરનો છે.

સરકારે રવિવારે કહ્યું હતું કે તે પશ્ચિમ એશિયાની પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી રહી છે અને સાથે ઈંધણ પુરવઠા અને નાવિકોની સલામતીનો ખ્યાલ રાખી રહી છે. જહાજ જગ લાડકી મુર્બન ક્રૂડ ઑઈલ લઈને ભારતીય સમય મુજબ સવારના સાડાદસ વાગ્યે ફુજૈરામાંથી બહાર નીકળ્યું હતું. તે ભારત આવી રહ્યું છે. જહાજના કર્મચારીઓ સલામત છે, એમ સરકારે એક યાદીમાં જણાવ્યું હતું. વોર ઝોનમાંથી સલામત બહાર આવનારું જગ લાડકી ચોથું ભારતીય જહાજ છે. આ સલામત મુસાફરી ભારતીય મુત્સદ્દીગીરની નવી સિદ્ધિ છે. હોર્મુઝની સામુદ્રધુનીમાં અંકુશો ઈરાને મૂક્યા હોવાથી ભારતના એનર્જી સપ્લાઈ પર આની માઠી અસર પડી છે. (એજન્સી)

### યુદ્ધ તત્કાળ અટકાવો

વાતચીત કરી રહ્યું છે. હોર્મુઝને ખુલ્લો અને સલામત રાખવા યુદ્ધજહાજોને મોકલવાનો અનુરોધ કર્યો છે. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવકતા લિન જિઆને પત્રકાર પરિષદમાં કહ્યું હતું કે હોર્મુઝ સામુદ્રધુની અને આસપાસના સમુદ્રમાં હાલમાં વધેલી તંગદિલીને લીધે આંતરરાષ્ટ્રીય ઊર્જા તથા માલના પ્રવાહ પર માઠી અસર પડી છે. તદુપરાંત આને લીધે પ્રાદેશિક શાંતિ અને વૈશ્વિક સ્થિતરતા ખોરવાઈ ગઈ છે.

ટ્રમ્પે ઈશારો કર્યો હતો કે હું કદાચ આ મહિનાના અંતમાં ચીનની મુલાકાત મોકૂફ કરું. ટ્રમ્પે તેમની સૂચિત મુલાકાતને હોર્મુઝ ખોલવાની તેમની અપીલના બેઈજિંગના જવાબ સાથે સાંકળી કહ્યું હતું કે હું આખા વિશ્વમાં ચીન તેલ માટે પશ્ચિમ એશિયા પર વધુ મદાર રાખતું હોવાથી તેણે હોર્મુઝ ખોલવામાં મદદ કરવી જોઈએ. (એજન્સી)

### રાજ્યસભા ચૂંટણી

ચાર પ્રથમ પસંદગીના મતો દ્વારા ચૂંટાયા હતા, જ્યારે એકને બીજા પસંદગીના મતોને ધ્યાનમાં રાખીને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા.'' જોકે, તેમણે સ્પષ્ટ કર્યું ન હતું કે પાંચમાંથી કયા ઉમેદવાર બીજી પસંદગીના મતોના આધારે જીત્યા છે.

આ ચૂંટણીમાં પાંચ બેઠકો માટે કુલ છ ઉમેદવારો મેદાનમાં હતા, જેના કારણે બિહારમાં એક દાયકા પછી પ્રથમ વખત મતદાનની જરૂર પડી હતી. ૨૦૧૪ થી અહીં તમામ રાજ્યસભા સાંસદો બિનહરીફ ચૂંટાતા આવ્યા હતા.

બિહારની સાથે હરિયાણામાં પણ રાજ્યસભાની બે બેઠકો માટે મતદાન થયું હતું, પરંતુ ભાજપ અને કોંગ્રેસ દ્વારા મતના ગોપનીયતાના ભંગના આક્ષેપોને કારણે ત્યાં મતગણતરીમાં વિલંબ થયો હતો. ભાજપે કોંગ્રેસના બે ધારાસભ્યો વિરુદ્ધ ચૂંટણી પંચમાં ફરિયાદ નોંધાવી છે.

### ચૂંટણી પંચે

આદેશનો તત્કાળ અમલ થવો જોઈએ અને રાજ્ય સરકારને સોમવારે બપોરના ત્રણ વાગ્યે આ આદેશનું પાલન થયું એવો સંદેશો મોકલવા કહ્યું છે.

પંચે કહ્યું છે કે જે લોકોને હોદ્દા પરથી ટ્રાન્સફર કરવામાં આવ્યા છે તેમને ચૂંટણી પૂરી ન થાય ત્યાં સુધી ચૂંટણી લગતા કામકાજ ન દેવા. વિધાનસભાની ચૂંટણી ૨૩ એપ્રિલ અને ૨૯ એપ્રિલે થશે અને મતગણતરી ચોથી મેએ થશે. (એજન્સી)

### ઊના દલિતકાંડમાં

વિગતો અનુસાર વર્ષ ૨૦૧૬ની ૧૧મી જુલાઈના રોજ ઊનાના મોટા સમઢિયાળા ગામમાં દલિત સમાજના સાત સભ્યને ગૌહત્યાના કથિત આરોપ મામલે ઢોરમાર મારવામાં આવ્યો હતો. તે સમયના અહેવાલો અનુસાર તેમને કાર સાથે બાંધી, લાકડીઓ, પાઈપ સહિતના હથિયારોથી માર મારી અમાનુષી અત્યાચાર ગુજારવામાં આવ્યો હતો. આ કેસમાં ચાર પોલીસ અધિકારી સહિત ૪૨ જણની ધરપકડ કરવામાં આવી હતી. આ ઘટનાના પ્રત્યાઘાતો દેશભરમાં પડ્યા હતા.

માર માર્યાનો વીડિયો વાયરલ થયા બાદ ગુજરાતના વિવિધ ભાગોમાં આંદોલનો થયા હતા. અમુક આંદોલન હિંસક પણ બન્યા હતા. આ ઘટનાની રાષ્ટ્રીય કક્ષાએ ગંભીર નોંધ લેવાઈ હતી.

### ઓડિશામાં સરકારી

મૃત્યુ પામેલા દર્દીઓ પ્રત્યે શોક વ્યક્ત કર્યો હતો. તેમજ પીએમએનઆરએફમાંથી પ્રત્યેક મૃતકના પરિવારને બે લાખ અને ઘાયલોને ૫૦,૦૦૦ રૂપિયાનું વળતર આપવાની જાહેરાત કરી હતી.

મોદીએ મુખ્ય પ્રધાન માઝી સાથે ટેલિફોનિક વાતચીત કરી અને પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. મુખ્ય પ્રધાને પ્રત્યેક મૃતકના પરિજનોને પચ્ચીસ લાખ રૂપિયાની આર્થિક સહાય આપવાની જાહેરાત કરી હતી.

### સિનિયર સિટિઝનોને

પણ સમાન માગ કરી હતી. તેમણે સરકારને વરિષ્ઠ નાગરિકો, પત્રકારો અને સાંસ્કૃતિક કાર્યકરો માટે ટ્રેન ભાડામાં આપવામાં આવતી છૂટ વહેલી તકે શરૂ કરવાની અપીલ કરી હતી. જેડીયુના સાંસદ કૌશલેન્દ્ર કુમારે કહ્યું કે સરકારે વરિષ્ઠ નાગરિકો અને પત્રકારો માટે સવલત ફરી શરૂ કરવા પર વિચાર કરવો જોઇએ.

ચર્ચામાં ભાગ લેતા ભાજપ સાંસદ ગણેશ સિંહે રેલવેમાં સર્વાંગી વિકાસ લાવવા બદલ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવની પ્રશંસા કરી હતી.

# રાજ્યના પીએનજીધારકોએ એલપીજી કનેક્શન સરેન્ડર કરવા પડશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં એલપીજી ગેસનો પુરવઠો પૂરતા પ્રમાણમાં છે અને બફર સ્ટોકમાં પણ વધારો થઈ રહ્યો છે, તેવી સ્પષ્ટતા રાજ્ય સરકારે કરી હતી. અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગના અધિક મુખ્ય સચિવ મોના ખંધારે પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે

રાજ્યમાં નાગરિકો માટે ઘરેલુ એલપીજી સિલિન્ડરનો પૂરતો પુરવઠો ઉપલબ્ધ છે અને બફર સ્ટોકમાં પણ સતત વધારો થઇ રહ્યો છે. કેન્દ્ર સરકાર સાથે સતત સંકલનમાં રહીને રાજ્ય સરકાર દ્વારા તમામ વ્યવસ્થા કરવામાં આવી રહી છે. આ સાથે તેમણે જણાવ્યું હતું કે અત્યારે એલપીજીના ઘરેલુ તથા કોમર્શિયલ વપરાશકર્તાઓને પીએનજીમાં કન્વર્ટ કરવાની પ્રક્રિયાને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. જે વપરાશકર્તાઓ એલપીજી સાથે પીએનજી કનેક્શન ધરાવતા હોય તેમણે બુધવાર સુધીમાં એલપીજી કનેક્શન સરેન્ડર કરવાના રહેશે.

ગ્રામ્ય વિસ્તારો મામલે તેમણે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર દ્વારા ૧૪,૫૨,૦૦૦ લિટર કેરોસીનનો જથ્થો ફાળવવામાં આવ્યો છે, જેમાંથી દરેક જિલ્લાને ૩૬ હજાર લિટર કેરોસીનની ફાળવણી કરવામાં આવી છે. તેમાં પરિવાર દીઠ ૫ લિટર અને સંસ્થા દીઠ ૨૫ લીટર કેરોસીન ફાળવવામાં આવશે. તેના માટે જરૂરી વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે.

આ સાથે રાજ્યમાં હૉસ્પિટલ, શૈક્ષણિક સંસ્થાઓમાં ૧૦૦ ટકા જ્યારે ફાર્મા, ડેરી ઉદ્યોગ, સીડ પ્રોસેસ ઇન્ડસ્ટ્રી, એરલાઇન/રેલવે કેન્ટીનમાં ૭૦ ટકા તેમજ મત્સ્યોદ્યોગ જેવી આવશ્યક સેવાઓમાં ૧૦ ટકા કેપ સાથે કોમર્શિયલ એલપીજી પુરવઠો ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યો છે. તે સિવાય અર્ધ આવશ્યક સેવાઓ જેમ કે રેસ્તરાં/ઢાબા, હોટેલ્સ, કોર્પોરેટ કેન્ટીન, ઔદ્યોગિક કેન્ટીન, કોર્પોરેટ ગેસ્ટ હાઉસ અને ફૂડ પ્રોસેસિંગમાં ૧૦ ટકા કેપ સાથે પુરવઠો ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યો છે, તેમ તેમણે જણાવ્યું હતું.

રાજ્યની તમામ જાહેર ક્ષેત્રની તેમજ ખાનગી ગેસ એજન્સીઓમાં કડક દેખરેખ અને મોનિટરિંગ માટે રેવન્યૂ તથા પોલીસ કર્મચારીઓની નિમણૂક કરવામાં આવી છે. છેલ્લા ૧૨ દિવસમાં જિલ્લા કક્ષાએ ૯૧૨ અને રાજ્ય કક્ષાએ ટીમ દ્વારા ૧૭ કિસ્સાઓમાં તપાસની કામગીરી કરવામાં આવી રહી હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. આ સાથે સરકારે રાજ્યમાં એલપીજી અંગેના કોઈ પ્રશ્ન માટે નાગરિકોને રાજ્ય હેલ્પલાઇન નંબર ૧૮૦૦-૨૩૩-૦૨૨૨નો સંપર્ક કરવા જણાવ્યું હતું. ■

# ઉત્તરવાહિની પંચકોશી નર્મદા પરિક્રમાની ૧૯મીથી શરૂઆત, ૧૦ કરોડના ખર્ચે શ્રદ્ધાળુઓ માટે સુવિધાઓ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આ વર્ષે આગામી ફાગણ વદ અમાસ ૧૯ માર્ચથી ચૈત્ર વદ અમાસ ૧૭ એપ્રિલ ૨૦૨૬ સુધી ચાલનારી આ ૩૦ દિવસીય ઉત્તરવાહિની પંચકોશી નર્મદા પરિક્રમા માટે રાજ્ય સરકારે તડામાર તૈયારીઓ શરૂ કરી દીધી છે. ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ (જીપીવાયવીબી) દ્વારા પરિક્રમા દરમિયાન ઊમટનાર હજારો શ્રદ્ધાળુઓને આરામદાયક સુવિધાઓ ઉપલબ્ધ થાય તે માટે અંદાજે રૂ. ૧૦ કરોડના ખર્ચે મોટા પાયે હંગામી તેમ જ કાયમી માળખાકીય વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવી રહી છે, તેવી માહિતી રાજ્ય સરકારે આપી હતી. શ્રદ્ધાળુઓની વધતી સંખ્યાને ધ્યાનમાં લઈ વધારાના ડોમ શેલ્ટર, મોબાઈલ-ટોયલેટ, વોટર સ્ટેશન, મેડિકલ યુનિટ, ૨૪ X ૭ એમ્બ્યુલન્સ, લાઇટિંગ તથા ઇમર્જન્સી હેલ્પ પોઇન્ટ, વિશાળ વોટરપ્રૂફ ડોમ શેલ્ટરમાં યાત્રાળુઓ માટે ખાટલા, ગાદલા, ઓસીકા, ખુરશીઓ અને બેડશીટ સાથેની બેઠક અને વિશ્રામની વ્યવસ્થા રહેશે. આ સાથે; સ્નાનગૃહ, ચેન્જિંગ રૂમ અને ક્લોક રૂમની વ્યવસ્થા કરવામાં આવશે, જેથી યાત્રાળુઓને કોઈ અગવડ ન પડે. પરિક્રમા માર્ગ પર શ્રદ્ધાળુઓની સુગમતા માટે સેવા કેન્દ્રો અને દુકાનો ઊભી કરવામાં આવી રહી છે. યાત્રાધામ બોર્ડ દ્વારા પરિક્રમા વિસ્તારને સ્વચ્છ અને આરોગ્યપ્રદ રાખવા માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. મહિલાઓ અને પુરુષો માટે અલગ હંગામી શૌચાલય, મોબાઇલ ટોઇલેટ વાન અને સ્નાન સુવિધાઓ ઉપલબ્ધ રહેશે. સતત પાણીપુરવઠો, ડ્રેનેજ અને કચરાના નિકાલ માટે સુવ્યવસ્થિત સવલતો ઊભી કરવામાં આવી છે. એક મહિનાની પરિક્રમા દરમિયાન હાઉસકીપિંગ ટીમો અનેક શિફ્ટોમાં કાર્યરત રહેશે, તેમ સરકારે જણાવ્યું હતું. આ સાથે સુરક્ષા અને વ્યવસ્થા માટે પોલીસ બૂથ, સુરક્ષા કેબિન અને વોચ ટાવર ઊભા કરવામાં આવશે. તાલીમબદ્ધ સુરક્ષા કર્મચારીઓ અનેક શિફ્ટોમાં ફરજ બજાવશે. ભીડને નિયંત્રિત કરવા માટે વિવિધ પ્રકારની બેરિકેડિંગ વ્યવસ્થા તથા ઇન્ફ્રારેડ (આઈઆર) અને રેડિયો ફ્રિક્વન્સી આઇડેન્ટિફિકેશન (આરએફઆઈડી) આધારિત હેડ કાઉન્ટ સિસ્ટમ દ્વારા યાત્રાળુઓની અવર-જવર પર આધુનિક ટેક્નોલોજી દ્વારા નજર રાખવામાં આવશે. આ ઉપરાંત લાઇટિંગ, કોમ્યુનિકેશન અને સર્વેલન્સની આધુનિક સુવિધાઓ પણ અહીં ઉપલબ્ધ કરવામાં આવશે, તેવી માહિતી સરકારે આપી હતી. ■

# ગાંધીનગરના કર્મયોગી ભવનને બૉમ્બથી ઉડાડવાની ધમકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગાંધીનગરમાં આવેલા કર્મયોગી ભવનમાં બૉમ્બ મુકાયાની ધમકી મળતા તંત્રએ તપાસ શરૂ કરી હતી. સેક્ટર-૧૦માં આવેલા ભવનમાં તોલમાપ વિભાગની કચેરીને ઈમેલ દ્વારા ધમકી મળી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

તોલમાપ વિભાગના સત્તાવાર ઈમેલ આઈ ડી પર મેલ મળ્યો હતો. ઘટનાની જાણ થતાં સાવધાની વર્તી તમામ કર્મચારીને બહાર સુરક્ષિત કાઢવામાં આવ્યા હતા અને કેમ્પસ ખાલી કરાવવામાં આવ્યું હતું. તપાસ એજન્સીઓએ ઈમારતની તપાસ કરી હતી. ડૉગ સ્કવૉડની પણ મદદ લેવામાં આવી હતી.

ગુજરાતમાં સરકારી કચેરીઓ, સ્કૂલોને આ રીતે ઈમેલ્સથી ધમકી મળતી રહે છે. આ ધમકી આપનારા સુધી પહોંચવા સાયબર ક્રાઈમ વિભાગ સતત કાર્યરત છે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું. ■

# સાહિત્ય અકાદમીનો વર્ષ ૨૦૨૫નો અવોર્ડ ગુજરાતના વિદ્વાન ભદ્રેશદાસ સ્વામીને

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભારત સરકારનો સાહિત્ય ક્ષેત્રનો સર્વોચ્ચ એવોર્ડ સાહિત્ય અકાદમી દ્વારા આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૫માં એવોર્ડ પ્રાપ્ત કરનાર કૃતિઓની ઘોષણા કરવામાં આવી હતી, જેમાં સંસ્કૃત ભાષાનો એવોર્ડ મહામહોપાધ્યાય સ્વામી ભદ્રેશદાસજીને આપવામાં આવ્યો છે. ભારતની સર્વોચ્ચ સંસ્કૃત કૃતિ તરીકે આ વર્ષે ચયન કરવામાં આવેલ કૃતિનું નામ છેઃ આ ગ્રંથમાં હિન્દુ ધર્મમાં મુખ્ય ગણાતાં ઉપનિષદ, ભગવદ્‌ગીતા અને બ્રહ્મસૂત્ર ઉપરાંત ભગવાન સ્વામિનારાયણ દ્વારા પ્રબોધિત વચનામૃત ગ્રંથનો આધાર લઈને બ્રહ્મ તત્ત્વને ઉજાગર કરવામાં આવ્યું છે. સૂત્રાત્મક રીતે પદ્ય શૈલીમાં રચવામાં આવેલા આ ગ્રંથને વિદ્વાનો દાર્શનિક કાવ્ય તરીકે જુએ છે. આ ગ્રંથની સાહિત્યિક વિશેષતાઓને ધ્યાનમાં રાખીને મૂર્ધન્ય વિદ્વાનોની ચયન સમિતિ દ્વારા શ્રેષ્ઠ કૃતિ તરીકે તેને જાહેર કરવામાં આવેલ છે. આ ગ્રંથમાં ભગવાન સ્વામિનારાયણ દ્વારા પ્રબોધિત તત્ત્વ જ્ઞાનને સાહિત્યિક રજૂ કરવામાં આવ્યું છે. વર્ષ ૨૦૧૮માં પ્રકાશિત આ ગ્રંથ લેખકે મહંત સ્વામી મહારાજની આજ્ઞાથી રચેલ છે.આ એવોર્ડની જાહેરાતથી વિદ્વાનોમાં આનંદનું મોજું ફરી વળ્યું છે. ■

# વડોદરામાં ગૅસ સિલિન્ડર લિક થતાં પાંચ દાઝ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરામાં બનેલી આગની ઘટનામાં પાંચ જણ દાઝી ગયા હતા. અહીં એક મકાનમાં ભજનના કાર્યક્રમ દરમિયાન ગેસ સિલિન્ડર લીક થતાં આગ લાગી ગઈ હતી અને થોડા સમય માટે નાસભાગ થઈ હતી.

સૂત્રો પાસેથી ઘટનાની મળતી વિગતો અનુસાર અહીંના કોયલીના ઈન્દિરાનગર વસાહતમાં એક ભજનના કાર્યક્રમ દરમિયાન ચા-નાસ્તો બનાવતી વખતે ગેસ સિલિન્ડર લીક થતાં આગ લાગી હતી અને ઘરવખરી લપેટમાં આવી ગઈ હતી.

આગ લાગ્યાની સાથે જ લોકોમાં ગભરાટ ફેલાયો હતો. આ ઘટનામાં પાંચ જણ દાઝી જતા તેમને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. દરમિયાન ફાયર બ્રિગેડે આગ કાબૂમાં લીધી હતી. ■

# ઈરાન યુદ્ધના ૧૭મા દિવસે પણ અમદાવાદ એરપોર્ટથી ખાડી દેશોની અનેક ફ્લાઈટ રદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ યુધ્ધના કારણે પશ્ચિમ એશિયાના દેશોથી સંચાલિત થતી હવાઈ સેવાઓ પર ખૂબ જ ખરાબ અસર પડી છે. ફ્લાઈટ બંધ રદ્દના કારણે સાઉદી અરેબિયા, યુએઈ, કતાર, બહેરીન સહિતના ખાડી દેશોમાં રહેતા ભારતીય મૂળના લોકો તથા ભારતથી તે દેશોમાં પ્રવાસ કરનારા મુસાફરોને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

ઈરાન સામે ઈઝરાયેલ અને અમેરિકાએ શરૂ કરેલા યુદ્ધને ૧૭ દિવસ થઈ ગયા છે. આ સ્થિતિમાં ખાડી દેશોમાંથી અમદાવાદના સરદાર પટેલ એરપોર્ટ પર આવતી ફ્લાઈટ મોટી સંખ્યામાં કેન્સલ થઈ રહી છે. સોમવારે દુબઈ માટે અમિરેટ્સની એક ફ્લાઈટ સોમવારે અમદાવાદથી રવાના થઈ હતી. જ્યારે અબુધાબી માટે એતિહાદ એરવેઝની ફ્લાઈટે સાંજે ઉડાન ભરી હતી. જ્યારે સવારે પણ શારજાહ માટે એર અરેબિયાની એક ફ્લાઈટ રવાના થઈ હતી. આના પરથી ખબર પડે છે કે, મોટા પ્રમાણમાં ફ્લાઈટ રદ્દ થયા બાદ પણ હવે કેટલીક હવાઈ સેવા પૂર્વવત્ થઈ છે.

જો કે તેમ છતાં પણ દિવસ દરમિયાન ખાડી દેશોથી આવતી-જતી લગભગ ૮ જેટલી ફ્લાઈટ રદ્દ થઈ હતી. રદ કરાયેલી ફ્લાઇટ્સમાં અબુધાબીથી ઇન્ડિગોની ફ્લાઇટ, કુવૈત સિટીથી કુવૈત એરવેઝની ફ્લાઇટ, અબુ ધાબીથી ઇતિહાદ એરવેઝની ફ્લાઇટ, જેદાહથી ઇન્ડિગોની ફ્લાઇટ અને દોહાથી કતાર એરવેઝની ફ્લાઇટનો સમાવેશ થાય છે.

અનેક ફ્લાઈટની રવાનગી પણ રદ કરવામાં આવ્યા હતા, જેમાં અબુધાબી જતી એતિહાદ એરવેઝની ફ્લાઇટ, દોહા જતી કતાર એરવેઝની ફ્લાઇટ અને દુબઈ જતી ઇન્ડિગોની ફ્લાઇટનો સમાવેશ થાય છે. એરપોર્ટ સૂત્રોએ જણાવ્યું હતું કે પશ્ચિમ એશિયાની પરિસ્થિતિ અને એરલાઇન સલાહકારોના આધારે ફ્લાઇટના શિડ્યુઅલમાં વારંવાર ફેરફાર કરવામાં આવી રહ્યા છે.

કેટલીક ફ્લાઇટ્સ ફરી શરૂ થઈ ગઈ છે, પરંતુ અનિશ્ચિતતા યથાવત છે અને મુસાફરોને મુસાફરી કરતા પહેલા એરલાઇન્સ પાસેથી માહિતી મેળવવાની સલાહ આપવામાં આવી હતી. ■

# ગુજરાત વન્યજીવ સંરક્ષણમાં અગ્રેસર, સિંહોની સંખ્યા વધીને ૮૯૧ થઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત વિધાનસભા ગૃહમાં વન અને પર્યાવરણ વિભાગના વર્ષ ૨૦૨૬-૨૭ માટેની અંદાજપત્રીય માગણીઓ વિશે અને આગામી આયોજન વિશે વાત કરતાં વન અને પર્યાવરણ પ્રધાન અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું હતું કે ગુજરાત વન અને વન્યજીવ સંરક્ષણ ક્ષેત્રે સમગ્ર દેશમાં મજબૂત અને મોખરે છે. જેમાં સિંહોના સંરક્ષણ માટે રાજ્ય સરકારના મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ લાયન૨૦૪૭ - અ વિઝન ફોર અમૃતકાલ વિશે વાત કરતાં મોઢવાડિયાએ કહ્યું કે આ પ્રોજેક્ટ માટે રૂ.૨૯૨૭.૯૭ કરોડનો સંકલિત પ્રોજેક્ટ અમલી બનાવવામાં આવ્યો છે. તેમણે ઉમેર્યું કે મે-૨૦૨૫ દરમિયાન ૧૧ જિલ્લાઓમાં હાથ ધરવામાં આવેલ ૧૬મી સિંહ વસ્તી ગણતરી મુજબ રાજ્યમાં સિંહોની સંખ્યા વધીને ૮૯૧ નોંધાઈ છે. આ વસ્તીમાં ૧૯૬ નર, ૩૩૦ માદા, ૧૪૦ પાઠડા અને ૨૨૫ બચ્ચાનો સમાવેશ થાય છે. આ સાથે તેમણે રાજ્યમાં વાઘના પુનઃસ્થાપન અંગે માહિતી આપતા જણાવ્યું કે ડાંગમાં પૂર્ણા વન્યજીવન અભયારણ્ય ૨૫ વર્ષ પહેલાં વાઘનું ઘર હતું. ત્યાર બાદ ગત તા. ૨૩ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ રતનમહાલ વન્યજીવ અભયારણ્યમાં પીપરગોટા ખાતે વાઘની હાજરી નોંધાઈ છે. પરિણામે, નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઑથોરિટી દ્વારા ગુજરાતને સત્તાવાર રીતે 'ટાઈગર સ્ટેટ' તરીકે માન્યતા આપવામાં આવી છે. છેલ્લા સરવે મુજબ કચ્છના બન્નીનો વન વિસ્તાર ૨૪૯૭ ચો.કિમી. વિસ્તારમાં ફેલાયેલો છે, જે એશિયાના મોટામાં મોટા ઘાસનાં મેદાનો છે. અહીં ચિત્તાના પુનઃસ્થાપન માટે ભારત સરકારની મંજૂરી સાથે 'ચિત્તા કન્ઝર્વેશન બ્રીડિંગ સેન્ટર' સ્થાપવાની કામગીરી તેજ બનાવવામાં આવી છે. આ પ્રોજેક્ટ માટે અત્યાર સુધીમાં રૂ. ૧૪.૭૦ કરોડ ફાળવવામાં આવ્યા હોવાનું તેમણે ઉમેર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે રાજ્યનો કુલ વન વિસ્તાર ૨૧,૮૭૬. ૪૫ ચો.કિમી છે. જે રાજ્યના કુલ ભૌગોલિક વિસ્તારના ૧૧.૧૪ ટકા જેટલો થાય છે. વન વિસ્તારની દૃષ્ટિએ ગુજરાત દેશમાં ૧૧મો ક્રમ ધરાવે છે. ખાસ કરીને, વન વિસ્તાર બહાર વૃક્ષોની સંખ્યામાં વર્ષ ૨૦૧૩ની સરખામણીએ વર્ષ ૨૦૨૫ સુધીમાં ૪૭.૧૮ ટકાનો નોંધપાત્ર વધારો થયો છે. ફોરેસ્ટ સરવે ઑફ ઇન્ડિયાના વર્ષ ૨૦૨૩ના અહેવાલ મુજબ ગુજરાતમાં વૃક્ષ આચ્છાદિત વિસ્તાર ૬૬૩૨.૨૯ ચો.કિમી છે, તેવી માહિતી તેમણે આપી હતી. ■

# યુદ્ધની અસરઃ રો મટીરિયલના અભાવે પ્લાસ્ટિક ઈન્ડસ્ટ્રી ભારે ભીંસમાં, પેકેજિંગને અસર થતાં સેંકડો કામ અટકશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધના ૧૭ દિવસ વીતી ગયા છે. ગૅસ કટોકટીને કારણે વેપાર-ધંધા અને જનજીવન પર વ્યાપક અસર જોવા મળે છે, ત્યારે ગૅસની અછત ઉપરાંત વિવિધ રો મટીરિયલની અછત પણ સર્જાઈ છે, જેને લીધે ઉદ્યોગોને ફટકો પડ્યો છે. આ સ્થિતિનો માર પ્લાસ્ટિક ઉદ્યોગ પણ સહન કરી રહ્યો છે. પ્લાસ્ટિકના દાણા સહિતના વિવિધ રો મટીરિયલનો અભાવ અને ભાવવધારો મેન્યુફેક્ચરર અને સાથે જોડાયેલા તમામને અસર કરી રહ્યો છે. પેટ્રોકેમિકલ્સ ઈન્ડસ્ટ્રીને વ્યાપક અસર થતા મટીરિયલ ઘણું જ ઓછું ઉપલબ્ધ છે અને ભાવ વધી જતા દરેકને પોષાય તેમ નથી. અત્રે ઉલ્લેખનીય છે કે દૂધથી માંડી વેફર કે સાડી કે પછી મોટી ઓનલાઈન શોપિંગ પ્લેટફોર્મ્સને પેકેજિંગ માટે વિવિધ પ્લાસ્ટિક મટીરિયલની જરૂર પડે છે, આથી પ્લાસ્ટિક ઉદ્યોગ જ નહીં, પરંતુ સાથે જોડાયેલા ઘણા ઉદ્યોગોને અસર પડી શકે છે. હાલમાં જેટલું મટીરિયલ ઉપલબ્ધ છે, તેનો ઉપયોગ થઈ રહ્યો છે, પરંતુ આવનારા સમયમાં મટીરિયલ મેન્યુફેક્ચરર માટે મોટી ઉપાધિનું કારણ બની શકે છે, તેમ ઉદ્યોગ સાથે જોડાયેલા લોકો જણાવે છે.

આ અંગે મુંબઈ સમાચાર સાથે વાત કરતા ગુજરાત સ્ટેટ પ્લાસ્ટિક મેન્યુફેક્ચરિંગ એસોસિયશનના પ્રમુખ અનીશ પટેલે જણાવ્યું હતું કે યુદ્ધમાં રિફાઈનરીઓને વ્યાપક નુકસાન થયું છે. આથી રો મટીરિયલની અછત છે. હાલમાં માગની સરખામણીમાં ૪૫ ટકા જેટલું મટીરિયલ ઉપલબ્ધ છે, પરંતુ સમયસર મળી રહે તે પણ જરૂરી છે. જે લોકોએ પહેલેથી જ ઓર્ડર લઈ રાખ્યા છે કે ટેન્ડર ભરી રાખ્યા છે, તેમણે જૂના ભાવે સમયસર માલ પહોંચાડવાનો હોય છે, નહીંતર બ્લેકલિસ્ટ થવાનો ડર રહે છે. નવું ઉત્પાદન વધારે ભાવ સાથે મળેલા મટીરિયલથી થશે, આથી પ્લાસ્ટિક પેકેજિંગ સાથે જોડાયેલી તમામ વસ્તુઓના ભાવ વધવાની પૂરી સંભાવના છે, જેમાં બિસ્કિટથી માંડી એડવર્ટાઈઝમેન્ટ ફ્લેક્સ સુધીની વસ્તુઓનો સમાવેશ થાય છે. આ સાથે તેમણે જણાવ્યું હતું કે ડેમેજ રિફાઈનરી પૂર્વવત થતાં લાંબો સમય લાગી જશે, આથી આ અછત ક્યાં સુધી રહેશે, તે કહેવું મુશ્કેલ છે.

ગુજરાત સ્ટેટ પ્લાસ્ટિક એસોસિયેશનના પૂર્વ પ્રમુખ શૈલેષ પટેલે મુંબઈ સમાચાર સાથે વાત કરતા જણાવ્યું હતું કે પ્લાસ્ટિક ઈન્ડસ્ટ્રી સંપૂર્ણપણે પેટ્રોલિયમ ઈન્ડસ્ટ્રી પર આધારિત છે. ક્રૂડઑઈલના વધેલા ભાવ અને હાલની પરિસ્થિતિને કારણે હાલમાં ભીંસ અનુભવાઈ રહી છે. દેશની પ્લાસ્ટિક મેન્યુફક્ચરિંગ ઈન્ડસ્ટ્રીના કુલ ઉત્પાદનનો ૨૫ ટકા હિસ્સો ગુજરાતમાંથી તૈયાર થાય છે. લગભગ ૧૨,૦૦૦ જેટલા યુનિટ્સ ગુજરાતમાં છે અને ડિરેક્ટ અને ઈનડિરેક્ટ ૧૫ લાખ લોકોની રોજગારી આ ઉદ્યોગ પર નભેલી છે. રો મટિરિયલ સાથે થોડું ઘણું કામ એલપીજી ગૅસથી પણ થાય છે. તેની પણ હાલમાં અછત છે.

જોકે બન્નેએ જણાવ્યું હતું કે કેન્દ્ર અને રાજ્ય સરકાર પોતાની વ્યવસ્થા જાળવવાની પૂરી કોશિશ કરી રહ્યા છે. તેમણે આશા વ્યક્ત કરી હતી કે સ્થિતિ જલદીથી નોર્મલ થાય અને કામકાજ રાબેતામુજબ ચાલુ થઈ જાય. ■

# સુરત અને અમદાવાદમાં ફરી વિદ્યાર્થીઓ પર વિદ્યાર્થી દ્વારા હિંસક હુમલાની બે ઘટના

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત અને અમદાવાદ શહેરમાં બનેલી બે ઘટનાએ વિદ્યાર્થીઓમાં વધતી જતી હિંસકવૃત્તિના મુદ્દાને ફરી ઉજાગર કરી દીધો છે. સુરતના પાંડેસરામાં ખૂબ જ નજીવી બાબતનો ખાર રાખીને ચાર સગીરે ધોરણ ૧૦માં ભણતા એક વિદ્યાર્થી પર શાળાના ગેટ પાસે જ ચપ્પુથી હુમલો કરી દીધો હતો. સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર સુરતના પાંડેસરા વિસ્તારમાં એક નજીવી બોલાચાલી મામલે એક વિદ્યાર્થી પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. સ્કૂલના ગેટની બહાર ચાર વિદ્યાર્થીએ સાથે મળીને એક વિદ્યાર્થીને આંતર્યો હતો, તેમ જ માર માર્યો હતો. જો કે અહીંથી ન અટકતા ચપ્પુ વડે હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડી હતી. આ ઘટનામાં વિદ્યાર્થી ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયો હતો અને તેને હૉસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યો હતો. આ ઘટનાનો ભોગ બનનાર વિદ્યાર્થીના પિતાએ કરેલા આક્ષેપને કારણે પણ આ ઘટના વધુ ચર્ચામાં છે, કારણ કે વિદ્યાર્થીના પિતાનો આરોપ છે કે હુમલો કરનાર સગીરોએ ઓનલાઇન પ્લેટફોર્મ પરથી ચપ્પુ મગાવ્યા હતા. પિતાએ આક્ષેપ કર્યો હતો કે, ડિજિટલ પ્લેટફોર્મ પર હથિયારો સરળતાથી મળી જતાં હોવાના કારણે સગીરોમાં હિંસાનું પ્રમાણ વધી રહ્યું છે. જ્યારે બીજી બાજુ આવી જ ઘટના અમદાવાદના બાપુનગરમાં ટ્યૂશનમાં રૂમમાં જગ્યા ન હોવાથી સગીરને બીજા રૂમમાં બેસવાનું કહેતા તે ઉશ્કેરાઈ ગયો હતો અને ફરિયાદી સાથે ગાળાગાળી કરી ઝઘડો કર્યો હતો. ટ્યૂશનમાં થયેલી બોલાચાલીની અદાવત રાખી બહાર નીકળ્યા બાદ વિદ્યાર્થીએ પોતાની કમરના ભાગેથી છરો કાઢી સગીરના પેટના ડાબા ભાગે એક ઘા મારી દીધો હતો. હુમલો કર્યા બાદ આરોપી ત્યાંથી ફરાર થઈ ગયો હતો. ■

### કચ્છનાં જળાશયો પક્ષીઓના કલરવથી ગૂંજ્યાં

# ૧૫ વેટલેન્ડ્સમાં ૮૦ જેટલી વિવિધ પ્રજાતિનાં ૮૦૦૦ પક્ષીની નોંધણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છની ધરતી તેની ભૌગોલિક વિવિધતા અને પ્રાકૃતિક સંપદા માટે વિશ્વભરમાં પ્રખ્યાત છે. તાજેતરમાં વેટલેન્ડ ઇન્ટરનેશનલ, સ્વિટ્ઝર્લેન્ડ દ્વારા દર વર્ષે સમગ્ર એશિયામાં યોજાતી 'એશિયન જળચર પક્ષી ગણતરી' અંતર્ગત કચ્છના સમૃદ્ધ પક્ષી જગતની એક અત્યંત આશાસ્પદ તસવીર સામે આવી છે. ભુજની જાણીતી સંસ્થા પેલિકન નેચર ક્લબ દ્વારા ફેબ્રુઆરી માસ દરમિયાન જિલ્લાના વિવિધ જળપ્લાવિત વિસ્તારોમાં હાથ ધરવામાં આવેલી મોજણીમાં પક્ષીઓનો ભારે જમાવડો જોવા મળ્યો હતો. આ ગણતરી કાર્ય ભુજ, માંડવી અને અંજાર તાલુકાના પસંદગીના ૧૫ જેટલા વેટલેન્ડ્સ (જળપ્લાવિત સ્થળો) પર કરવામાં આવ્યું હતું. જેમાં અંદાજિત ૮,૦૦૦ પક્ષીઓની નોંધણી કરવામાં આવી છે. આશ્ચર્યજનક બાબત એ છે કે, આ પક્ષીઓમાં ૮૦ જેટલી વિવિધ પ્રજાતિઓ જોવા મળી હતી, જેમાંથી લગભગ ૫૦ ટકા જેટલા પક્ષીઓ વિદેશી મહેમાન એટલે કે યાયાવર હતા.

પક્ષીવિદો માટે સૌથી વધુ ઉત્સાહજનક સમાચાર રણ પ્રદેશમાંથી મળ્યા છે. ગણતરી દરમિયાન બે અલગ-અલગ સ્થળોએ 'મોટા હંસ' જોવા મળ્યા હતા. આ પક્ષીઓની હાજરી એવો સ્પષ્ટ સંકેત આપે છે કે કચ્છના મોટા રણમાં આવેલા વિશ્વપ્રસિદ્ધ 'સુરખાબનગર'માં હજુ પણ પ્રજનનની પ્રવૃત્તિઓ વેગવંતી છે.

બીજી તરફ, માંડવીનો દરિયાકાંઠો પક્ષીઓનું મુખ્ય કેન્દ્ર બન્યો હતો, જ્યાં ૩,૦૦૦ જેટલા ધોમડા અને ૨,૦૦૦ જેટલા કરકરા પક્ષીઓની જંગી સંખ્યા નોંધાઈ હતી. આ ઉપરાંત, દરિયાઈ અબલખ અને ઊલટી ચાંચ તુતવારી જેવા વિશિષ્ટ પક્ષીઓએ પક્ષીપ્રેમીઓમાં આકર્ષણ જમાવ્યું હતું. ■

# ગુજરાત સરકારે ટોચના વકીલોને દિવસના લાખો રૂપિયા ફી ચૂકવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ગાંધીનગરઃ ગુજરાત વિધાનસભામાં રાજ્યના ફિક્સ પગાર કેસમાં રોકાયેલા વકીલ અને તેમની ફીનો પ્રશ્ન પૂછાયો હતો. વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ પૂછ્યું કે રાજ્ય સરકારના સુપ્રીમ કોર્ટમાં ચાલતા ફિક્સ પગાર સંબંધના કેસમાં કોર્ટમાં સરકારનો પક્ષ રાખવા કયા કયા વકીલને ક્યારથી રોકવામાં આવ્યા છે, ચુકવવાની ફી શું નક્કી થયેલી છે, ૦૧-૦૧-૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ફી ચૂકવવામાં આવી છે અને કયા કારણોસર કેટલી ફી ચુકવવાની બાકી છે ? સરકારે જણાવ્યું હતું કે વેણુગોપાલને દિવસના કોન્ફરન્સ અને અપિરયન્સ ફી રૂ. ૫ લાખ અને કલર્કેજ ફી રૂ. ૫૦ હજાર મળી કુલ ૫.૫૦ લાખ નક્કી કરવામાં આવ્યા છે. સરકારના જવાબ અનુસાર મહેશ અગ્રવાલને ૧૪-૦૪-૨૦૧૨થી, હરીશ સાલ્વેને ૧૮-૦૪-૨૦૧૨થી, કમલ ત્રિવેદીને ૧૮-૦૪-૨૦૧૨થી, મુકુલ રોહતગીને ૧૮-૦૪-૨૦૧૨થી, કે વિશ્વનાથનને ૧૦-૦૩-૨૦૧૪થી, તુષાર મહેતાને ૦૩-૧૧-૨૦૧૭થી, કે કે વેણુગોપાલને ૧૭-૦૪-૨૦૧૮થી, નીરજ કિશન કૌલને ૩૦-૧૨-૨૦૧૯થી, મનીષાબેન એલ શાહને ૨૯-૧૧-૨૦૨૫થી રોકવામાં આવ્યા છે.

મહેશ અગ્રવાલને ડ્રાફટિંગ અને એસ.એલ.પી. દાખલ અંગેની ફી - રૂ.૫૦,૦૦૦, ડ્રાફ્ટિંગ અને વિવિધ મુસદ્દાઓ તૈયાર કરવા અંગેની ફી રૂ, ૩૦,૦૦૦, અરજીનો મુસદ્દો, પ્રતિસાદ અને જવાબ તૈયાર અંગેની ફી રૂ. ૩૦,૦૦૦, પેપર વાંચવા, ક્લાયન્ટ સાથે કોન્ફરન્સ, અભિપ્રાય ફી રૂ.૧૦,૦૦૦ (પ્રતિ કલાક), કોર્ટ સમક્ષ હાજર રહેવા માટેની ફી રૂ.૪૦,૦૦૦(પ્રતિ દિવસ), કોર્ટ સમક્ષ હાજર રહેવા માટેની ફી (અંતિમ સુનાવણી) રૂ. ૭૦,૦૦૦ (પ્રતિ દિવસ), રજિસ્ટ્રાર કોર્ટ સમક્ષ હાજર રહેવા માટેની ફી રૂ. ૧૦,૦૦૦ (પ્રતિ દિવસ), વહેલી સુનાવણી વગેરે બાબતોનો રજિસ્ટ્રાર સમક્ષ ઉલ્લેખ કરવા અંગેની ફી રૂ. ૧૦,૦૦૦, ટાઈપિંગ, ફોટોકોપી, કોર્ટ ફીસ, કુરીયર વગેરે વાસ્તવિક ફી ચૂકવવાનું નક્કી થયું છે. કે કે વેણુગોપાલને કોન્ફરન્સ અને અપિરયન્સ ફી રૂ. ૫,૦૦,૦૦૦ તથા કલર્કેજ રૂ. ૫૦,૦૦૦ મળી કુલ ૫.૫૦ લાખ નક્કી કરવામાં આવ્યા છે. કમલ ત્રિવેદીને પ્રતિ દિવસ અપિરયન્સ રૂ. ૨,૦૦,૦૦૦, મુકુલ રોહતગીને ફોન્ફરન્સ અને અપિરયન્સ ફી રૂ. ૨,૦૦,૦૦૦, મનીષાબેન એલ શાહને પ્રતિ દિવસ અપિરયન્સ રૂ. ૨,૦૦,૦૦૦ નક્કી કરવામાં આવ્યા છે. હરીશ સાલ્વે, કે વિશ્વનાથન તથા નીરજ કિશન કૌલની ફી નિયત થયેલી નથી. ૦૧-૦૧-૨૦૨૬ની સ્થિતિએ મહેશ અગ્રાવલને રૂ. ૩,૦૦,૦૦૦ તથા મનીષાબેન એલ શાહને રૂ. ૧,૭૫,૦૦૦ ચૂકવવાના બાકી છે, જ્યારે હરીશ સાલ્વે, કમલ ત્રિવેદી, મુકુલ રોહતગી કે વિશ્વનાથન, તુષાર મહેતા, કે કે વેણુગોપાલ અને નીરજ કિશન કૌલને કોઈ ફી ચૂકવવાની બાકી નથી. ■

# સાવધાન

# દૂધમાં જોખમી 'ફોર્માલિન' કેમિકલ ભેળવેલું હોઈ શકે છે

## મૃતદેહને સડવાથી બચાવવા માટે આ કેમિકલનો ઉપયોગ થાય છે

ધુળેઃ દૂધની થેલીમાંથી ઇન્જેક્શન દ્વારા અમુક દૂધ કાઢી લીધા બાદ તેમાં પાણી મેળવી ભેળસેળિયું દૂધ વેચવાના કિસ્સાઓ છાસવારે બનતા હોય છે. જોકે ધુળેના કરવંદ ગામમાં મહિલાએ ખરીદેલા દૂધમાં મૃતદેહને સડવાથી બચાવવા માટે વપરાતું જોખમી 'ફોર્માલિન' કેમિકલ ભેળવવામાં આવ્યાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે.

કરવંદ ગામમાં રહેતી લક્ષ્મીબાઇ વાઘ નામની મહિલાએ ખરીદેલા દૂધમાં કેમિકલ ભેળવવામાં આવ્યું હોવાનું સામે આવ્યું હતું. ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ) દ્વારા દૂધના નમૂના તપાસ માટે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા હતા અને દૂધમાં સ્વાસ્થ્ય માટે અત્યંત જોખમી 'ફોર્માલિન' કેમિકલ ભેળવેલું હોવાનું જાણવા મળ્યું હતું.

પરીક્ષણ દરમિયાન સ્પષ્ટ થયું હતું કે ભેંસના દૂધમાં જરૂરી ફેટનું પ્રમાણ પણ ઓછું હતું. સામાન્ય રીતે ભેંસના દૂધમાં પાંચ ટકા ફેટ અપેક્ષિત હોય છે, પરંતુ નમૂનાની તપાસમાં તે ૪.૩ ટકા હોવાનું જોવા મળ્યું હતું. સૌથી ગંભીર બાબત એ છે કે આ દૂધમાં 'ફોર્માલિન' કેમિકલ

(જુઓ પાનું ૪) ▸▸

# મુંબઈ, થાણેમાં બુધ-ગુરુએ કમોસમી વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ સહિત સમગ્ર રાજ્યમાં છેલ્લાં એક પખવાડિયા દરમ્યાન ત્રણ વખત ગરમીનું ઉષ્ણ મોજું ફરી વળ્યું હતું, જેને કારણે મુંબઈમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને પાર કરી ગયો હતો. હવે જોકે ગરમીમાં થોડી રાહત મળે એવી શક્યતા છે. હવામાન ખાતાએ મુંબઈ અને તેના પડોશી જિલ્લા થાણે તથા પાલઘરમાં બુધવાર અને ગુરુવારના વાવાઝોડા સાથે હળવા વરસાદ પડવાની શક્યતા વ્યક્ત કરી છે.

મુંબઈમાં માર્ચ મહિનાની શરૂઆત થવાની સાથે જ આકરી ગરમીનો અનુભવ મુંબઈગરાએ કર્યો હતો. મહત્તમ તાપમાનનો પારો સતત ૩૫ ડિગ્રીની ઉપર નોંધાઈ રહ્યો હતો. તો છેલ્લાં અઠવાડિયા દરમ્યાન મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીને પાર કરી ગયો હતો. જોકે છેલ્લાં બે-ત્રણ દિવસથી તાપમાનમાં હળવો ઘટાડો થયો છે અને આગામી દિવસમાં ગરમીમાં હજી થોડી રાહત મળવાની શક્યતા છે.

મુંબઈમાં માટે સત્તાવાર રીતે વરસાદની કોઈ ચેતવણી જાહેર કરવામાં આવી નથી પણ ભારતીય હવામાન વિભાગે રાજ્યમાં મધ્ય મહારાષ્ટ્ર, કોંકણમાં બેથી ત્રણ દિવસ હળવો વરસાદ પડવાની શક્યતા વ્યક્ત કરી છે, જેમાં મુખ્યત્વે રાયગડ અને રત્નાગિરી જિલ્લા માટે યલો અલર્ટ આપ્યું છે અને અહીં તેજ પવનની સાથે હળવાથી મધ્યમ વરસાદ અને વીજળી પડવાની શક્યતા વ્યક્ત

(જુઓ પાનું ૪) ▸▸

### ■ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અસર હેઠળ વરસાદ

વેસ્ટર્ન ડિસ્ટબર્ન્સની અસર હેઠળ મુંબઈ, થાણે અને પાલઘરમાં ૧૮થી ૧૯ માર્ચ દરમ્યાન કમોસમી વરસાદ પડવાની શક્યતા છે, જ્યારે રાયગઢ અને રત્નાગિરીમાં મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે, તેને કારણે કોંકણ જિલ્લા માટે યલો અલર્ટ આપવામાં આવ્યું છે. વેસ્ટર્ન ડિસ્ટબર્ન્સ સાથે સંકળાયેલ ટર્ફ કર્ણાટક અને કેરળ નજીક દક્ષિણ તરફ સરકી રહ્યો છે. તેમ જ મુંબઈ મેટ્રોપોલિટન રિજનના વિસ્તારમાં પશ્ચિમી પવનો પણ તીવ્ર ફૂંકાઈ રહ્યા છે. પશ્ચિમી પવનો અને ટર્ફ વચ્ચેની ક્રિયાપ્રતિક્રિયા મુંબઈ અને આસપાસના વિસ્તારોમાં વરસાદી પ્રવૃત્તિ અને ગાજવીજ વરસાદ માટે જવાબદાર બની શકે છે.

### ■ ૨૦૨૩ના માર્ચમાં સૌથી વધુ વરસાદ

મુંબઈમાં માર્ચ મહિનામાં ભારે વરસાદ ભાગ્યે જ પડતો હોય છે. જોકે ક્યારેક ગાજવીજ સાથે હળવા ઝાપટાં પડી જતા હોય છે. હવામાન વિભાગના રેકોર્ડ મુજબ મુંબઈમાં ૨૦૨૩માં માર્ચ મહિનામાં અત્યાર સુધીનો સૌથી વધુ વરસાદ ૧૭ મી.મી. પડ્યો હતો.

# બારામતી પેટાચૂંટણીમાં સુનેત્રા પવાર સામે કોઈ ઉમેદવાર નહીં ઊભો રાખીશું: સુપ્રિયા સુળે

મુંબઈઃ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (શરદચંદ્ર પવાર) ના કાર્યકારી પ્રમુખ સુપ્રિયા સુળેએ સોમવારે જણાવ્યું હતું કે તેમની પાર્ટી આગામી બારામતી વિધાનસભા પેટાચૂંટણીમાં નાયબ મુખ્ય પ્રધાન અને એનસીપી નેતા સુનેત્રા પવાર સામે કોઈ ઉમેદવાર ઊભા રાખશે નહીં.

પૂર્વ નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર અને ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ના ધારાસભ્ય શિવાજી કર્દિલેના અવસાનને કારણે બારામતી અને રાહુરીમાં પેટાચૂંટણી જરૂરી છે. ચૂંટણી પંચે રવિવારે જાહેરાત કરી હતી કે એનસીપીના પ્રમુખ સુનેત્રા પવાર બારામતીથી પેટાચૂંટણી લડે તેવી શક્યતા છે.

મેં પહેલાથી જ સ્પષ્ટ કરી દીધું છે કે એનસીપી (રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી) બારામતી પેટાચૂંટણી લડશે નહીં. અમે સુનેત્રા ભાભી સામે ઉમેદવાર ઉભા રાખીશું નહીં, એમ સુળેએ દિલ્હીમાં પત્રકારોને જણાવ્યું

(જુઓ પાનું ૪) ▸▸

# શિંદે ફરી નારાજ? અચાનક દિલ્હી જવા રવાના

મુંબઈઃ શિવસેના શિંદે જૂથના નેતા અને નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અચાનક દિલ્હી જવા રવાના થઈ ગયા છે. એકનાથ શિંદેની દિલ્હી મુલાકાતથી રાજકીય વર્તુળોમાં ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે.

એકનાથ શિંદે તેમની મુલાકાત દરમિયાન ભાજપ અધ્યક્ષ નીતિન નવીન અને કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહને મળશે. મળતી માહિતી અનુસાર, જિલ્લા પરિષદમાં ઘણી જગ્યાએ શિવસેનાને સત્તાથી દૂર રાખીને તેમની સાથે દુર્વ્યવહાર કરવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. આનાથી શિવસેનામાં અસંતોષનું વાતાવરણ સર્જાયું છે. સ્થાનિક શિવસૈનિકો અફસોસ વ્યક્ત કરી રહ્યા છે કે રાયગડમાં બહુમતી હોવા છતાં સમાધાન કરવું પડ્યું, જ્યારે ફલટણમાં શિવસેનાને સત્તાથી દૂર રાખવામાં આવી. સૂત્રોના જણાવ્યા મુજબ એકનાથ શિંદે આનો કોઈ નક્કર ઉકેલ શોધવા માટે અચાનક દિલ્હી ગયા છે.

નગર પરિષદ અને નગર પંચાયતની ચૂંટણીમાં ભાજપે ઘણી જગ્યાએ શિવસેના શિંદે જૂથને મોટો ફટકો આપ્યો હતો. તે સમયે શિવસેના શિંદે જૂથના ઘણા પદાધિકારીઓ ભાજપમાં જોડાયા હતા. આનાથી શિવસેના શિંદે જૂથમાં પણ નારાજગી ફેલાઈ હતી. ત્યારબાદ એકનાથ શિંદેએ મ્યુનિસિપલ ચૂંટણી પહેલા દિલ્હીની મુલાકાત લીધી હતી. આ મુલાકાત પછી, એવું જોવા મળ્યું કે ભાજપ અને શિવસેના શિંદે જૂથે મ્યુનિસિપલ ચૂંટણી માટે ઘણી જગ્યાએ ગઠબંધન કર્યું હતું, અને બંને પક્ષોએ એકબીજાના કાર્યકરોને પાર્ટીમાં પ્રવેશ ન આપવાનો પણ નિર્ણય લીધો હતો.

ભાજપ અને શિવસેના શિંદે જૂથે મ્યુનિસિપલ ચૂંટણીઓમાં સારો દેખાવ કર્યો હતો. કેટલીક જગ્યાએ શિવસેના શિંદે જૂથના મેયર બન્યા, તો કેટલીક જગ્યાએ ભાજપના મેયર બન્યા હતા. ત્યારબાદ જિલ્લા પરિષદની ચૂંટણીઓ યોજાઈ હતી. આ ચૂંટણીઓમાં પણ ભાજપ નંબર વન પાર્ટી તરીકે ઉભરી આવ્યો હતો જ્યારે શિવસેના શિંદે જૂથે પણ સારી સફળતા મેળવી હતી. આ ચૂંટણીમાં પણ ઘણી જગ્યાએ ભાજપ અને શિવસેના શિંદે જૂથ ગઠબંધનમાં હતા. જોકે હવે પરિણામો પછી શિવસેના આરોપ લગાવી રહી છે કે તેમને સત્તાથી દૂર રાખવામાં આવી રહ્યા છે. આ પૃષ્ઠભૂમિમાં, એકનાથ શિંદેની આ મુલાકાત મહત્વપૂર્ણ માનવામાં આવે છે. ■

# સિલિન્ડરમાં ૧૪ કિલોને બદલે માત્ર ૧૦ કિલો જ ગૅસ મળશે?

વર્ધાઃ સિલિન્ડરની અછત સતત વધતી જવાની શક્યતા નકારી શકાય તેમ નથી. જ્યારે સિલિન્ડરનું વિતરણ અને બુકિંગ નિયંત્રિત કરવામાં આવ્યું ત્યારે જ આ બાબત સ્પષ્ટ થઈ ગઈ હતી. હવે ગ્રાહકોને વધુ એક ઝટકો આપવામાં આવે તેવી શક્યતા છે. હાલમાં ઘરગથ્થુ ગેસ સિલિન્ડર ૧૪ કિલોનો આપવામાં આવે છે. અછત વધુ ગંભીર બનતા હવે આ સિલિન્ડર ૧૪ ને બદલે ૧૦ કિલો ગેસ સાથે આપવામાં આવી શકે છે.

આ પ્રકારના વિચાર અંગે ચર્ચા ચાલી રહી છે અને તેનો અમલ પણ થઈ શકે છે. આ જ ૧૪ કિલોના સિલિન્ડરમાં માત્ર ૧૦ કિલો ગેસ આપવામાં આવી શકે છે. આ માટે કોઈ અલગ સિલિન્ડર બનાવવામાં આવશે નહીં. જોકે, આ કોઈ સત્તાવાર જાહેરાત નથી, પણ માર્કેટમાં અને એજન્સીઓમાં માત્ર આવી ચર્ચા ચાલી રહી છે. ■

## ભિવંડીમાં ૮૪ એલપીજી સિલિન્ડર જપ્તઃ ત્રણ જણ સામે ગુનો દાખલ

થાણેઃ ગેસની સાર્વત્રિક અછત વચ્ચે ભિવંડીના ખાનગી પરિસરમાં ગેરકાયદે સંગ્રહ કરાયેલા ૨.૨૨ લાખ રૂપિયાના ૮૪ એલપીજી ગેસ સિલિન્ડર જપ્ત કરવામાં આવ્યા હતા. આ પ્રકરણે એસેન્શિયલ કોમોડિટી એક્ટ હેઠળ ત્રણ વ્યક્તિ વિરુદ્ધ ગુનો દાખલ કરાયો હતો.

ઇરાન યુદ્ધને પગલે સર્જાયેલી કટોકટીને ધ્યાનમાં રાખીને ઘરેલું ગેસ સિલિન્ડરની સંગ્રહખોરી અને કાળાબજારને રોકવા માટે વધારાયેલી નિગરાની હેઠળ આ કાર્યવાહી કરવામાં આવી હતી.

સરકારે વારંવાર એલપીજી ગેસ સિલિન્ડરની અછતના અહેવાલોને નકારી કાઢ્યા છે. જોકે ઘણી જગ્યાએ સિલિન્ડર ખરીદવા લોકો લાંબી લાઇનમાં ઊભેલા જોવા મળી રહ્યા છે.

થાણેમાં પીડીએસ ડિપાર્ટમેન્ટના અધિકારીઓએ વાલગાંવ વિસ્તારમાં વર્ધમાન કંપાઉન્ડ ખાતે ૧૪ માર્ચે રેઇડ પાડી હતી, જ્યાં જરૂરી પરવાનગી વિના વેચાણ માટે એલપીજી ગેસ સિલિન્ડર સંગ્રહ કરી રાખવામાં આવ્યા હતા.

અધિકારીએ જણાવ્યું હતું કે ૮૪માંથી ૩૪ સિલિન્ડર ભરેલા હતા અને બાકીના ખાલી હતા.

(જુઓ પાનું ૪) ▸▸

## ગૅસ સિલિન્ડરની અછત છે ત્યારે કેરોસીન ઉપલબ્ધ કરાવીશુંઃ ભુજબળ

મુંબઈઃ રાજ્યમાં હાલમાં ઇંધણની અછત અનુભવાઈ રહી છે અને સિલિન્ડરની પણ તંગી છે. આ પૃષ્ઠભૂમિ પર અન્ન અને નાગરીક પુરવઠા પ્રધાન છગન ભુજબળે વિધાનસભામાં મહત્વની માહિતી આપતા કહ્યું કે ગેસ પુરવઠો એ કેન્દ્ર સરકારનો વિષય છે અને કેન્દ્રએ જણાવ્યું છે કે તેમની પાસે પૂરતા પ્રમાણમાં એલપીજી અને પીએનજી નો જથ્થો ઉપલબ્ધ છે. તેથી ચિંતા કરવાનું કોઈ કારણ નથી. લોકોએ ગભરાવાની જરૂર નથી, ક્યાંય પણ લાઈનો લગાવવી કે ગેસનું બ્લેક માર્કેટિંગ થવું જોઈએ નહીં. અમે દરેક જિલ્લા કલેક્ટર, એસપી અને અન્ય અધિકારીઓની સમિતિઓ નિયુક્ત કરી છે અને અત્યાર સુધીમાં ૨૧૨૯ તપાસ હાથ ધરી છે અને ૩૩ લાખ ૬૬ હજાર ૪૧૧ રૂપિયાનો માલ જપ્ત કરવામાં આવ્યો છે, ભુજબળે માહિતી આપી હતી.

દરમિયાન હાલમાં રાજ્યમાં ગેસની જે અછત વર્તાઈ રહી છે, તેનો માર્ગ કાઢવા માટે હવે રાજ્ય સરકારે મોટો નિર્ણય લીધો છે. આ અંગે માહિતી આપતાં ભુજબળે જણાવ્યું હતું કે, આપણી પાસે કેરોસીનનો મોટો જથ્થો ઉપલબ્ધ છે. થોડા વર્ષો પહેલા નાગપુર હાઈકોર્ટે જણાવ્યું હતું કે, જો તમારી

(જુઓ પાનું ૪) ▸▸





**સમસ્યા યથાવત્‌ઃ** ગૅસ સિલિન્ડરની સમસ્યા કંઈ ઓછી થવાનું નામ નથી લઈ રહી. મુંબઈમાં ઠેકઠેકાણે સિલિન્ડર મેળવવા લોકોની લાંબી લાઈનો જોવા મળી હતી. અમુક એજન્સીઓની બહાર અનાઉન્સમેન્ટની વ્યવસ્થા રાખી હતી. જેથી ભીડ પર નિયંત્રણ રાખી શકાય. (અમય ખરાડે)

# ધર્માંતર બિલનો હેતુ કુપ્રથાઓને ડામવાનો છેઃ મુખ્ય પ્રધાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સોમવારે જણાવ્યું હતું કે ઘણી મહિલાઓને સંબંધોમાં લલચાવીને, લગ્ન કરીને પછી ત્યજી દેવામાં આવી છે, તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે બદઈરાદે ધાર્મિક પરિવર્તન વિરોધી બિલનો હેતુ આ મુદ્દાઓને સંબોધવા અને આવી પ્રથાઓને રોકવાનો છે.

વિપક્ષી પક્ષો વોટબેંકના ફાયદા માટે આ મુદ્દાનું રાજકારણ કરી રહ્યા છે, પરંતુ એકવાર તેઓ બિલને ધ્યાનથી વાંચી લેશે તો તેમને કોઈ વાંધો નહીં રહે, એમ પણ ફડણવીસે મંત્રાલયમાં પત્રકારોને જણાવ્યું હતું.

મહારાષ્ટ્ર આ પ્રકારનો કાયદો રજૂ કરનાર પહેલું રાજ્ય નથી અને ઘણા રાજ્યોએ ગેરકાયદે ધાર્મિક પરિવર્તનને રોકવા માટે પહેલેથી જ સમાન પ્રકારના કાયદા ઘડ્યા છે, એમ પણ તેમણે નોંધ્યું હતું. જો આ કાયદો લાગુ કરવામાં આવે તો, મહારાષ્ટ્ર ઉત્તર પ્રદેશ, ગુજરાત,

(જુઓ પાનું ૪) ▸▸

# કર્જત-નેરલ સ્ટેશનોના નામ બદલવામાં આવશે?

થાણેઃ રાયગઢ જિલ્લાના કર્જત અને નેરળ સ્ટેશનોના નામકરણનો મુદ્દો ફરી એકવાર સામે આવ્યો છે. ભિવંડીના સાંસદે આ બંને સ્ટેશનોના નામ સ્વાતંત્ર્ય સેનાનીઓના નામ પર રાખવાની માગ રેલવે પ્રધાન સમક્ષ કરી હતી. જેના કારણે હવે એવો પ્રશ્ન ઊભો થયો છે કે શું આ સ્ટેશનોના નામ બદલાશે? એનસીપી (શરદ પવાર જૂથ) ના સાંસદે રેલવે પ્રધાન માગ કરી હતી કે નેરળ અને કર્જત બંને રેલવે સ્ટેશનોનું નામ સ્થાનિક સ્વાતંત્ર્ય સેનાનીઓના નામ પર રાખવામાં આવે. નેરળ રેલવે સ્ટેશનનું નામ સ્વતંત્રતા સેનાની શહીદ વીર હીરાજી ગોમાજી પાટિલ નેરલ રેલવે સ્ટેશન અને કર્જત સ્ટેશનનું નામ સ્વતંત્રતા સેનાની શહીદ વીર ભાઈ કોટવાલ કર્જત રેલવે સ્ટેશન રાખવામાં આવે.

નેરળ અને કર્જત આ બંને રેલવે સ્ટેશનોને સ્થાનિક સ્વાતંત્ર્ય સેનાનીઓના નામ આપવામાં આવશે, તો તેમના કાર્યોનું સન્માન થશે અને તેનાથી સ્થાનિક યુવાનો તેમજ નાગરિકોને પ્રેરણા મળશે, એવી પ્રતિક્રિયા ભિવંડી લોકસભા મતવિસ્તારના સાંસદે આપી હતી. ■

# મુંબઈ મેટ્રો-થ્રીના એન્ટ્રી-એક્ઝિટ ગેટથી 30 મીટર સુધી 'નો પાર્કિંગ ઝોન' જાહેર કરવામાં આવ્યો

મુંબઈઃ મુંબઈ ટ્રાફિક પોલીસે મેટ્રો લાઇન-થ્રી ના તમામ ૨૭ સ્ટેશનોના પ્રવેશ અને બહાર નીકળવાના ગેટથી ૩૦ મીટર સુધી ૨૪ કલાક નો-પાર્કિંગ ઝોન જાહેર કર્યો છે. મુંબઈ મેટ્રો લાઇન-થ્રી પરનો આખો ૩૩.૫ કિમી લાંબો કોરિડોર જેને એક્વા લાઇન તરીકે પણ ઓળખવામાં આવે છે, ૯ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ જાહેર જનતા માટે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. કફ પરેડથી આરે કોલોનીને જોડતો આ કોરિડોર દક્ષિણ મુંબઈ અને શહેરના ઉત્તરીય ઉપનગરો વચ્ચે સરળ કનેક્ટિવિટી પ્રદાન કરે છે.મુંબઈ ટ્રાફિક પોલીસના જણાવ્યા અનુસાર આ દરવાજાઓ પાસે પાર્ક કરેલા વાહનો ટ્રાફિક જામ અને જાહેર જનતા માટે અવરોધનું કારણ બની રહ્યા છે. તેથી આગામી આદેશ ન આવે ત્યાં સુધી સૂચના જારી કરીને આ મેટ્રો સ્ટેશનોના પ્રવેશ અને બહાર નીકળવાના ગેટની આસપાસના વિસ્તારને નો પાર્કિંગ જાહેર કરવો જરૂરી છે, એમ સત્તાવાર સૂચનામાં જણાવાયું છે.

મેટ્રો લાઇન-થ્રી શહેરના મુખ્ય વ્યવસાયિક વિસ્તારો, શૈક્ષણિક સંસ્થાઓ, ધાર્મિક સ્થળો અને મુખ્ય શોપિંગ હબને જોડે છે. મેટ્રો લાઇનની શરૂઆતથી તેને મુંબઈવાસીઓનો સારો પ્રતિસાદ મળી રહ્યો છે અને તે કામ પર પહોંચવા માટે તેમના રોજિંદા પરિવહનનો ભાગ પણ બની ગયો છે.

સત્તાવાર માહિતી અનુસાર, ઓક્ટોબરમાં મેટ્રો લાઇન પર કુલ ૩૮.૬૩ લાખ મુસાફરોએ મુસાફરી કરી હતી, જેમાં એકંદરે દૈનિક સરેરાશ ૧,૪૧,૦૨૪ મુસાફરોએ મુસાફરી કરી હતી. ગયા વર્ષે, ટ્રાફિક પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલા સર્વેમાં પણ દર્શાવવામાં આવ્યું હતું કે મેટ્રો શરૂ થયા પછી છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી) વિસ્તારની આસપાસ ભીડમાં ૩૦ ટકાનો ઘટાડો થયો છે. ■

**ફક્ત અઢી વર્ષની રાહ**

# ૧૮ કોચવાળી વંદે મેટ્રો એસી લોકલનું મુહૂર્ત મળ્યું

મુંબઈ : લોકલ ટ્રેનને મુંબઈની લાઈફલાઈન ગણવામાં આવે છે.

મુંબઈવાસીઓ માટે લોકલ ટ્રેનો જીવનનો એક મહત્વપૂર્ણ ભાગ છે.

જોકે વધતી જતી વસ્તીને કારણે લોકલ ટ્રેનો પર દબાણ પણ વધી રહ્યું છે, જેના કારણે ઘણી નવી લોકલ ટ્રેનો શરૂ કરવામાં આવી છે તેમજ ઘણા નવા રૂટ બનાવવામાં આવી રહ્યા છે.

મુંબઈવાસીઓની મુસાફરીને સરળ બનાવવા માટે ઘણીવાર ટ્રેનની ફ્રીક્વન્સી વધારવાની અને લોકલ ટ્રેનોમાં વધુ કોચની માગણીઓ

(જુઓ પાનું ૪) ▸▸

## કેવી હશે નવી વંદે મેટ્રો એસી લોકલ?

- નવી એસી વંદે મેટ્રો લોકલમાં શરૂઆતમાં ૧૨ કોચ હશે, પરંતુ મુસાફરોની વધતી માગને ધ્યાનમાં રાખીને, ૧૫ કોચ પછી ૧૮ કોચવાળી એસી લોકલ પણ બનાવવામાં આવશે.
- નવી લોકલમાં સીસીટીવી, ઇમરજન્સી ટોક બેંક અને મુસાફરોની સલામતી માટે પેસેન્જર ઇમરજન્સી એલાર્મ પણ હશે.
- ફક્ત કોચમાં જ નહીં, પરંતુ કોચની બહાર પણ સીસીટીવી લગાવવામાં આવશે.
- મુસાફરોની સંખ્યા અનુસાર હવાને આપમેળે નિયંત્રિત કરતી સિસ્ટમ બેસાડવામાં આવી છે.

# ગાડી પર લાલ લાઈટ બેસાડવા માટે પાલિકા પ્રશાસન જવાબદાર

## આરોપો પર મેયર રિતુ તાવડેએ હાથ ખંખેર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ નવી ગાડી પર ઝબૂકતી લાલ-બ્લુ લાઈટ બેસાડવાને લઈને ચોતરફથી થયેલા વિરોધ અને ટીકા બાદ મુંબઈ મેયર રીતુ તાવડેએ વાહન પર લાલ લાઈટને મુદ્દે પાલિકા પ્રશાસનને જવાબદાર ગણાવી પોતાના હાથ ખંખેરી નાંખ્યા હતા.

પ્રશાસનની ભૂલ હોઈ વિરોધ પક્ષ પોતાના પર ખોટો આરોપ કરી રહ્યા હોવાની સ્પષ્ટતા મેયરે સોમવારે કરવી પડી હતી.

મુંબઈ મહાનગરપાલિકામાં ૪૪ વર્ષ પછી સત્તા મેળવનારા ભાજપના મેયર રીતુ તાવડેના સત્તાવાર વાહન પર લાલ-બ્લુ કલરની ઝબુકતી લાઈટને લઈને છેલ્લા બે-ત્રણ દિવસથી સોશ્યલ મિડિયા સહિત અખબારોમાં અહેવાલ આવવાની સાથે જ વિરોધપક્ષે પણ ભાજપ સહિત રીતુ તાવડેની આકરી ટીકા કરી હતી.

વીઆઈપીનું પ્રતિક ગણાતી વાહન પર લાલ લાઈટ પર ભાજપની સરકારે જ પ્રતિબંધ મુક્યો હતો, છતાં મુંબઈના મેયરની નવી ગાડી પર ઝબુકતી લાઈટ બેસાડવામાં આવતા

(જુઓ પાનું ૪) ▸▸

# થાણેની આદિવાસી સગીરાને લગ્ન માટે વેચી દેવાનો આરોપઃ છ જણ સામે ગુનો

## પીડિતાને ખેતરના ઘરમાં બંધ કરી રાખી બળાત્કાર ગુજારાયો

થાણેઃ થાણે જિલ્લાના ભિવંડીથી પંદર વર્ષની આદિવાસી સગીરાનું અપહરણ કરી તેને મરાઠવાડા રિજનના બીડ જિલ્લામાં લગ્નને નામે આધેડ પુરુષને વેચી દેવામાં આવી હતી. પોલીસે આ પ્રકરણે સગીરાના 'પતિ' સહિત છ જણ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. પીડિતાનું અત્યંત ગરીબી અને માતા-પિતાની ગેરહાજરીને કારણે શોષણ કરવામાં આવ્યું હતું. ૨૬ ફેબ્રુઆરીએ એજન્ટ અને તેના સાથીદારોએ સગીરાનું અપહરણ કર્યું હતું, જેમણે લગ્ન દ્વારા સુખી જીવનનું આશ્વાસન તેને આપ્યું હતું, પરંતુ તેમણે સગીરાને બીડના પટોડા ખાતે આધેડ પુરુષને વેચી દીધી હતી, એમ થાણે ગ્રામીણ પોલીસના અધિકારીએ કહ્યું હતું.

સગીરાને ધમકાવવામાં આવી હતી અને ૨૭ માર્ચે ગેરકાયદે લગ્ન માટે તેના પર દબાણ કરવામાં આવ્યું હતું. ૨૭ ફેબ્રુઆરીથી ૧૦ માર્ચ દરમિયાન તેના 'પતિ' ભાઉસાહેબ તાંબએ તેને ખેતરમાં બાંધેલા પતરાના ઘરમાં બંધ કરી રાખી હતી અને તેના પર બળાત્કાર ગુજાર્યો હતો.

આ કેસની તપાસ ચાલી રહી હોઇ હજી સુધી કોઇની પણ ધરપકડ કરવામાં આવી નથી, એમ અધિકારીએ કહ્યું હતું. (પીટીઆઇ) ■

# ટેસ્ટમાં રમવા માગું છું, પરંતુ ટી-૨૦માં ફાવટ આવી ગઈ છેઃ સૂર્યા

નવી દિલ્હીઃ ભારતના વર્લ્ડ કપ વિજેતા કેપ્ટન સૂર્યકુમાર યાદવનું કહેવું છે કે તે ટેસ્ટ ક્રિકેટ રમવા માંગે છે. તેને વન-ડે ક્રિકેટ અનુકૂળ આવી રહ્યું નથી, પરંતુ ટી-૨૦ તેની તાકાત છે કારણ કે તેમાં તેની ફાવટ આવી ગઈ છે. પીટીઆઈ સાથેના એક ખાસ પોડકાસ્ટ ઇન્ટરવ્યૂમાં સૂર્યકુમાર યાદવે કહ્યું હતું કે તે હવે ટી-૨૦ ક્રિકેટમાં માસ્ટર થઈ ગયો છે અને તેમાં રમવામાં સરળતા અનુભવે છે. એક કલાક લાંબી વાતચીત દરમિયાન સૂર્યકુમાર ભારતને વર્લ્ડ કપમાં શાનદાર સફળતા અપાવ્યા પછી એકદમ હળવા અને ખુશ જોવા મળ્યો હતો. તેણે ટેસ્ટ ક્રિકેટ ન રમવા પરની પોતાની નિરાશા વિશે ખુલ્લેઆમ વાત કરી હતી.

સૂર્યકુમારે સ્મિત સાથે યાદ અપાવ્યું કે તેણે ઓસ્ટ્રેલિયા સામે એક ટેસ્ટ મેચ રમી હતી, જેમાં તે ફક્ત એક જ ઇનિંગ રમી શક્યો હતો. સૂર્યકમારે કહ્યું હતું કે તમારા ભાગ્યમાં જે લખ્યું હોય છે તે તમને મળે છે. મેં પણ રેડ બોલ ક્રિકેટથી રમવાની શરૂઆત કરી હતી અને ૧૦-૧૨ વર્ષ સુધી રણજી ટ્રોફી રમી હતી. હું મુંબઈમાં ઘણું બધું રેડ-બોલ ક્રિકેટ રમ્યો છું કારણ કે જો તમે મુંબઈમાં મોટા થયા છો તો તમે લાલ બોલથી શરૂઆત કરો છો, તેથી બધું લાલ બોલની આસપાસ ફરે છે.

તેણે કહ્યું હતું કે પરંતુ ધીમે ધીમે જ્યારે અમે વ્હાઈટ બોલ ક્રિકેટ રમવાની શરૂઆત કરી તો મને તે ખૂબ પસંદ આવવા લાગ્યું. તે પછી મને આ ફોર્મેટ (ટી-૨૦)માં રસ પડ્યો. મેં વન-ડે (૫૦ ઓવરના ક્રિકેટ) માં પણ સારું રમવાનો ખૂબ પ્રયાસ કર્યો, પરંતુ બહુ હાંસલ કરી શક્યો નહીં. ભારતીય કેપ્ટને કહ્યું હતું કે, ''ટી-૨૦ ક્રિકેટમાં જે રીતે બધુ ચાલી રહ્યું છે તે જોતા મને તેમાં ખૂબ ફાવટ આવી ગઈ છે.''

જ્યારે સૂર્યકુમારને પૂછવામાં આવ્યું કે શું તેને તક મળશે તો ટેસ્ટ ક્રિકેટ રમવાનું પસંદ કરશે, ત્યારે તેણે સ્પષ્ટપણે જવાબ આપ્યો હતો કે મને ખૂબ આનંદ થશે કારણ કે જેમ મેં જણાવ્યું કે મેં ૨૦૧૦-૧૧ થી ૨૦૨૦ સુધી ઘણું બધું રેડ-બોલ ક્રિકેટ રમ્યો છું. રેડ બોલ સાથે રમવાના દસ વર્ષ ખૂબ લાંબો સમય છે. મને આ ફોર્મેટ ખૂબ જ પસંદ હતું. સ્વાભાવિક રીતે, જો તક મળશે તો કોણ ટેસ્ટ ક્રિકેટ રમવા માગશે નહીં?

જોકે ૩૫ વર્ષની ઉંમરે સૂર્યકુમાર માટે ટેસ્ટ ટીમમાં સ્થાન મેળવવું લગભગ અશક્ય છે. તેણે એકમાત્ર ટેસ્ટ ૨૦૧૩માં નાગપુરમાં ઓસ્ટ્રેલિયા સામે રમી હતી જ્યારે તેણે એક ઇનિંગમાં આઠ રન કર્યા હતા. તે જ વર્ષે તેણે ઓસ્ટ્રેલિયા સામે વન-ડે વર્લ્ડ કપની ફાઇનલ રમી હતી જેમાં ૨૮ બોલમાં ૧૮ રન કર્યા હતા. જોકે ફાઈનલમાં ભારત હારી ગયું હતું અને સૂર્યકુમાર ફરી ક્યારેય આ ફોર્મેટમાં રમ્યો નથી.

જ્યારે સૂર્યકુમારને પૂછવામાં આવ્યું કે શું વન-ડેનું કોઈ ભવિષ્ય નથી ત્યારે તેણે કહ્યું કે ''મને લાગે છે કે મેં જે અનુભવ કર્યો છે અને નજીકથી જોયું છે તેના આધારે વન-ડે ક્રિકેટ એક એવું ફોર્મેટ છે જ્યાં તમારે ત્રણ અલગ અલગ રીતે બેટિંગ કરવી પડે છે. ક્યારેક જો તમે શરૂઆતમાં બેટિંગ કરવા જાવ છો. જો વિકેટો વહેલી પડી જાય છે તો તમારે ટેસ્ટ ક્રિકેટની જેમ બેટિંગ કરવી પડે છે. પછી તમારે વન-ડેની જેમ સારા સ્ટ્રાઇક રેટથી બેટિંગ કરવી પડે છે અને ટી-૨૦ની જેમ ઇનિંગ્સની છેલ્લી ઓવરોમાં બેટિંગ કરવી પડે છે. તેથી તે એક એવું ફોર્મેટ છે જે હું ક્યારેય સમજી શક્યો નથી. મેં તેને રમવા માટે મારા શ્રેષ્ઠ પ્રયાસો કર્યા છે, પરંતુ તે એક પડકારજનક ફોર્મેટ છે.

સૂર્યકુમારે ૨૦૨૩ વન-ડે વર્લ્ડ કપ દરમિયાનની તૈયારીઓ અને માહોલને પણ યાદ કર્યો હતો. તેણે કહ્યું હતું કે જ્યારે હું ૨૦૨૩ વન-ડે વર્લ્ડ કપ માટે ટીમ સાથે હતો અને તેમાં રમ્યો હતો ત્યારે તે ફોર્મેટનું વાતાવરણ, ફાઇનલ પહેલાની તૈયારીઓ, ૨૦૨૬ અને ૨૦૨૪ ટી-૨૦ વર્લ્ડ કપમાં રમાયેલી મેચોથી સંપૂર્ણપણે અલગ હતી. એટલા માટે તેનું આકર્ષણ અલગ છે. વન-ડે ક્રિકેટની પણ પોતાનું અલગ આકર્ષણ છે. ટી-૨૦ તો તેનાથી પણ અલગ છે. ■



### ઈશાનને અંતરાત્માના અવાજ સાંભળી પસંદ કર્યો હતો

ભારતીય કેપ્ટન સૂર્યકુમાર યાદવે જણાવ્યું હતું કે ટી-૨૦ વર્લ્ડ કપ ટીમમાં 'પાવર હિટર' ઇશાન કિશનને પસંદ કરવાનો નિર્ણય સંપૂર્ણપણે મનના અવાજના આધારે લેવામાં આવ્યો હતો કારણ કે તેને અનુભવ થયો હતો કે બિહારના આ બેટ્સમેનમાં 'એક્સ ફેક્ટર' છે જે મેચોમાં નિર્ણાયક સાબિત થઈ શકે છે. સૂર્યકુમાર યાદવને જ્યારે પૂછવામાં આવ્યું હતું કે શું તે આંકડા પર ચાલનારો કેપ્ટન છે કે પછી મનની વાત સાંભળે છે? જિતેશ શર્માના બદલે ઈશાનની પસંદગી પાછળનું કારણ શું હતું. જેના જવાબમાં સૂર્યાએ કહ્યું કે ''આ નિર્ણય સંપૂર્ણપણે મનના અવાજના કારણે લેવાયો હતો. તે સમયે જિતેશ શર્મા માટે તે ખૂબ જ મુશ્કેલ હતું કારણ કે તે એક વર્ષથી વધુ સમયથી ટીમ સાથે હતો. અને તે રમી રહ્યો હતો. જો તે ન રમી રહ્યો હોત, તો વાત અલગ હોત.

### બેથી ત્રણ ટી-૨૦ ટીમ છે આપણી પાસે

કેપ્ટન સૂર્યકુમાર યાદવનું માનવું છે કે ભારતમાં ટી-૨૦ ક્રિકેટમાં એટલી બધી પ્રતિભા છે કે ટીમ ઈન્ડિયા બે કે ત્રણ આંતરરાષ્ટ્રીય સ્તરની ટીમોને એકસાથે મેદાનમાં ઉતારી શકે છે અને આનું શ્રેય ઉત્તમ સ્થાનિક માળખું અને ફ્રેન્ચાઇઝ ઇકોસિસ્ટમને જાય છે. સૂર્યકુમારે વર્તમાન ટીમને ભારતની શ્રેષ્ઠ ટી-૨૦ ટીમ ગણાવી હતી. તેણે કહ્યું કે આઈપીએલ, ફ્રેન્ચાઈઝી ક્રિકેટ અને પછી સ્થાનિક ક્રિકેટ છે. તમે જોઈ શકો છો કે દર વર્ષે કેટલા ખેલાડીઓ ઊભરી રહ્યા છે. તમે ઇચ્છો તેટલી ટી-૨૦ ટીમો બનાવી શકો છો. આપણો આધાર એટલો મજબૂત છે કે બે કે ત્રણ પ્લેઈંગ ઈલેવન બનાવી શકાય છે.

### સંજુનું સિલેકશન નિર્ણાયક હતું

ભારતની ફાઈનલ જીતમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવનારા બેટ્સમેન સંજુ સેમસનને ઓપનિંગમાં ઉતારવાનો નિર્ણય પણ નિર્ણાયક સાબિત થયો હતો. કેરળનો આ બેટ્સમેન સેમિફાઇનલ અને ફાઇનલમાં ૮૯ રન ફટકારી પ્લેયર ઓફ ધ ટુર્નામિન્ટ બન્યો હતો.

સૂર્યકુમારે કહ્યું હતું કે, ''સંજુ સેમસન ટીમમાં આવ્યા પછી બધું બદલાઈ ગયું. તે એક વ્યૂહાત્મક નિર્ણય પણ હતો કારણ કે ટોપમાં આક્રમક બેટ્સમેનના કારણે વિરોધી ટીમ માટે તેમના ઓફ-સ્પિનરોને મેદાનમાં ઉતારવાનું સરળ બન્યું. સંજુને યોગ્ય સમયે ટીમમાં સામેલ કરવામાં આવ્યો હતો અને જે રીતે તે રમ્યો, તે તેનો હકદાર હતો. સંજુ સતત મહેનત કરી રહ્યો હતો.

### જીતનું શ્રેય સંઘભાવનાને

સૂર્યકુમારે વર્લ્ડ કપમાં ટીમની સફળતાનો શ્રેય ડ્રેસિંગ રૂમમાં અપનાવવામાં આવેલા સંઘભાવનાને આપ્યો હતો અને કહ્યું કે ખેલાડીઓ અને સપોર્ટ સ્ટાફ વચ્ચેના સહિયારા દ્રષ્ટિકોણથી આ ફોર્મેટમાં ૮૦ ટકાની શાનદાર જીત દર હાંસલ કરવામાં મદદ મળી હતી. સૂર્યકુમારે કહ્યું હતું કે ''અમે દ્વિપક્ષીય મેચો રમી અને આઈસીસી ટૂર્નામેન્ટમાં કંઈક બીજું થયું. હું આંકડાઓ પર વધારે ધ્યાન આપતો નથી પણ મને કોઈ પણ મેચમાં હાર મળવી પસંદ નથી. જો ડ્રેસિંગ રૂમમાં દરેક વ્યક્તિ એક જ દિશામાં આગળ વધે તો જ તમે આવી જીત હાંસલ કરી શકો છો.''

### ૧૫માંથી ૧૪ ખેલાડી પર મારી અને ગંભીરમાં સહમતી હતી

કેપ્ટન સૂર્યકુમારે ટીમના મુખ્ય કોચ ગૌતમ ગંભીર સાથેના તેના મજબૂત સંબંધો પર પણ પ્રકાશ પાડ્યો હતો અને ખુલાસો કર્યો હતો કે તેને ટીમની કેપ્ટનશિપ સોંપાઈ અને ગંભીરે કોચ તરીકેનો કાર્યભાર સંભાળ્યા પછી જ્યારે તેઓ પહેલી વાર ટીમ પસંદ કરવા બેઠા ત્યારે બંને લગભગ એકસરખો મત ધરાવતા હતા. અમે બંનેએ આપેલા ટીમના ૧૫ સભ્યોમાંથી ૧૪ નામ એક સમાન હતા. તેનો અર્થ એ કે વિચારસરણી સમાન હતી. જ્યારે લક્ષ્યો સ્પષ્ટ હોય છે ત્યારે કોઈ દલીલો થતી નથી, ફક્ત ચર્ચાઓ થાય છે.''તેમની સફળતા છતાં સૂર્યકુમારે કહ્યું કે તેમના વ્યક્તિગત સંબંધોમાં કોઈ ફેરફાર થયો નથી. હું હજુ પણ તેમને 'ગૌતી ભાઈ' કહું છું. તે એક નાના ભાઈ અને મોટા ભાઈ જેવો સંબંધ છે.''

## રોહિત-કોહલી સાથેના સંબંધો પર ટીમ ઈન્ડિયાના કૉચની સ્પષ્ટતા



# માણસ છું, મારાથી પણ ભૂલો થઈ હશેઃ ગંભીર

નવી દિલ્હીઃ ભારતીય પુરુષ ક્રિકેટ ટીમના મુખ્ય કોચ ગૌતમ ગંભીરે પ્રથમવાર રોહિત શર્મા અને વિરાટ કોહલી સાથે તેમના સંબંધોને લઈને ખુલાસો કર્યો હતો. ગંભીરે સ્વીકાર કર્યો હતો કે છેલ્લાં દોઢ વર્ષમાં તેમણે કેટલીક ભૂલો કરી હશે, પરંતુ તેમના ઇરાદા હંમેશાં સાચા રહ્યા છે.

ગૌતમ ગંભીરે કહ્યું હતું કે, ''હું પણ માણસ છું અને મને ભૂલો કરવાની છૂટ હોવી જોઈએ. ખેલાડીઓને પણ ભૂલો કરવાનો અધિકાર છે અને મેં છેલ્લા ૧૮ મહિનામાં ભૂલો કરી હશે અને હું તેનાથી પીછેહટ કરતો નથી. પરંતુ હું હંમેશાં માનું છું કે સાચા ઇરાદા સાથે લેવાયેલો ખોટો નિર્ણય પણ સ્વીકારી શકાય છે, પરંતુ ખોટા ઇરાદા સાથે લેવાયેલો નિર્ણય ડ્રેસિંગ રૂમમાં સંપૂર્ણપણે અસ્વીકાર્ય છે.''

ગૌતમ ગંભીરે વધુમાં કહ્યું હતું કે, જ્યાં સુધી હું મારા ડ્રેસિંગ રૂમની સામે ઊભા રહીને આંખોમાં આંખો નાખીને જોઈ શકું છું અને તેમની સાથે પ્રામાણિકપણે વાત કરી શકું છું ત્યાં સુધી મને લાગે છે કે હું મારી જવાબદારી સારી રીતે નિભાવી રહ્યો છું. નોંધનીય છે કે ગંભીર કોચ બન્યાના થોડા મહિના પછી ભારતના બે સૌથી અનુભવી ખેલાડીઓ વિરાટ કોહલી અને રોહિત શર્માએ ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાનો નિર્ણય લીધો હતો.

સોશ્યલ મીડિયા પર રોહિત શર્મા અને વિરાટ કોહલી સાથેના તેમના સંબંધો વિશે સતત ચર્ચા થઈ રહી છે તે અંગે તેમને પૂછવામાં આવતા ગંભીરે કહ્યું કે તેમના માટે એ ખૂબ જ સરળ છે કે તેઓ બધું જ ઈમાનદારીથી કરી રહ્યા છે, તેઓ ડ્રેસિંગ રૂમમાં દરેક સાથે ઈમાનદાર છે, ફક્ત એક કે બે લોકો સાથે નહીં. તેઓ આસિસ્ટન્ટ કોચ સુધી દરેક સાથે ઈમાનદાર છે. તેઓ તેમની સાથે આંખોમાં આંખ નાખીને વાત કરી શકે છે. મને લાગે છે કે તેઓ પોતાની જવાબદારી સાથે યોગ્ય કામ કરી રહ્યા છે. ■



# માહીભાઈ પાસેથી શીખવા ઉત્સુકઃ સંજુ સેમસન


ચેન્નઈઃ ટી-૨૦ વર્લ્ડ કપમાં શાનદાર પ્રદર્શન કરનાર ભારતીય સ્ટાર સંજુ સેમસને સોમવારે જણાવ્યું હતું કે તે આગામી ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)માં ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે) ના દિગ્ગજ કેપ્ટન એમ.એસ. ધોની સાથે જોડાઈને તેમની પાસેથી ઘણું શીખવા માટે ઉત્સુક છે. પોતાની આઈપીએલ કારકિર્દીનો મોટો હિસ્સો રાજસ્થાન રોયલ્સમાં વિતાવનાર આ ભારતીય વિકેટકીપર-બેટ્સમેન હવે સીએસકેના રંગમાં જોવા મળશે, જ્યારે બંને ટીમો ૩૦ માર્ચે ટૂર્નામેન્ટની તેમની પ્રથમ મેચમાં સામસામે ટકરાશે.પત્રકારો સાથે વાત કરતા સેમસને કહ્યું હતું કે, મેં માહી ભાઈ સાથે ફોન પર વાત કરી છે અને તેમની સાથે સંવાદ પણ કર્યો છે, પરંતુ એક જ ટીમના ભાગ બનીને તેમની સાથે રમવું એ મોટી વાત હશે. હું તેને તેમની પાસેથી શીખવાની એક તક તરીકે જોઉં છું.જોકે તકનીકી રીતે આ મેચ ૨૦૦૮ ના ચેમ્પિયન રાજસ્થાન રોયલ્સ માટે હોમ ગ્રાઉન્ડ પરની મેચ હશે, પરંતુ સેમસને જણાવ્યું હતું કે વિરોધી ટીમમાં હોવાને કારણે લાગણીઓ અલગ હશે.

૩૧ વર્ષીય ખેલાડીએ ભારપૂર્વક કહ્યું હતું કે તે મેદાન પર લાગણીઓને પોતાના પ્રદર્શન પર હાવી થવા દેશે નહીં. તેણે ઉમેર્યું કે, ''હું સીએસકે માટે રમવા માટે ઉત્સુક છું અને ચાહકો તરફથી મળી રહેલા પ્રેમ બદલ આભારી છું. હું પ્રથમ વખત રાજસ્થાન રોયલ્સ સામે રમીશ, પરંતુ મને લાગ્યું કે તે ટીમમાં મારો સમય પૂરો થઈ ગયો છે એટલે મેં સાથ છોડ્યો. હવે જ્યારે તેમની સામે રમીશ, ત્યારે હું મારું સર્વશ્રેષ્ઠ ક્રિકેટ રમીશ.''

ટી-૨૦ વર્લ્ડ કપ પહેલાના ખરાબ ફોર્મ બાદ સેમસને આત્મચિંતન કર્યું હતું અને વર્લ્ડ કપ જીતવાના અનુભવને ''આધ્યાત્મિક ક્ષણ'' ગણાવી હતી. ■

## અબરાર અહેમદની ખરીદી પર સનરાઈઝર્સને ઝાટકી ગાવસકરે કહ્યું કે

# 'આ જ પૈસાનો ઉપયોગ ભારતીયોનું લોહી રેડવા માટે પણ થઇ શકે છે'







નવી દિલ્હીઃ ઇંગ્લેન્ડની ફ્રેન્ચાઇઝ લીગ 'ધ હંડ્રેડ'ની હરાજીમાં પાકિસ્તાની ખેલાડીને ખરીદ્યા બાદ કાવ્યા મારન સતત ટીકાનો સામનો કરી રહી છે. વાસ્તવમાં સનરાઇઝર્સ લીડ્સે ફ્રેન્ચાઇઝ લીગ 'ધ હંડ્રેડ'ની ખેલાડીઓની હરાજીમાં પાકિસ્તાની સ્પિનર અબરાર અહેમદને ૧.૯૦ લાખ પાઉન્ડ એટલે કે આશરે ૨.૩૪ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. સનરાઇઝર્સ લીડ્સ સન ગ્રૂપની માલિકીની છે. સન ગ્રૂપ ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) ટીમ સનરાઇઝર્સ હૈદરાબાદની પણ માલિકી ધરાવે છે.

સુનીલ ગાવસકરે પોતાની કોલમમાં લખ્યું હતું કે, ''ભારત અને પાકિસ્તાન વચ્ચે છેલ્લા ઘણા વર્ષોની ઘટનાઓને જોતાં આવી પ્રતિક્રિયા સ્વાભાવિક છે.

ગાવસકરે યાદ કર્યું કે ૨૦૦૮ના મુંબઈ હુમલા પછી પાકિસ્તાની ખેલાડીઓને આઈપીએલમાં મેદાનમાં ઉતારવામાં આવ્યા નથી. ૨૦૧૯માં પુલવામા હુમલો અને ૨૦૨૫માં પહલગામ હુમલો જેવી ઘટનાઓએ ભારતમાં લાગણીઓને વધુ સંવેદનશીલ બનાવી.''

સુનીલ ગાવસકરે વધુમાં જણાવ્યું હતું કે જો ભારતની માલિકીની ટીમ પાકિસ્તાની ખેલાડીને પૈસા ચૂકવે છે, તો તે પૈસા કરના રૂપમાં પાકિસ્તાની સરકાર સુધી પહોંચે છે, જેનો ઉપયોગ શસ્ત્રો ખરીદવા માટે થઈ શકે છે. આનો અર્થ એ છે કે પાકિસ્તાની ખેલાડીઓને આપવામાં આવેલા પૈસાનો ઉપયોગ ભારતીયોનું લોહી વહેવડાવવા માટે થઈ શકે છે. ■

# ગુજરાત હાઈ કોર્ટે કિરણ મોરે અને અન્ય ત્રણને બીસીએની ચૂંટણી લડવા માટે ગેરલાયક ઠેરવ્યા

અમદાવાદઃ ગુજરાત હાઈ કોર્ટે સોમવારે ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર કિરણ મોરે અને અન્ય ત્રણને બરોડા ક્રિકેટ એસોસિએશન (બીસીએ) ની ચૂંટણી લડવા માટે ગેરલાયક ઠેરવ્યા છે. કોર્ટે વિવિધ પદો માટે તેમના ઉમેદવારી પત્રો સ્વીકારવાના રિટર્નિંગ ઓફિસરના નિર્ણયને રદ કર્યો છે.

જસ્ટિસ નિરલ આર મહેતાએ એ અરજીનો સ્વીકાર કરી લીધો છે જેમાં સુપ્રીમ કોર્ટના એ ચુકાદાને ટાંકવામાં આવ્યો છે જેમાં ક્રિકેટ સંસ્થામાં ઉમેદવારોના નવ વર્ષનો કુલ કાર્યકાળ પૂર્ણ કરવો અને ફરજિયાત બ્રેક (કૂલિંગ-ઓફ પિરિયડ)નો ઉલ્લેખ હતો.

કોર્ટે ચૂંટણી અધિકારીના એ નિર્ણયને રદ્દ કરી દીધો છે જેમાં તેમણે પદાધિકારીઓના પદ માટે મોરે, અમૂલ જિકર, અનંત ઇન્દુલકર અને અમર પેટીવાલેના ઉમેદવારી પત્રો સ્વીકારવામાં આવ્યા હતા અને ૨૨ ફેબ્રુઆરીના રોજ જાહેર કરાયેલ ઉમેદવારોની અંતિમ યાદીમાં તેમના નામ પ્રકાશિત કરવામાં આવ્યાં હતાં.

અરજીનો સ્વીકાર કરતા કોર્ટે કહ્યું કે પ્રતિવાદીઓ બીસીએના પદાધિકારીઓના પદ માટે ચૂંટણી લડવા માટે અયોગ્ય છે. કોર્ટે કહ્યું હતું કે, પરિણામે ચૂંટણી અધિકારી દ્વારા પદાધિકારીઓના પદ માટે પ્રતિવાદીઓના નામાંકન પત્રો સ્વીકાર કરવાનો અને ૨૨ ફેબ્રુઆરીના રોજ જાહેર કરાયેલી ઉમેદવારોની અંતિમ યાદીમાં તેમના નામ પ્રકાશિત કરવાનો નિર્ણય રદ કરવામાં આવે છે.

કોર્ટે રિટર્નિંગ ઓફિસરને નિર્દેશ આપ્યા હતા કે તે ચૂંટણી પ્રક્રિયાને આગળ વધારે અને કાયદો અને આદેશમાં કરવામાં આવેલી ટિપ્પણીઓ અનુસાર પરિણામો જાહેર કરે. કોર્ટે પ્રતિવાદીઓની વચગાળાની વ્યવસ્થાની વિનંતીનો સ્વીકાર કરી લીધો છે અને તેમને કોર્ટના આદેશને લઈને અપીલ કરવા માટે બે અઠવાડિયાનો સમય આપ્યો હતો. ■

# ચાહકોને રાહતઃ ચિન્નાસ્વામીમાં જ રમાશે આરસીબીની મૅચો

બેંગલૂરુઃ કર્ણાટક સરકારે સોમવારે કર્ણાટક સ્ટેટ ક્રિકેટ એસોસિએશન (કેએસસીએ) અને રોયલ ચેલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી) ને આ વર્ષે એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) મેચોનું આયોજન કરવા માટે ઔપચારિક મંજૂરી આપી દીધી છે. આનાથી સ્ટેડિયમમાં આઈપીએલ મેચોના આયોજન અંગે લાંબા સમયથી ચાલી રહેલી અનિશ્ચિતતાનો અંત આવ્યો હતો. ગયા વર્ષે આરસીબી ચેમ્પિયન બન્યું ત્યારબાદ અહીં આયોજિત કરવામાં આવેલા સમારોહ દરમિયાન થયેલી ભાગદોડમાં અનેક લોકોનાં મોત થયાં હતાં. આઈપીએલમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન આરસીબી ઓપનિંગ મેચમાં સનરાઇઝર્સ હૈદરાબાદનો સામનો કરશે. આ મેચ અગાઉના સમયપત્રક મુજબ એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રમાશે. કર્ણાટક સરકારે કર્ણાટકના ગૃહપ્રધાન પરમેશ્વરની અધ્યક્ષતામાં રાજ્ય સરકાર દ્વારા રચાયેલી નિષ્ણાત સમિતિ અને કેએસસીએ, આરસીબી અને તેમની મેનેજમેન્ટ કંપની ડીએનએના પ્રતિનિધિઓ વચ્ચેની બેઠક બાદ ઔપચારિક મંજૂરી આપી હતી. ■

# હાર્દિકે હવે પોતાની પૂરી ક્ષમતા દેખાડવી પડશેઃ હરભજન

નવી દિલ્હી : ભારતના ભૂતપૂર્વ સ્પિનર હરભજન સિંહનું માનવું છે કે જો પાંચ વખતની ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સે આગામી આઈપીએલમાં મજબૂત પડકાર ઊભો કરવો હોય તો કેપ્ટન હાર્દિક પંડ્યાએ પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરવું પડશે અને ટીમનું નેતૃત્વ આગળથી કરવું પડશે. પંડ્યાની કેપ્ટનશિપમાં મુંબઈ ઈન્ડિયન્સ પાંચ વર્ષના ટ્રોફીના દુષ્કાળનો અંત કરવા અને લીગના ઇતિહાસમાં સૌથી સફળ ટીમ બનવાનું લક્ષ્ય રાખશે.

હરભજને એક કાર્યક્રમમાં કહ્યું હતું કે ''મને લાગે છે કે હાર્દિક પંડ્યાએ પોતાનું વાસ્તવિક ફોર્મ બતાવવું પડશે. તેને પોતાની શ્રેષ્ઠ રમત રમવી પડશે. જ્યારે તે પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરે છે તો ફક્ત બેટ્સમેન તરીકે જ નહીં પરંતુ બોલર તરીકે પણ મોટો ફરક પડશે.''





તેમણે કહ્યું હતું કે, ''આપણે તેને ટી-૨૦ વર્લ્ડ કપમાં બોલિંગ કરતા જોયો હતો. તેઓ બોલિંગમાં શાનદાર પ્રદર્શન કર્યું. તેણે આઈપીએલમાં પણ આવું જ કરવાની જરૂર છે. જ્યારે કોઈ કેપ્ટન નેતૃત્વ કરી રસ્તો બતાવે છે ત્યારે બધા તેને અનુસરે છે. આ બધું વિશ્વાસ પર આધાર રાખે છે.''

ભૂતપૂર્વ સ્પિનરે કહ્યું હતું કે, ''જો હાર્દિક અને તેની ટીમ પહેલા દિવસથી જ એવો વિશ્વાસ કરી લે છે કે તેઓ અહીં ફક્ત સ્પર્ધા કરવા માટે જ નહીં, પરંતુ છઠ્ઠી વખત ટ્રોફી જીતવા માટે આવ્યા છે તો મુંબઈ ઈન્ડિયન્સ માટે પરિસ્થિતિ ખૂબ જ ઝડપથી બદલાઈ શકે છે. ટીમ મેનેજમેન્ટ ક્વિન્ટન ડી કોક અને રિયાન રિકેલ્ટન બંનેને પ્લેઈંગ ઈલેવનમાં એકસાથે મેદાનમાં ઉતારશે નહીં. મને નથી લાગતું કે મુંબઈ ઈન્ડિયન્સ ટીમ મેનેજમેન્ટ ક્વિન્ટન ડી કોક અને રિકેલ્ટન બંનેને પ્લેઈંગ ઈલેવનમાં એકસાથે મેદાનમાં ઉતારશે. તેમાંથી ફક્ત એક જ ઓપનિંગ ઓર્ડરમાં હશે.''

હરભજને કહ્યું કે રોહિત શર્મા ઓપનિંગની જવાબદારી સંભાળશે, જ્યારે ડી કોક અથવા રિકેલ્ટન તેની સાથે ઇનિંગની શરૂઆત કરશે. મુંબઈ ઈન્ડિયન્સ પાસે ટોચના ક્રમમાં રોહિત શર્મા પણ છે. ■

# તન-મન-ધનથી રહો તરોતાજા

## ચારિત્ર્ય વગરની સંપત્તિ ટકશે નહીં




ગૌરવ મશરૂવાળા
feedback@bombaysamachar.com

આપણે સૌ જાણીએ છીએ કે રાવણ ભગવાન શિવનો ભક્ત હતો. તેથી લક્ષ્મીદેવીએ તેના પર ઐશ્વર્ય વરસાવવાની કૃપા કરેલી. રાવણ પાસે અઢળક સંપત્તિ હતી, સત્તા હતી. એની નગરી સોનાની લંકા તરીકે ઓળખાતી. રાવણ શા માટે મર્યો? શા માટે એની સંપત્તિનો નાશ થયો?

શા માટે યુધિષ્ઠિરએ પોતાની સઘળી સંપત્તિ ગુમાવવી પડી? એમને જુગાર રમવાની આદત હતી.

રાવણ અને યુધિષ્ઠિરના મન અંશાત હતાં. રાવણને એની બહેન શૂર્પણખાએ ઉશ્કેર્યો હતો કેમ કે ભૂતકાળમાં લક્ષ્મણે એનો અસ્વીકાર કર્યો હતો. રાવણ ઉશ્કેરણીને વશ થઈ ગયો. સૌથી પહેલાં શૂર્પણખાએ રાવણના અંહકારને છંછેડ્યો અને પછી સીતા વિશે વાત કરીને એની લાગણીઓને ઓર ભડકાવી. રામ સાથે યુદ્ધ ચાલી રહ્યું હતું તે દરમિયાન ઘણાએ રાવણને શરણાગતિ સ્વીકારી લેવા માટે વિનવણી કરી હતી, પણ એનો અહંકાર એને આમ કરતાં રોકતો હતો.

યુધિષ્ઠિર જુગારના નશામાં વશમાં થઈ ગયા હતા.

અહંકાર, વાસના, જાતિય આનંદ આ બધી માણસના ચારિત્ર્યને શિથિલ કરી નાખતી લાગણીઓ છે.

ચારિત્ર્ય એટલે શું? વર્તન ખરાબ ચારિત્ર્ય એટલે ખરાબ ઉદ્દેશ સાથે થતું ખરાબ વર્તન. એવું વર્તન જે આપણને, આપણા પરિવારને, સમાજને અને સમસ્ત બ્રહ્માંડ સુધ્ધાંને નુકસાન પહોંચાડે છે.

આપણું અસ્તિત્વ ટકી રહ્યું છે અને વિકસી રહ્યું છે તેનું કારણ આપણું પર્યાવરણ છે, આપણું બ્રહ્માંડ છે. જો પર્યાવરણને નુકસાન પહોંચાડીશું તો આપણા વિકાસ માટે કારણભૂત એવાં પરિબળોને જ નુકસાન કરી બેસીશું.

એક સાદું ઉદાહરણ લઈએ. દારૂડિયો પોતાના શરીરને નુકસાન પહોંચાડે છે. સૌથી પહેલાં તો એ દારૂ ખરીદવામાં પૈસા બરબાદ કરશે અને માંદા પડ્યા પછી સારવારમાં એનાં વર્તન અને વ્યવહારથી એના પરિવારમાં ઉપદ્રવ પેદા થશે, ઘરનાઓએ ક્ષોભમાં મુકાવું પડશે. પરિવારમાં શાંતિનો માહોલ ખતમ થઈ જશે. કામ કરવાના સ્થળે, સમાજમાં એ એકલો પડી જશે. એનું આત્મસન્માન ઘવાતું રહેશે. દારૂડિયાઓના આત્મસન્માનનું સ્તર હંમેશાં નીચે હોય છે. આપણામાંથી કેટલા પોતાની સંસ્થામાં દારૂડિયાને નોકરી આપશે? કોણ પોતાની બહેન-દીકરીનો હાથ એક શરાબીના હાથમાં સોંપવાનું પસંદ કરશે? આ સૌની સીધી અને આડકતરી અસર શરાબીના સ્વાસ્થ્ય પર પડવાની જ. આ વાત માત્ર દારૂડિયાઓને જ નહીં, દારૂ જેવી તમામ બૂરી આદતના બંધાણીઓને લાગુ પડે છે.

અલબત્ત, મંદિરમાંથી બહાર નીકળેલો માણસ વૃદ્ધ ભિખારી પ્રત્યે સહેજ પણ દયાભાવ ન દેખાડે તે શક્ય છે. સામે પક્ષે રાતે દારૂના પીઠામાંથી બહાર નીકળેલો માણસ અકસ્માતને કારણે રસ્તા પર ઘવાયેલા પડેલા માણસને સહેજ પણ સમય બગાડ્યા વગર દવાખાને પહોંચાડે તે પણ શક્ય છે. અહીં ચર્ચા કોણ શું કરે છે એની નથી, પણ કઈ પરિસ્થિતિમાં માણસ કેવી પ્રતિક્રિયા આપે છે તેના વિશે વાત થઈ રહી છે. જે તે પરિસ્થિતિમાં માણસના વર્તન પરથી એના ચારિત્ર્યની કસોટી થાય છે.

આપણે દારૂડિયાનું દષ્ટાંત જોયું. હવે થોડાં બીજાં ઉદાહરણો જોઈએ. એક માણસ હંમેશાં છુટ્ટે હાથે સ્કૂલો, કૉલેજો, ધાર્મિક સંસ્થાનો, વગેરેને દાન કરે છે. અલબત્ત, આ બધું તો પોતાનો અહમ સંતોષવા માટે કરે છે. એ આયોજકોને પૂછી સુધ્ધાં લે છે કે હું અમુક રકમનું ડોનેશન આપું તો તમે સારું બહુમાન કેવી રીતે કરશો, મારા નામની તકતી ક્યાં મૂકશો. છાપામાં કેટલું કવરેજ મળશે, વગેરે. ધીમેધીમે દાન દઈને પ્રસિદ્ધિ મેળવવાની એની નબળાઈ દઢ થતી ગઈ. જેણે આ મહાશય પાસેથી પૈસા જોઈતા હોય એણે ફક્ત એને મહત્ત્વ આપવાનું, એને મોટા ભા બનાવવાના. આ મહાનુભાવનો દાન કરવાનો માપદંડ સંસ્થાને નાણાંની ખરેખર કેટલી ઉપયોગિતા છે તે જોવાનો નહીં પણ એની પાસેથી સારી એવી રકમ પડાવી જાય છે. કોઈ એને ચેરમેન બનાવી દે છે, તો કોઈ પ્રેસિડેન્ટ. એક વાર તો એ જેના ચેરમેનપદ પર બિરાજમાન છે એવી એક સંસ્થાના કાળાં કરતૂત બહાર પડ્યા હતા. એમના પર આરોપ મુકાયો, ધરપકડ સુધ્ધાં થઈ. મિથ્યામિભાન ખરાબ ચારિત્ર્યની નિશાની છે.

જાતજાતનાં કૌભાંડો, સટ્ટાબાજી, પોન્ઝી સ્કીમો, વગેરેનો લોકો ભોગ બને છે તેનું કારણ એમની લાલચવૃત્તિ હોય છે. એમને 'ક્વિક મની' કમાઈ લેવા હોય છે. લાલચ ખરાબ ચારિત્ર્યની નિશાની છે.

બિલ્ડરો હંમેશાં ઈચ્છતા હોય છે કે મ્યુનિસિપલ કમિશનર ભ્રષ્ટ અને કાયદાનો ભંગ કર્યો હોય તોય આંખ આડા કાન કરી લે તેવો હોય કે જેથી એને પૈસા ખવડાવીને ધાર્યાં કામ કરાવી શકાય. નિયમો અને કાયદા ચાતરીને ઊભી કરેલી ઈમારતો પૂર કે ધરતીકંપ જેવી કુદરતી આફત ત્રાટકે છે ત્યારે પત્તાંના મહેલની જેમ તૂટી પડે છે. કેટલાય લોકોનો જીવ જાય છે. પેલા ભ્રષ્ટ અધિકારીએ નોકરી ખોવી પડે છે, એની બદનામી થાય છે. એના આખા પરિવારે સહન કરવું પડે છે તે નફામાં. સૈન્ય સાથે ચડાઈ કરવા આવેલા સેનાપતિએ દુશ્મનના પ્રધાનને લાંચ આપી હોય અને બદલામાં પ્રધાને કોઈ પણ રીતે એમને કિલ્લામાં ઘૂસવાની ગોઠવણ કરી આપી હોય એવા ઘણા કિસ્સા ઈતિહાસના પાને નોંધાયો છે. આવા કિસ્સામાં રાજ્યદ્રોહી પર ધનદોલતનો વરસાદ કરી નાખવામાં આવતો હશે. એ વાત અલગ છે કે કિલ્લા પર કબજો જમાવ્યા પછી સૌથી પહેલું મસ્તક પણ એનું જ વધેરાય છે. એના પરિવાર પર આભ તૂટી પડે છે. ધનની લાલચમાં દુશ્મન સૈન્યને સગવડ કરી આપનાર અધિકારીનું ચારિત્ર્ય શિથિલ છે. સરકારી બાબુઓને પૈસા ખવડાવીને કામ પતાવી આપવાની હોશિયારી ધરાવતા કર્મચારીને એની કોર્પોરેટ ઓફિસ ખૂબ ઊંચો પગાર આપતી હોય એમ બને. પણ આવા કર્મચારી પર નથી કોઈ ભરોસો મૂકતું કે નથી કોઈ માન આપતું.

ગણ્યું ગણાય નહીં એટલું નાણું ભેગું કરીને બેઠેલા અંધારી આલમના કેટલા ગુંડા પોતાના દીકરા પણ આજ લાઈનમાં આવે એવું ઈચ્છતા હશે? એક રૂપજીવિની ક્યારેય નહીં ઈચ્છે કે એની દીકરી પણ શરીર વેચવાનું કામ કરે. કોઈ ભ્રષ્ટ અધિકારી એવું નહીં ઈચ્છે કે એનાં સંતાનો પોતાના નકશે કદમ પર આગળ વધે. વાસ્તવમાં આ સૌ કદાચ પોતાનાં સંતાનોને કશેક દૂર મોકલી દેવાની તજવીજ કરશે કે જેથી પોતાના કાળાં કામના છાંટા એમને ન ઊડે. જો આમ જ કરવું હોય તો ખોટે માર્ગે પૈસોટકો ભેગો કરવાનો મતલબ શો છે?

તો ચાલો, કોઈ પણ કામ કરતાં પહેલાં આપણા અંતરાત્માને પૂછીએ કે શું હું આ શુદ્ધ મનથી કરી રહ્યો છું? આપણે પોતાની જાત સાથે ખુશ છીએ કે કેમ તે આખરે તો આપણો માંહ્યલો જ નક્કી કરતો હોય છે. જો આપણે આંતરિક શાંતિનો અનુભવ કરતાં હોઈશું તો એનો અર્થ એ કે આપણે સાચા રસ્તે ચાલી રહ્યા છીએ. જો આપણે અંદરથી અશાંત રહેતા હોઈશું અને ખુદનાં કૃત્યો બદલ બીજાઓ તો ઠીક, જાત સામે પણ ખુલાસા કરવા પડતા હોય ('આવું બધું તો કરવું પડે, તો જ જીવી શકાય, આખો વખત રાજા હરિશ્ચંદ્ર બની રહેવાનો મતલબ નથી'), તો તેનો મતલબ એ થયો કે આપણે ભીતર વધારે ઊંડા ઊતરીને આત્મમંથન કરવાની જરૂર છે. ■

**યોગિક વેલ્થ**

***જીવનના દરેક તબક્કે અને ઉંમરે કામ અને આનંદ વચ્ચે સંતુલન જળવાઈ રહેવું જોઈએ, કેમ કે તે તબક્કો અને તે ઉંમર ફરીથી આવવાનાં નથી***

---

**ફાઈનાન્સના ફંડા**

મિતાલી મહેતા

## ૩ X ઈમર્જન્સી રૂલ

## નાણાકીય સ્થિરતા માટે આ છે એક સરળ માર્ગદર્શન




આ શ્રેણીના અગાઉના લેખોમાં આપણે વ્યક્તિગત નાણાકીય આયોજનના કેટલાક સરળ 'થંબ રૂલ્સ' વિશે ચર્ચા કરી હતી. આ નિયમો આપણને પૈસાના વિકાસ, તેની યોગ્ય ફાળવણી અને નિવૃત્તિ દરમિયાન ભંડોળના આયોજનને સમજવામાં મદદરૂપ થયા છે. આ તમામ પાસા સંપત્તિ સર્જન, એસેટ એલોકેશન અને નાણાકીય સ્વતંત્રતા જેવા મહત્ત્વના વિષયોને આવરી લે છે.

જોકે, સંપત્તિમાં વધારો થાય કે પોર્ટફોલિયોનું ઑપ્ટિમાઇઝેશન થાય તે પહેલાં દરેક નાણાકીય આયોજન માટે એક મજબૂત આધાર હોવો જરૂરી છે અને તે છે અનપેક્ષિત પરિસ્થિતિઓ માટેની નાણાકીય તૈયારી.

આ જ વિચાર આપણને વ્યક્તિગત નાણાકીય આયોજનના આઠમા નિયમ તરફ લઈ જાય છે ઈમર્જન્સી રૂલ, જેને સામાન્ય રીતે '૩X ઈમર્જન્સી રૂલ' તરીકે ઓળખવામાં આવે છે. જો અગાઉના નિયમો સંપત્તિ વધારવા પર કેન્દ્રિત હતા તો આ નિયમ તેનું રક્ષણ કરવા પર ધ્યાન આપે છે.

**શું છે ૩X ઈમર્જન્સી રૂલ?**

૩X ઈમર્જન્સી રૂલ મુજબ, દરેક વ્યક્તિ અથવા પરિવાર પાસે ઓછામાં ઓછું એટલું ઈમર્જન્સી ફંડ હોવું જોઈએ જે તેમના ત્રણ મહિનાના આવશ્યક ખર્ચ જેટલું હોય.

તેનું ગણિત અત્યંત સરળ છે:

ઈમર્જન્સી ફંડ = ૩ X માસિક આવશ્યક ખર્ચ

ઉદાહરણ તરીકે: જો તમારા પરિવારનો માસિક આવશ્યક ખર્ચ ₹૫૦,૦૦૦ હોય, તો અંદાજે ₹૧.૫ લાખનું ઈમર્જન્સી ભંડોળ તમારી પાસે તૈયાર હોવું જોઈએ. આ ભંડોળ એક પ્રાથમિક નાણાકીય સુરક્ષા કવચ તરીકે કામ કરે છે.

**આવશ્યક ખર્ચમાં કોનો સમાવેશ થાય?**

ગણતરી કરતી વખતે માત્ર અનિવાર્ય ખર્ચાઓને જ ધ્યાનમાં લેવા જોઈએ:

* રહેઠાણના ખર્ચ: ઘરનું ભાડું અથવા હોમ લોનના ઈએમઆઈ.
* રસોડું અને યુટિલિટી: કરિયાણું, દૂધ, વીજળી અને ગેસ બિલ.
* વીમા પ્રીમિયમ: હેલ્થ અને લાઈફ ઈન્સ્યોરન્સના હપ્તા.
* શિક્ષણ: બાળકોની સ્કૂલ ફી અથવા અન્ય ફરજિયાત શૈક્ષણિક ખર્ચ.
* પરિવહન: પેટ્રોલ, ડીઝલ અથવા મુસાફરીનો પાયાનો ખર્ચ.

નોંધ: વેકેશન, બહાર જમવું અથવા મોંઘી ચીજવસ્તુઓની ખરીદી જેવા વૈકલ્પિક ખર્ચનો આ ગણતરીમાં સમાવેશ થતો નથી.

### આ નિયમ કેમ મહત્ત્વનો છે?

જીવન હંમેશાં પૂર્વનિર્ધારિત યોજના મુજબ ચાલતું નથી. નોકરીમાં અચાનક બદલાવ, તબીબી કટોકટી, કુટુંબ સંબંધિત જવાબદારીઓ કે ઘરના રિપેરિંગ-મરામત જેવા ખર્ચ ગમે ત્યારે આવી શકે છે.

આવા સમયે, જે લોકો પાસે ઈમર્જન્સી ફંડ નથી હોતું, તેમને ઘણીવાર તેમના લાંબા ગાળાનાં રોકાણો અધવચ્ચેથી તોડવા પડે છે. આનાથી તાત્કાલિક મુશ્કેલી તો ઉકેલાઈ જાય છે, પરંતુ વર્ષોની મહેનતથી બનાવેલી નાણાકીય યોજના ખોરવાઈ જાય છે.

ઈમર્જન્સી ફંડનો મુખ્ય હેતુ વળતર કમાવવાનો નથી, પણ સ્થિરતા આપવાનો છે. આ ફંડ એક 'શોક-એબ્ઝોર્બર' (આંચકા સહન કરનાર) તરીકે કામ કરે છે, જે તમને તણાવપૂર્ણ સ્થિતિમાં પણ તમારા લક્ષ્યોને નુકસાન પહોંચાડ્યા વગર આગળ વધવામાં મદદ કરે છે.

### ઈમર્જન્સી ફંડ ક્યાં રાખવું?

આ ફંડનો મુખ્ય હેતુ સહેલાઈથી ઉપાડી શકાય તેવી ઉપલબ્ધતા છે. તેથી તેને એવાં સાધનોમાં રાખવું જોઈએ જ્યાંથી તે જોખમ વિના તુરંત મળી શકે:

* સેવિંગ્સ એકાઉન્ટ: તત્કાલ ઉપલબ્ધતા માટે.
* લિક્વિડ મ્યુચ્યુઅલ ફંડ: સ્થિરતા અને સરળ નિકાસ માટે.
* સ્વીપ-ઇન ફિક્સ્ડ ડિપોઝિટ: બચત ખાતા કરતા થોડું વધુ વળતર અને સરળતા માટે.
* મની માર્કેટ ઇન્સ્ટ્રુમેન્ટ્સ: ટૂંકા ગાળાની સુરક્ષિત બચત માટે.

આ માત્ર શરૂઆત છે, અંતિમ મર્યાદા નહીં

૩X રૂલ એ એક પ્રારંભિક માપદંડ છે. દરેક પરિવારની સ્થિતિ અલગ હોય છે. જો તમારી આવક અનિયમિત હોય, તમારા પર નિર્ભર સભ્યો વધુ હોય અથવા તમારી નાણાકીય જવાબદારીઓ મોટી હોય તો તમારે માટે ૬ મહિના કે ૧ વર્ષના ખર્ચ જેટલું ભંડોળ રાખવું વધુ હિતાવહ છે.

મહત્ત્વનું એ છે કે, ગમે તેટલી નાની રકમથી પણ આ ભંડોળ બનાવવાની શરૂઆત કરવી.

**ટૂંકમાં...**

નાણાકીય આયોજન માત્ર સંપત્તિમાં વૃદ્ધિ કે ચક્રવૃદ્ધિ વ્યાજની ગણતરી પૂરતું નથી તેનો સાચો પાયો સ્થિરતા છે. ઈમર્જન્સી ફંડ કદાચ આકર્ષક વળતર ન આપે, પરંતુ તે તમને 'માનસિક શાંતિ' જરૂર આપે છે.

જ્યારે જીવન અણધાર્યો વળાંક લે ત્યારે તમારી નાણાકીય સ્થિતિ તે આંચકાને સહન કરવા તૈયાર હોય તો એ જ એ સૌથી શક્તિશાળી વ્યૂહરચના ગણાય...■

---

feedback@bombaysamachar.com

**આરોગ્ય એક્સપ્રેસ**

અનંત મામતોરા

## ચમકદાર ચહેરો ને વજન ઘટાડવું છે?




**તમારે** વજન ઘટાડવું હોય કે ત્વચાને વધુ પોષણ આપવું હોય તો આહાર સૌથી મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે અને આ આહાર એટલે 'રેન્બો ડાયેટ'. તે માત્ર વજન ઘટાડવાનું - સંચાલન કરવા માટે જ નહીં, પણ કુદરતી રીતે ત્વચાને તેજસ્વી ચમક પણ આપે છે. તો આવો, જાણી લઈએ, શું છે આહાર અને કઈ રીતે બરાબર એનું પાલન કરવું...

મોટાભાગે લોકો સ્વસ્થ- ચળકતી ત્વચા મેળવવા માટે મોંઘાં ઉત્પાદનો ખરીદે છે, જે સામાન્ય રીતે ફક્ત ઉપરછલ્લી સંભાળ પૂરી પાડે છે. ખરેખર કુદરતી રીતે તેજસ્વી ત્વચા પ્રાપ્ત કરવા માટે તમારે આવશ્યક પોષક તત્ત્વોથી ભરપૂર સંતુલિત આહાર લેવો જોઈએ.

હકીકતમાં આપણી દૈનિક આહારની આદતો ફક્ત આપણા સામાન્ય સ્વાસ્થ્યને જ નહીં, પરંતુ આપણી ત્વચાને પણ અસર કરે છે. નિષ્ણાતો વારંવાર સલાહ આપે છે કે કુદરતી ચમક પ્રાપ્ત કરવા વ્યક્તિએ તેમના આહારમાં શક્ય તેટલાં રંગબેરંગી ફળો અને શાકભાજીનો સમાવેશ કરવો જોઈએ. રેન્બો ડાયેટ પણ આ જ વાતને અનુસરે છે.

રેન્બો ડાયેટનું પાલન કરવાથી તમારા શરીરને વિટામિન અને ખનિજોનો પૂરતો પુરવઠો મળે છે. પરિણામે એ તમારી ત્વચા અને વાળ પર પણ સકારાત્મક અસરો દર્શાવે છે. આ આહારનું પાલન કરવાથી વિટામિન-સીથી લઈને છોડ આધારિત પ્રોટીન અને એમિનો એસિડ સુધીનાં પુષ્કળ પોષક તત્ત્વો મળે છે, જેથી એ કાયાને વધુ યુવાન દેખાડવામાં પણ મદદ કરે છે.

### રેન્બો ડાયેટમાં વિવિધ રંગોના ખોરાક

**લાલ રંગનો ખોરાક**

રેન્બો ડાયેટમાં લાલ રંગનાં ફળ અને શાકભાજીનો સમાવેશ થાય છે, જેમાં લાઈકોપીન, વિટામિન-સી અને એન્થોસાયનિન જેવાં પોષક તત્ત્વો હોય છે. આ પોષક તત્ત્વો તમારી ત્વચામાં કોલેજન (એક પ્રકારનું પ્રોટીન ) ના ઉત્પાદનની પ્રક્રિયામાં મદદ કરે છે, જ્યારે વિટામિન-સી રોગપ્રતિકારક શક્તિ વધારવાનું પણ કામ કરે છે. આ ખોરાકનું સેવન કરવાથી રક્ત પરિભ્રમણ પણ સુધરે છે, જેનાથી તમારી ત્વચા વધુ તેજસ્વી બને છે.

**તમારે કયો લાલ ખોરાક લેવો જોઈએ?**

રેન્બો ડાયેટના ભાગ રૂપે તમે ટામેટાં, તરબૂચ, સ્ટ્રોબેરી, બીટ, લાલ દ્રાક્ષ, ચેરી, સફરજન, દાડમ, કેસર અને શક્કરિયાં જેવા લાલ રંગના ખોરાકનો સમાવેશ કરી શકો છો. આ વિટામિન-સી, બી-કોમ્પ્લેક્સ વિટામિન અને આયર્ન સાથે પ્રદાન કરે છે.

**નારંગી- પીળા ખોરાક**

'રેન્બો ડાયેટ'માં નારંગી રંગના ખોરાકનો પણ સમાવેશ થાય છે, જે બીટા-કેરોટીન, લ્યુટીન અને આલ્ફા-કેરોટીનથી ભરપૂર હોય છે.

આ તમારી ત્વચા અને તમારા એકંદર સ્વાસ્થ્ય બંને માટે ફાયદાકારક છે. તે તમારી ત્વચાના બાહ્યતર સ્તરનું સ્વાસ્થ્ય જાળવવામાં અને તમારા કોષોને મજબૂત બનાવવામાં મદદ કરે છે.

**નારંગી- પીળા ખોરાકનાં સ્ત્રોત**

આમાંથી ગાજરને તમારા આહારમાં શામેલ કરવા માટે તમારી ટોચની પ્રાથમિકતા હોવી જોઈએ. વધુમાં શક્કરિયા, કોળું, પપૈયા, નારંગી, પીળા સિમલા મિર્ચ, લીંબુ અને જરદાળુ જેવાં ફળો અને શાકભાજીનો સમાવેશ કરો.

**લીલો ખોરાક**

લીલા રંગના ખોરાક ત્વચાની બળતરા અને ખીલ ઘટાડવામાં મદદરૂપ થાય છે. તેમાં ફોલેટ, ગ્લુકોસિનોલેટ્સ, આયર્ન, મેગ્નેશિયમ અને કેલ્શિયમ જેવા આવશ્યક ખનિજો અને વિટામિન હોય છે. આ પોષક તત્ત્વો ત્વચાના સોજાને ઘટાડવામાં મદદ કરે છે અને બળતરાને કારણે થતા વજનને નિયંત્રિત કરવામાં મદદ કરે છે.

**લીલા ખોરાકનાં સ્ત્રોત**

જ્યારે લીલા ખોરાકની વાત આવે છે ત્યારે તમે પાલક, મેથીના પાન, કેળાં અને અન્ય પાંદડાવાળા લીલા શાકભાજી જેવા વિવિધ લીલા શાકભાજીમાંથી પસંદ કરી શકો છો.

અન્ય વિકલ્પોમાં લેટ્યુસ, નાસપતી, કોબી, બ્રોકોલી, ધાણા, ફુદીનો, વટાણા, સિમલા મિર્ચ, દ્રાક્ષ, કીવી, કારેલા, કાકડી, એવોકાડો, લીલા મરચાં, આમળાં, લીલા સફરજન અને જામફળનો સમાવેશ થાય છે.

**વાદળી - જાંબલી ખોરાક**

આ ડાયેટમાં વાદળી અને જાંબલી રંગનાં ફળો અને શાકભાજીનો પણ સમાવેશ થાય છે. તેમાં શક્તિશાળી એન્ટીઑક્સિડન્ટો હોય છે, જે તમારી ત્વચાને ઓક્સિડેટીવ તણાવથી બચાવવામાં અને કોલેજનના નુકસાનને રોકવામાં મદદ કરે છે. તે ત્વચાને હાનિકારક યુવી કિરણો સામે રક્ષણ પણ પૂરું પાડે છે. વધુમાં તે ત્વચાનું વૃદ્ધત્વને રોકવામાં અસરકારક છે.

**વાદળી - જાંબલી ખોરાક સ્ત્રોત**

તમારે આહારમાં બ્લુબેરી, કાળી દ્રાક્ષ, જાંબલી કોબી, બ્લેકબેરી, રીંગણ, જામુન, પ્લમ અને પેશન ફ્રૂટ જેવી વસ્તુઓનો સમાવેશ કરવો જોઈએ.

**'રેન્બો ડાયેટ' શા માટે ફાયદાકારક છે?**

આ ડાયેટ અપનાવવું મુશ્કેલ નથી અને વધુમાં તેનાથી ફાયદા પણ અનેક છે. વિવિધ રંગોનાં ફળો અને શાકભાજીમાં વિટામિન, ખનિજો અને શક્તિશાળી એન્ટીઑક્સિડન્ટોની વિવિધ શ્રેણી હોય છે.

જ્યારે આ રંગબેરંગી ખોરાક તમારા રોજિંદા આહારમાં સામેલ કરવામાં આવે છે ત્યારે ત્વચાના કોષો મજબૂત બને છે અને કોલેજન-પ્રોટીનનું ઉત્પાદન વધે છે.

વધુમાં આ તમારા એકંદર સ્વાસ્થ્યને જાળવવામાં મદદરૂપ બને છે અને તમારું વજન સમતોલ રાખી શારીરિક તંદુરસ્તી જાળવી રાખવામાં મદદ કરે છે. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

feedback@bombaysamachar.com
આહારથી આરોગ્ય સુધી
ડૉ. હર્ષા છાડવા

# વાળની સમસ્યા માટે વીઆઈપી વિટામિન-B12




આજનો વર્તમાન સમય એ ટેક્નોલોજીનો સમય છે. જેના કારણે લોકોની લાઈફસ્ટાઈલમાં જબરું પરિવર્તન આવ્યું છે. જીવન જીવવાની શૈલી, ખાનપાનમાં બાહ્ય વસ્તુઓનો વપરાશ વધ્યો છે જેથી વિટામિન અને પોષક તત્ત્વોની ખામી વધુ જણાઈ રહી છે. નાની વયમાં વાળ ખરવાની સમસ્યા, અકાળે સફેદ થવાની સમસ્યાએ વધુ જોર પકડ્યું છે. આ સમસ્યાને ઠીક કરવું બહુ મુશ્કેલ નથી ફક્ત જાગૃતતાની જરૂર છે.

વીઆઈપી વિટામિન એટલે કે વિટામિન B12 છે. જે રેડ બ્લ્ડ સેલ માટે ડી.એન.એ. માટે જરૂરી છે. અસ્થિમજ્જામાં લાલ રક્ત કોશિકા (રેડ બ્લડ સેલ)ના ઉત્પાદન માટે જરૂરી છે. જો રક્ત કોશિકાનો આકાર પહોળો કે અનિયમિત થઈ જાય ત્યારે મેગાલો બ્લાસ્ટિક એનિમિયા નામક એક એનિમિયા થાય છે. વિટામિન B12 માઈલીન શીથ (કોશિકા ઉપરનું રક્ષણાત્મક આવરણ) સંશ્લેષણમાં ભૂમિકા ભજવે છે. એટલે કે તંત્રિકા તંતુઓને ઢાંકવાનું એક સુરક્ષાત્મક આવરણ છે. આ આવરણ ખુલ્લું થાય ત્યારે ઈલેક્ટ્રિક શોક લાગે તેવું થાય છે જેના કારણે હાથપગમાં ઝણઝણાટી કે સુનાપણું લાગે છે. ચાલવામાં તકલીફ થાય છે. યાદશક્તિ બગડે છે. અમીનો એસિડ અને ફેટી એસિડના ચયાપચન પણ ભાગ લે છે. જેથી ઊર્જા ઉત્પાદન થાય તે પણ ખોરવાય છે.

વાળના રોમ સુધી ઓક્સિજન અને પોષણ તત્ત્વો પહોંચાડવામાં પરિવહનનું કામ કરે છે. જેથી ખોપડીમાં રક્ત સંચાર વધે. વાળના રોમ ઉત્તેજિત થાય અને તેનો વિકાસ થાય. વિટામિન B12 કેરાટીનના ઉત્પાદનમાં સહાયક છે જે એક પ્રોટીન છે જે વાળની સંરચનાનું નિર્માણ કરે છે જેના કારણે વાળ ચમકદાર, મુલાયમ અને મજબૂત બને છે. મેલાલીનના ઉત્પાદનમાં પણ વિટામિન B12 આવશ્યક ભૂમિકા નિભાવે છે. જેથી વાળનો કાળો રંગ જળવાઈ રહે છે. નબળું મેલાલીનની ઊણપ વાળને અકાળે સફેદ બનાવી દે છે. સીબમ એક પ્રાકૃતિક તેલ જે ખોપડીમાં ઉત્પન્ન થાય છે. આ સીબમ બનાવવા પણ વિટામિન B12ની જરૂર પડે છે. સીબમના કારણે વાળનો વિકાસ થાય છે. આ વિકાસ અટકી જાય તો વાળ ખરવા લાગે છે.

વિટામિન B12 જેને કોબલમિન પણ કહેવાય છે. જે પાણીમાં ધુલનશીલ છે જેથી ચયાપચનમાં પણ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. ધુલનશીલ હોવાથી આ વિટામિનની જરૂરિયાત રોજ પડે છે. જો આ વિટામિન લાંબા સમય સુધી રહી શકત તો સમસ્યા ન થાય પણ સંગ્રહિત નથી થતો તેથી આની જરૂરિયાત રોજ પડે છે. તેના કારણે જ આને વીઆઈપી વિટામિન ગણવામાં આવે છે. શેમ્પૂ કે મોંઘીદાટ હેર ટ્રિટમેન્ટ કોઈ કામ આવતી નથી. શરીરમાં વિટામિન B12ની ઊણપ થાય તો વાળની સમસ્યા રહેવાની જ છે. વાળ માટેનો ધંધો ધમધોકાર ચાલવાનો જ છે. માટે જાગૃતિ જરૂરી છે. કોઈપણ બાહ્ય ચિકિત્સા કામ નથી આવવાની.

જે માંસાહારી છે તેમને વધુ સમસ્યા થતી નથી. શાકાહારીને સમસ્યા છે. આ વાત ખોટી છે. વ્યવસ્થિત આહાર નિયોજન આ સમસ્યાને ટાળી શકાય છે. દાદી-નાનીઓને આ સમસ્યા થઈ નથી. તેઓ પણ શાકાહારી જ હતા. પણ તેઓને આહાર કેવો લેવો, ક્યારે લેવો તેમજ બનાવવાની પદ્ધતિનું અનેરું જ્ઞાન હતું. અભણ હોવા છતાં પણ આહારની બાબતમાં વૈજ્ઞાનિક હતા. સવારમાં છાશ વલોવતા માખણ તાજું ખાતા. રાતે વધેલા ભાતમાં છાશ નાખીને ખવાતા, રોટલા કે રોટલીને દહીં સાથે કે માખણ સાથે ખાતા. જેથી સવારમાં જ અડધી ગરજ તો પૂરી થઈ જતી. વલોણું કરવામાં શરીરને કસરત મળી જતી. અલગ અલગ પ્રકારની કાંજીઓ માટલામાં બનાવતા. કાંજી એટલે ફરમેન્ટ કરેલું પીણું. જેથી વિટામિન B12 ભરપૂર મળતું. થેપલામાં છાશ અને અજમો નાખતા. જે બે દિવસ ટકી શકતા હતા. તેમાંથી પણ વિટામિન મળી રહેતું. જુવારના લોટ, બાજરાના લોટ, મકાઈના લોટની ઘેંસ બનાવી વાપરતા. જે છાશ નાખીને બને છે. પ્રાકૃતિક રીતે જે અથાણાં બનતા તે પણ વિટામિન B12નો સારો સ્ત્રોત છે. અથાણાં પ્રાકૃતિક રીતે બનેલા જ હોવા જોઈએ. પ્રિઝર્વેટિવ વાળા અથાણાં નહિ. ગાજરનું અથાણું કે કાંજી લેવાથી વાળને કેરાટીન મળી રહે છે.

શીતળા સાતમ એટલે વાસી ખાવાનું ખાવું જેને બાસોદા કહેવાય છે. એ દિવસે જે વાનગીઓ પ્રાકૃતિક રીતે બનતી તે બધી વિટામિન B12નો સ્રોત હતો. આજે પણ રાજસ્થાન રાજ્યમાં આ પરંપરા ઉજવવામાં આવે છે. દક્ષિણ ભારતના રાજ્યોમાં ઈડલી, ઢોંસા, અપ્પમ, ઇલિયપ્પમ જેવી વાનગીઓ બધી જ વિટામિન B12 નો જબરો સ્રોત ધરાવે છે. મહારાષ્ટ્રમાં બનતી આંબીલ, અનારસા જેવી વાનગી પણ ફરમેન્ટ કરીને બનાવવામાં આવે છે. ગુજરાતમાં થેપલા, હાંડવો, ઢોકળા, ઇદડા, ઢેબરા, ખાટાલોટ, સુરતીલોચો વગેરેમાં પણ આ વિટામિન મળી રહે છે.

યીસ્ટનો ઉપયોગ ઘરના ખાવામાં કરવાથી આ વિટામિનની સમસ્યા રહેતી જ નથી. યીસ્ટ એ વિટામિન-બીનો મોટો સ્રોત છે. આમાં લગભગ બધા જ પ્રકારના વિટામિન-બી મળી રહે છે. ઢોકળા, ઈડલી કે હાંડવો તેમજ તંદુરી રોટી ઘરે બનાવો ત્યારે સોડાની જગ્યાએ ડ્રાયયીસ્ટનો ઉપયોગ કરી આ વિટામિનની ગરજ સો ટકા જેટલી પૂરી કરી શકાય છે.

સંતરા, મોસંબી, ચીકુ, પપૈયું જેવા ફળમાં આ વિટામિન હાજર છે. આ બધી વસ્તુઓનો ઉપયોગ લોકો કરી રહ્યા છે પણ પ્રાકૃતિક રીતે જો વાનગીઓ બનાવામાં આવે. જીવનશૈલી સુધારવાથી જ આ સમસ્યા નિવારી શકાય છે. બાકી બધું જ બેકાર છે.

વિટામિન-બીના શોષણ માટે વિટામિન ડી-૩ની ગરજ પડે છે તે સૂર્યપ્રકાશથી જ મળી રહે છે. તડકાનો ઉપયોગ કરો. બહાર પ્રકૃતિ સાથે જોડાવાથી સમસ્યા રહેતી નથી. નકામી ટ્રિટમેન્ટોથી બચો. પોતાનો સમય અને પૈસા બચાવો.

‘નકામી બૂમો પાડતાં લોકોથી બચો.’ ■

feedback@bombaysamachar.com
વિશેષ
નિધિ ભટ્ટ

# હૃદયરોગના દર્દી માટે કઈ કસરત ફાયદાકારક છે?



આજકાલ હૃદય સંબંધિત રોગો ઝડપથી વધી રહ્યા છે. ખરાબ જીવનશૈલી, તણાવ, ખરાબ ખાવાની આદતો અને શારીરિક પ્રવૃત્તિનો અભાવ મુખ્ય કારણો છે. આવી સ્થિતિમાં, હૃદયને સ્વસ્થ રાખવા માટે નિયમિત કસરત અત્યંત મહત્ત્વપૂર્ણ બની જાય છે. કસરત રક્ત પરિભ્રમણને સુધારે છે, કોલેસ્ટ્રોલને સંતુલિત કરે છે અને બ્લડ પ્રેશરને નિયંત્રણમાં રાખે છે. તે વજનને નિયંત્રિત કરવામાં પણ મદદ કરે છે, જેનાથી હૃદય પર વધુ પડતી તાણ ઓછી થાય છે.

આ ઉપરાંત કસરત શરીરમાં ઓક્સિજન સપ્લાયમાં સુધારો કરે છે અને હૃદયના સ્નાયુઓને મજબૂત બનાવે છે. ડૉક્ટરોના મતે નિયમિત શારીરિક પ્રવૃત્તિ હૃદયરોગના હુમલા અને સ્ટ્રોકનું જોખમ પણ ઘટાડી શકે છે. તેથી યોગ્ય અને સલામત કસરત હૃદયરોગના દર્દીઓ માટે સારવારનો એક મહત્વપૂર્ણ ભાગ માનવામાં આવે છે. ચાલો જાણીએ કે કઈ કસરતો કરવી જોઈએ.

**હૃદયના દર્દીઓએ કઈ કસરતો કરવી જોઈએ?**

**ઝડપી ચાલવું**

હૉસ્પિટલના કાર્ડિયોલોજી વિભાગના ખ્યાતનામ ડૉ. સમજાવે છે કે દરરોજ ૨૦થી ૩૦ મિનિટ ઝડપથી ચાલવું હૃદયના દર્દીઓ માટે સલામત અને ફાયદાકારક માનવામાં આવે છે. તે રક્ત પરિભ્રમણને સુધારે છે, હૃદયના ધબકારાને નિયંત્રિત કરે છે અને સહનશક્તિ વધારે છે. નિયમિત ચાલવાથી વજન અને બ્લડ પ્રેશર પણ નિયંત્રિત થાય છે.

**સાઇકલિંગ**

હળવા અથવા મધ્યમ ગતિએ સાયકલ ચલાવવાથી હૃદય મજબૂત બને છે. તે એક ઓછી અસરવાળી કસરત છે જે સાંધા પર વધુ ભાર મૂકતી નથી. સાઈકલિંગ સહનશક્તિ સુધારે છે અને કોલેસ્ટ્રોલનું સ્તર જાળવવામાં મદદ કરે છે.

**તરવું**

તરવાથી આખા શરીરમાં સ્નાયુઓ સક્રિય થાય છે અને હૃદય માટે સારી કસરત છે. તે શરીર પર ઓછો ભાર મૂકતી વખતે સહનશક્તિ વધારે છે. નિયમિત તરવાથી બ્લડ પ્રેશર અને વજન નિયંત્રિત કરવામાં મદદ મળે છે.

**યોગ અને પ્રાણાયામ**

યોગ અને ઊંડા શ્વાસ લેવાની કસરતો તણાવ ઘટાડે છે. તણાવ ઓછો કરવાથી હૃદય પર તણાવ ઓછો થાય છે. પ્રાણાયામ ઓક્સિજન સપ્લાય સુધારે છે અને સંતુલિત હૃદય દર જાળવી રાખે છે.

**હળવા ખેંચાણ અને એરોબિક કસરત**

તમારા ડૉક્ટર દ્વારા ભલામણ કરાયેલ સૌમ્ય ખેંચાણ અને એરોબિક કસરત, લવચીકતા વધારે છે અને રક્ત પ્રવાહમાં સુધારો કરે છે. આ હૃદયના કાર્યમાં સુધારો કરે છે અને થાક ઘટાડે છે.

**આ બાબતો પણ ધ્યાનમાં રાખો**

હૃદયના દર્દીઓએ કસરત શરૂ કરતા પહેલા ડૉક્ટરનો સંપર્ક કરવો જોઈએ. હંમેશાં હળવી અને ધીમે ધીમે વધતી પ્રવૃત્તિથી શરૂઆત કરો. અચાનક શ્રમ ખતરનાક બની શકે છે. જો તમને કસરત દરમિયાન છાતીમાં દુખાવો, ચક્કર, શ્વાસ લેવામાં તકલીફ અથવા અસામાન્ય થાકનો અનુભવ થાય, તો તરત જ બંધ કરો અને ડોક્ટરનો સંપર્ક કરો.

નિયમિત બ્લડ પ્રેશર અને ખાંડની તપાસ પણ મહત્ત્વપૂર્ણ છે. પુષ્કળ પાણી પીવો અને ડિહાઇડ્રેશન ટાળો. યોગ્ય સમયે અને સલામત વાતાવરણમાં કસરત કરવી શ્રેષ્ઠ છે.

**સારા આહાર અને જીવનશૈલી પણ મહત્ત્વપૂર્ણ છે**

માત્ર કસરત જ નહીં પરંતુ સંતુલિત આહાર અને સ્વસ્થ જીવનશૈલી પણ હૃદય માટે જરૂરી છે. તળેલા અને ખારા ખોરાકને મર્યાદિત કરો. ફળો, શાકભાજી, આખા અનાજ અને પ્રોટીનયુક્ત ખોરાકનો સમાવેશ કરો. ધુમ્રપાન અને દારૂથી દૂર રહો. પૂરતી ઊંઘ લો અને તણાવ ઓછો કરવાનો પ્રયાસ કરો. નિયમિત આરોગ્ય તપાસનું સમયપત્રક બનાવો. યોગ્ય આહાર અને નિયમિત કસરતનું મિશ્રણ લાંબા ગાળે સ્વસ્થ હૃદય જાળવવામાં મદદ કરે છે. ■

feedback@bombaysamachar.com
ટૂંકું ને ટચ
રશ્મિ શુકલ

# વિટામિન-ડીને કરો આહારમાં સામેલ, નહીં તો...



**વિટામિન-ડી** આપણા રોજબરોજનાં આહારમાં ખૂબ જરૂરી છે. ભૂલથી પણ એને અવગણતા નહીં. નહીં તો આવશે માઠા પરિણામ. વિટામિન-ડી આપણા હાડકાને મજબૂત બનાવે છે એ તો આપણે સૌ જાણીએ જ છીએ. જોકે વિટામિન-ડીની ઊણપથી આખા શરીર અને આપણા સ્વાસ્થ્ય પર પણ ખરાબ અસર થાય છે.

વિટામિન-ડીની અછતથી શરીરમાં અમુક લક્ષણો જોવા મળે છે. જો સમયસર એનું નિદાન નહીં કરવામાં આવે તો સ્વાસ્થ્ય પર જોખમ તોળાવા લાગશે.

**વિટામિન-ડીની ઊણપથી થતી બીમારીઃ**

વિટામિન-ડીની અછત થવાથી હાડકાં નબળા થઈ જાય છે. ઓસ્ટિયોપોરોસિસ અને માયાપૈથી જેવી તકલીફો વધવા માંડે છે. આ સાથે જ ડિપ્રેશનની પણ સમસ્યા વકરે છે. આ સિવાય અનિંદ્રા, થાક, હાડકામાં દુઃખાવો, ડિપ્રેશન, વાળનું ખરવું, કમજોર સ્નાયુ, નિસ્તેજ ત્વચા અને વારંવાર બીમાર પડવાની તકલીફ શરૂ થાય છે.

જો આવી બધી તકલીફોનો સામનો કરવો પડતો હોય તો તરત જ ડૉક્ટરની સલાહ હેઠળ સારવાર લેવી.

આજકાલ આપણી વ્યસ્ત અને ફાસ્ટ જીવનશૈલીને કારણે લોકો પોતાના આરોગ્ય પર વધુ ધ્યાન નથી આપતાં. એને કારણે અનેક બીમારી વગર આમંત્રણે આપણા શરીરમાં ઘૂસી જાય છે.

**અછતના લક્ષણઃ** વિટામિન-ડીની અછત થતાં શરીરમાં અમુક ફેરફાર જોવા મળે છે. જેમકે...

હાડકાં અને માંસપેશીઓમાં દુખાવો, નબળાઈ આવવી.

વારંવાર શરદી અને ખાંસી થવી.

જખમને રૂઝ આવવામાં મોડું થવું.

**કારણઃ** વિટામિન-ડીની ઊણપ થવાનું સર્વ-સાધારણ કારણ પૂરતા સૂર્યપ્રકાશનો અભાવ છે. સાથે જ પોષણયુક્ત આહાર ન લેવાથી પણ વિટામિન-ડીની અછત વર્તાય છે. આ સિવાય ઉંમર વધવાની સાથે જ વિટામિન-ડી બનવાની ક્ષમતા ઘટી જાય છે.

**ઉપચારઃ** આપણને કુદરતે વિટામિન-ડીનો સ્ત્રોત આપ્યો છે અને એ છે સૂર્યપ્રકાશ. એથી જેમ બને એમ સવારનો કોમળ તડકો લેવાથી પણ આપણા શરીરને વિટામિન-ડી મળી રહે છે. દરરોજ સવારે ૧૫-૨૦ મિનિટ સૂર્યપ્રકાશમાં બેસવાથી વિટામિન-ડી આપણને પૂરતા પ્રમાણમાં મળી રહે છે. એ દરમિયાન ચહેરો અને હાથને ખૂલ્લા રાખવા જેથી કરીને સૂર્યપ્રકાશ એના પર પડે. સાથે જ આહાર પર પણ પૂરતું ધ્યાન આપવું જોઈએ. જેમ કે માછલી, માછલીનું તેલ, ઈંડાં, દૂધ અને અનાજને આપણાં રોજબરોજના આહારમાં સામેલ કરવાથી વિટામિન ડીની ઊણપને દૂર કરી શકાય છે.

તમારી ડાએટમાં કેલ્શિયમ અને વિટામિન ડીથી ભરપૂર ખાદ્ય પદાર્થોનો સમાવેશ કરવો જોઈએ. ■

feedback@bombaysamachar.com
મોજની ખોજ
સુભાષ ઠાકર

# વર્લ્ડ-કપ જો રમાય તો વર્લ્ડ -થાળી કે વર્લ્ડ તપેલી કે ચમચી કેમ નઈ?



AI

**અલ્યા ભાઈ,** હતો એક જમાનો કે પાંચ દિવસની ટેસ્ટ મેચ રમાતી, પણ પછી કઈ ટીમ, કેટલા રન, કેટલી વિકેટ... એ બધું યાદ રાખવું અઘરું પડવા લાગ્યું એટલે પચાસ ઓવરની શોધ કરી પછી કોઈએ કોમેન્ટ કરી કે અમારે મેચ જોવા સિવાય બીજા કોઈ કામધંધો હોય કે નઈ? એની ગંભીર અસરરૂપે પાણીકાપની જેમ ઓવરકાપ થઇ ને આવી ગયા ટ્વેંટી-ટ્વેંટી પર. પરિવર્તન સંસારનો ને ક્રિકેટનો નિયમ હોવાથી પ્રખર ભવિષ્યવક્તા સ્વામી સુભાષાનંદ એવી આગાહી કરે છે કે આમ જ જો ચાલ્યું તો નજીકના ભવિષ્યમાં ધીરે ધીરે એક-એક ઓવરની મેચ પછી માત્ર એક-એક બોલની ને છેવટે માત્ર ટોસ ઉછળીને જે ટીમ ટોસ જીતશે એને ટ્રોફી આપીને વાર્તા પૂરી કરવામાં આવશે. બોલો જય ક્રિકેટ.. જય હિંદ !

તાજેતરમાં ગયા અઠવાડિયે આખા વર્લ્ડને વર્લ્ડકપનો તાવ ચડેલો. લોકોના વિચારો વર્લ્ડકપમાં ડૂબેલા હતા. મોટરની બે હેડ લાઈટની જેમ બધાની આંખો ટીવી પર વર્લ્ડ કપ જોવા મંડાયેલી હતી. વિશ્વકપ જોતી વખતે ચંબુએ મને પૂછ્યું ‘અંકલ, આ ટ્વેંટી-ટ્વેંટી કેટલા ઓવરની હોય છે? કેટલા મહિના ચાલશે?’ મા-કસમ એના સવાલથી મને ટ્વેંટી-ટ્વેંટી જોવાને બદલે ટીક ટ્વેંટી પીવાનું મન થયું.

મારામાં ઈશુ પ્રવેશ્યો ‘હે ઈશ્વર, આ ચંબુને માફ ન કરતો ભલે એ જાણતો ન હોય કે પોતે શું પૂછી રહ્યો છે’ છતાં સ્વસ્થતા ગુમાવ્યા વગર હું બોલ્યો ‘ચંબુ, ટ્વેંટી -૨૦ એ વીસ ઓવરની મેચ છે.’

‘એ તો ખબર છે પણ રમે છે કોણ? ’ચંબુએ પૂછ્યું

‘હમણાં આ લાસ્ટ મેચ ન્યુઝીલેન્ડ સાથે.’

‘એ તો ખબર છે પણ સામે કોણ છે?’

‘સામે આપણે છીએ એટલે કે ભારત છે.’

ધીરે ધીરે મારા મગજની નસ ખેંચાવા લાગી.

‘અરે, એ તો ખબર છે. ન્યુઝીલેન્ડવાળા આવવાના હતા ખરા. બાય ધ વે, એ લોકોનો સ્કોર શું થયો?’

‘એ લોકો ૧૫૯ રને ઓલ આઉટ’ મેં હજી ધીરજ ગુમાવી નહોતી.

‘એ તો ખબર છે ઓલ આઉટ... પણ વિકેટ કેટલી ગઈ?’

આ પ્રશ્નથી મને એના માથામાં બેટ ફટકારવાનું ઝનૂન ઊપડ્યું.

પણ મને બેટ આપે કોણ? એના વાહિયાત સવાલથી હું ૬૦ ટકા બેભાન થઇ ગયો.

‘અરે અંકલ. ઓલ આઉટમાં ગતાગમ ન પડતી હોય તો ના પાડવાની એમાં બેભાન થોડું થઇ જવાય? મને તો ખબર છે કે...’

‘ચુપ એકદમ.. ચુપ થઈ જા હવે મગજની નસ ખેંચી તો તને આખો ખેંચી કાઢીશ, સમજ્યો?’ સાલુ ક્રિકેટમાં

હાંધાનીયે ખબર નથી પડતી ને ક્યારનો મંડી પડ્યો છે ‘મને ખબર છે’ એવું બોલી મારું બચેલું લોહી પીવા બેઠો

છે...’ હું ભડક્યો

‘એમ ભડકો નઈ, સાલુ લોહી તો તમે મારું પીવા બેઠા છો. કેટલી વારથી સવાલો કરું છું પણ તમે મોઢામાંથી બોલતા જ નથી કે આપણે ક્રિકેટ જોવા બેઠા છીએ, ઠેઠ હમણાં બોલ્યા કે આ ક્રિકેટ છે ને વિશ્વકપ રમાય છે અને મને તો ખબર છે કે..’

‘શું?’

‘કે મને ખબર નથી પડતી’ હવે મેં મારા થોડા બચેલા હોંશ પણ ગુમાવી દીધા. પછી તો આખી રાત બેભાન રહ્યો

સવારે દસ વાગે મોબાઈલ રણક્યો.

‘હલ્લો અંકલ. આવી ગયા હોશમાં? જુઓ, આવી નાની નાની બાબતોમાં હોંશ ગુમાવ્યા કરશો તો અડધી જિંદગી બેભાન અવસ્થામાં જ પૂરી થઇ જશે. જુઓ હું તો એટલું સમજુ કે જે કપમાં ફ્રેશ થવા માટે ચા-કોફી ન પી શકાતા હોય, જે કપમાં જીવવા માટે દવા કે મરવા માટે ઝેરનું ટીપું પણ ન પી શકાતું હોય, ગમને ભૂલવા શરાબનો પણ એક પેગ ન મારી શકાતો હોય. અરે, જેને ધોયા પછી પાણી પણ પી ન શકાતું હોય એવા વર્લ્ડકપને શું ધોઈ પીવો છે? પાંચ પાંડવો વચ્ચે એક દ્રૌપદી હોય એમ આખી ટીમ વચ્ચે એક જ કપ ને એ રકાબી વગરનો, ધિક્કાર છે આવા વર્લ્ડકપને. આ તો મારી કોઈ રાય લેતું નથી નઈતર બધાને એક-એક કપ આપી દઉં ને ચોખ્ખું કઈ દઉં કે વર્લ્ડ કપને બદલે વર્લ્ડ- થાળી, વર્લ્ડ-તપેલી કે વાટકી-ગ્લાસ કે વર્લ્ડ -ચમચી કેમ નઈ? સરખે ભાગે આપી તો શકાય બાકી તો કોઈ એકના ઘરે ઘરના ખૂણામાં ઘરના ઘરડા બા પડ્યાં હોય એમ પડ્યો રહે. જુઓ અંકલ, ટેસ્ટ હોય, વન ડે હોય કે ટ્વેંટી-ટ્વેંટી...આપણા જીવનમાં રોજ ટેસ્ટ જ છે. રમવા આવનાર બેટ્સમેનને ખબર નથી કે છેલ્લો બોલ કયો હશે એમ આપણને ખબર નથી કે આપણો છેલ્લો શ્વાસ કયો હશે, રમવા આવનાર બેટ્સમેન એકલો છે ને આઉટ કરવાવાળા અગિયાર છે. એમ પીચ પર રમવાવાળા એકલા ને આપણા જ માણસો આપણી આઉટ થવાની રાહ જોઇને બેઠા છે. જીવનમાં પણ કોઈ ગુગલી કોઈ ફૂલટોસ કોઈ ફાસ્ટ કોઈ સ્પીનર બનીને આવવાના. બોલ જોઇને આપણને રમતા આવડવું જોઈએ ખબર જ છે કે આઉટ તો થવાના છતાં નોટાઉટ થવાના પ્રયત્ન તો કરવો જ પડે. અને મૂળ વાત તો એ છે કે બોલર, વિકેટીકીપર કે ફિલ્ડર આઉટ-આઉટની ગમે તેટલી બૂમાબૂમ કરે પણ અમ્પાયર જ્યાં સુધી આઉટ ન બોલે ત્યાં સુધી આઉટ ન થવાય એમ ઈશ્વર આપણો અમ્પાયર છે એ જ્યાં સુધી આઉટ ન કરે ત્યાં સુધી જગતની કોઈ તાકાત આપણને આઉટ ન કરી શકે.’

‘વાહ વાહ ચંબુડા, આવું બ્રહ્મજ્ઞાન આવ્યું ક્યાંથી?’

‘અરે, મને તો ખબર છે. તમારે જાણીને શું કામ છે. એની વે, અંકલ.... હું હમણાં હોકીની મેચ જોવા બેઠો છું કોઈ પ્લેયરે સિક્સર મારી ૮૭ રન પૂરા કર્યા.’

માર્યા ઠાર...

‘ચંબુ, હોકીની મેચમાં રન ન હોય.’

‘મને તો ખબર છે કે..’

મગજ ગુમાવ્યા વગર ફોન કટ કરી રીંગટોન બદલ્યો

‘ઇતની શક્તિ હમે દેના દાતા મનકા વિશ્વાસ કમજોર હોના’ બીજું કરું શું ?

શું કહો છો? ■

# આરોગ્ય યોજનાઓના લાભાર્થીઓ પાસેથી નાણાં વસૂલતી હૉસ્પિટલો સામે એફઆઈઆર

મુંબઈઃ મહારાષ્ટ્રના આરોગ્ય પ્રધાન પ્રકાશ અબિટકરે સોમવારે રાજ્ય સરકાર દ્વારા સંચાલિત કેશલેસ આરોગ્ય યોજનાઓના લાભાર્થીઓ પાસેથી નાણાં વસૂલતી હોસ્પિટલો સામે એફઆઈઆર સહિત 'કડક કાર્યવાહી' કરવાની ચેતવણી આપી હતી, અને ભારપૂર્વક જણાવ્યું હતું કે દર્દીઓએ સારવાર માટે 'એક પણ રૂપિયો' ચૂકવવો ન જોઈએ.

આરોગ્ય પ્રધાને રાજ્ય વિધાનસભાને એવી માહિતી આપી હતી કે સરકારે આરોગ્ય યોજનાઓ હેઠળ આવરી લેવામાં આવેલા દર્દીઓ પાસેથી નાણાં વસૂલતી હોસ્પિટલો અંગેની લગભગ ૩૬૮ ફરિયાદોની તપાસ કરી છે અને ૬૦ લાખ રૂપિયાનો દંડ વસૂલ કર્યો છે.

મહાત્મા જ્યોતિબા ફૂલે જન આરોગ્ય અને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાઓ હેઠળ સારવાર આવરી લેવામાં આવી હોવા છતાં હોસ્પિટલો દર્દીઓ પાસેથી વધારાના પૈસા માગતી હોવાની ઘણી ફરિયાદો મળી હતી, એમ તેમણે જણાવ્યું હતું.

'આ યોજનાઓ હેઠળ, સારવાર સંપૂર્ણપણે મફત અને કેશલેસ હોવી જોઈએ. જો કોઈ હોસ્પિટલ દર્દીઓ પાસેથી પૈસા વસૂલશે, તો કડક કાર્યવાહી કરવામાં આવશે,' એવી ચેતવણી તેમણે આપી હતી અને નોંધ્યું હતું કે જોગવાઈઓનું ઉલ્લંઘન કરનારી ૧૨ હોસ્પિટલોને પહેલાથી જ યોજનાઓમાંથી દૂર કરવામાં આવી છે.

અબિટકરે જણાવ્યું હતું કે રાજ્ય સરકારની યોજનાને કેન્દ્રના આયુષ્માન ભારત કાર્યક્રમ સાથે જોડવાથી સારવારનો વ્યાપ વધ્યો છે.

અગાઉ, લગભગ ૧,૩૫૬ બીમારીઓને આવરી લેવામાં આવતી હતી, પરંતુ હવે સારવાર માટે ઊંચા પેકેજ દરો સાથે આ સંખ્યા વધારીને ૨,૩૦૦ કરવામાં આવી છે, એમ જણાવતાં તેમણે ઉમેર્યું હતું કે, આ કેશલેસ યોજનાઓ હેઠળ આવરી લેવામાં આવેલા તમામ નાગરિકો પાંચ લાખ રૂપિયા સુધીની સારવાર મેળવી શકે છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે સરકાર પારદર્શિતા સુધારવા અને અનિયમિતતાઓને રોકવા માટે પેનલમાં સામેલ હોસ્પિટલો દ્વારા ફરિયાદો ટ્રેક કરવા અને શંકાસ્પદ પ્રવૃત્તિઓ શોધવા માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) આધારિત દેખરેખનો ઉપયોગ કરી રહી છે.

તેમણે ગૃહને માહિતી આપી હતી કે દર ત્રણ મહિને યોજનાઓના અમલ અને કામગીરી પર દેખરેખ રાખવા માટે પાલક પ્રધાનોની આગેવાની હેઠળ અને વિધાનસભ્યો અને અધિકારીઓનો સમાવેશ કરતી જિલ્લા-સ્તરીય સમિતિઓની રચના કરવામાં આવી છે.

અબિટકરે વિધાનસભ્યોને તેમના મતવિસ્તારમાં હોસ્પિટલોનું સક્રિયપણે નિરીક્ષણ કરવા અને કોઈપણ ઉલ્લંઘનની જાણ કરવા વિનંતી પણ કરી હતી.'જો એક પણ ફરિયાદ અમારા ધ્યાનમાં આવે તો તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવશે,' એમ તેમણે કહ્યું હતું. ■

# બીડીડીના રહેવાસીઓને આખરે મળ્યું હકનું ઘર

## મુખ્ય પ્રધાન, નાયબ મુખ્ય પ્રધાનોની હાજરીમાં ચાવીનું વિતરણ




મુંબઈઃ નાયગાંવ બીડીડી ચાલ પુનર્વિકાસ પ્રોજેક્ટ હેઠળ ડો. બાબાસાહેબ આંબેડકર બીડીડી સંકુલના ૮૬૪ પુનર્વસન ફ્લેટ્સનું સોમવારે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના હસ્તે વિતરણ કરવામાં આવ્યું. આ પ્રોજેક્ટના પ્રથમ તબક્કામાં પૂર્ણ થયેલી પાંચ પુનર્વસન ઈમારતોના કુલ ૮૬૪ પાત્ર રહેવાસીઓને પ્રતીકાત્મક રીતે ફ્લેટ્સની ચાવીઓ સોંપવામાં આવી, જેમાં ૪૨૩ ફ્લેટ્સ પોલીસ વિભાગના નિવૃત્ત પોલીસ અધિકારીઓ, તેમના વારસદારો અને નાગરિકોને સુરક્ષા પૂરી પાડવા માટે કાર્યરત પોલીસ કર્મચારીઓ માટે છે.

ઘરની ચાવી લેતી વખતે નાગરિકોની આંખોમાં હર્ષના આંસુ હતા, ચાવી હાથમાં લેતી વખતે તેમના હાથ ધ્રૂજી રહ્યા હતા. હકના ઘરની ચાવી લેતી વખતે કેટલાક નાગરિકોના હૃદય ભરાઈ આવ્યા હતા. મુખ્ય પ્રધાને આનંદ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, આ મુંબઈનો એક એવો વિષય હતો જે રાજ્યમાં છેલ્લા ૪૦ વર્ષોથી ચર્ચાઈ રહ્યો હતો. ૨૦૧૪માં મુખ્ય પ્રધાન બન્યા પછી જ્યારે મેં બીડીડી ચાલના પુનઃવિકાસનો અભ્યાસ કર્યો, ત્યારે સમજાયું કે જૂની ઈમારતો અને બિલ્ડરોની અંદરોઅંદરની સ્પર્ધાને કારણે આ કામ અટકેલું હતું. દર વખતે નવો બિલ્ડર જૂના પ્રસ્તાવને ખોટો ગણાવી પોતાનો નવો પ્લાન લાવતો, જેના કારણે લોકોમાં પણ ભાગલા પડતા. પરિણામે, ૩૦-૩૫ વર્ષોથી આ પુનઃવિકાસનું સ્વપન પૂરું થતું નહોતું અને સમજાયું કે બિલ્ડરો પર ભરોસો રાખવો મુશ્કેલ છે, તેથી નિર્ણય લીધો કે સરકાર પોતે મ્હાડા દ્વારા આ પ્રોજેક્ટ પૂર્ણ કરશે' ફડણવીસે જણાવ્યું હતું. ■

# વિધાનભવનમાં એન્ટ્રીના ૨૦૦૦-૨૫૦૦ રૂપિયામાં વેચાતા પાસ માટે કર્મચારીઓએ નકલી લેટરહેડ બનાવ્યા

## ઉદ્યોગ પ્રધાને આપી વિધાન પરિષદમાં માહિતી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના ઉદ્યોગ પ્રધાન ઉદય સામંતે સોમવારે જણાવ્યું હતું કે વિધાનભવનના કેટલાક કર્મચારીઓએ તેમના વિભાગના નકલી લેટરહેડ તૈયાર કર્યા હતા, જેમાં અધિકારીઓના નામ અને સ્કેન કરેલી સહીઓ હતી, જેથી વિધાનભવનમાં પ્રવેશ માટે ૨,૦૦૦ થી ૨,૫૦૦ રૂપિયામાં વેચાતા પાસ તૈયાર કરી શકાય. તેમણે વિધાન પરિષદને એવી માહિતી આપી હતી કે આ અધિકારીઓ મહારાષ્ટ્ર ઔદ્યોગિક વિકાસ નિગમ (એમઆઈડીસી)ના હતા.

'૫૦ અધિકારીઓના નામ અને તેમના હોદ્દા સાથે એક ડમી લેટરહેડ તૈયાર કરવામાં આવ્યો હતો અને વિધાનભવન કાર્યાલયમાંથી પાસ મેળવવા માટે સ્કેન કરેલા સહીઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો,' એમ સામંતે જણાવ્યું હતું. મુખ્યમંત્રી કાર્યાલય (સીએમઓ)ને ફરિયાદ કરવામાં આવી હતી, જેમાં અધિકારીઓ પાસેથી ખુલાસો માગવામાં આવ્યો હતો.

'એવું જાણવા મળ્યું હતું કે રાજ્ય વિધાનસભાના કર્મચારીઓ ઘણા વિભાગોના ડમી લેટરહેડ તૈયાર કરે છે અને તેઓ પાસ તૈયાર કરવા માટે ૨૦૦૦-૨૫૦૦ રૂપિયા વસૂલ કરે છે. આ એક ગંભીર મુદ્દો છે,' એમ પ્રધાને જણાવ્યું હતું. જ્યારે રાજ્ય વિધાનસભાના અધિકારીઓએ આ ડમી લેટરહેડ બનાવવામાં સામેલ લોકોને પૂછપરછ કરી, ત્યારે આ કર્મચારીઓએ એવો દાવો કર્યો હતો કે આ તેમની પહેલી અને છેલ્લી ભૂલ છે, એમ પણ સામંતે જણાવ્યું, જેમણે આ પત્ર વિધાનસભા પરિષદના અધ્યક્ષ રામ શિંદેને પણ રજૂ કર્યો હતો. 'આવી વૃત્તિઓ સામે કડક કાર્યવાહી થવી જોઈએ અને રાજ્ય વિધાનસભાના કર્મચારીઓ આવું કરે છે તે ખોટું છે,' એમ સામંતે કહ્યું હતું. ■

# ગેસની સમસ્યાથી મોદીને લેવા દેવા નથીઃ રાઉત

મુંબઈ : ભાજપના નેતાઓ જૂઠું બોલી રહ્યા છે. તમે લોકોને વિશ્વાસમાં લઈને જણાવો કે સાચી પરિસ્થિતિ શું છે. તમે કયા આધારે કહી રહ્યા છો કે એક મહિનો ચાલે તેટલું ઇંધણ છે અને ગેસ કે ઇંધણની અછત નહીં સર્જાય? અખાતના દેશોમાં તેલના તમામ કુવાઓમાં આગ લાગી છે. ગઈકાલે ઈરાનના ખર્ગ નામના ટાપુ પર બોમ્બ ફેંકીને ઇંધણના કુવાઓ સળગાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ટ્રમ્પ કહી રહ્યા છે કે મને ઈરાન પર બોમ્બ ફેંકવામાં મજા આવે છે. જે માણસને માણસો મારવામાં મજા આવે છે, તે માણસના રાષ્ટ્ર સાથે મોદીએ ગુલામીનો કરાર કર્યો છે. ઇંધણની અછત છે, ગેસની અછત છે, એ વાત સ્વીકારવી જોઈએ. મુંબઈ જેવા મોટા શહેરમાં ૪૦ ટકા હોટલ વ્યવસાય બંધ થઈ ગયો છે. કામદારો ગામડે પરત ફરી રહ્યા છે, તે વાત સ્વીકારવી જોઈએ, એમ સંજય રાઉતે કહ્યું હતું. વધુમાં રાઉતે કહ્યું કે, માત્ર મોદીના નામે ભજન કરીને અને ધાર્મિક લાગણીઓ ભડકાવીને ઇંધણની અછત કે યુદ્ધનો અંત નહીં આવે. એલપીજી ગેસ માટેની લાઈનો પણ બંધ નહીં થાય. આ શબ્દોમાં સંજય રાઉતે ટીકા કરી હતી. ■

# હોમિયોપથી ડોક્ટરોને એલોપેથિક દવાઓ લખવાની મંજૂરી અંગે સરકાર હાઈ કોર્ટના આદેશની રાહ જોઈ રહી છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે સોમવારે વિધાનસભામાં જણાવ્યું હતું કે હોમિયોપેથી ડોકટરોને ચોક્કસ એલોપેથિક દવાઓ લખવાની મંજૂરી આપવાના મુદ્દા પર તેઓ કોર્ટના અંતિમ આદેશની રાહ જોઈ રહ્યા છે.

જોકે લગભગ ૮,૦૦૦ પ્રેક્ટિશનરોએ આને માટેનો ફરજિયાત બ્રિજ કોર્સ પૂર્ણ કર્યો છે.

રાજ્ય વિધાનસભામાં ધ્યાનાકર્ષક સૂચનાનો જવાબ આપતા, તબીબી શિક્ષણ ખાતાના રાજ્યકક્ષાના પ્રધાન માધુરી મિસાળે જણાવ્યું હતું કે મહારાષ્ટ્રના ગ્રામીણ અને અંતરિયાળ વિસ્તારોમાં એમબીબીએસ ડોકટરોની અછતને ધ્યાનમાં રાખીને સર્ટિફિકેટ કોર્સ ઇન મોર્ડન ફાર્માકોલોજી (સીસીએમપી) શરૂ કરવામાં આવ્યો હતો.

તેમણે એવી માહિતી આપી હતી કે, આ કાર્યક્રમ સાડા પાંચ વર્ષની બીએચએમએસની ડિગ્રી પૂર્ણ કરનારા ડોકટરોને જરૂર પડ્યે ચોક્કસ એલોપેથિક દવાઓ લખવાનું મર્યાદિત જ્ઞાન મેળવવા માટે વધારાનો એક વર્ષનો અભ્યાસક્રમ લેવાની મંજૂરી આપે છે.

'લગભગ ૮,૦૦૦ ડોકટરોએ આ કોર્ષ પૂર્ણ કર્યો છે, અને ૩૩ સંસ્થાઓ તાલીમ આપી રહી છે,' એમ તેમણે જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે કેટલાક એલોપેથિક ડોકટરો અને તેમના સંગઠનોએ આ કોર્સનો વિરોધ કર્યો હતો, અને ત્યારબાદ આ મામલો બોમ્બે હાઈકોર્ટ સુધી પહોંચ્યો હતો. ■

# છ મ્હાડા ક્લસ્ટર રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ્સ વિચારણા હેઠળ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શહેરમાં મહારાષ્ટ્ર હાઉસિંગ એન્ડ એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટી (મ્હાડા)ના છ ક્લસ્ટર રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ્સ માટેની દરખાસ્તો વિચારણા હેઠળ છે અને પ્રક્રિયાને ઝડપી બનાવવાના પ્રયાસો ચાલી રહ્યા છે, એમ રાજ્યના પ્રધાન શંભુરાજ દેસાઈએ સોમવારે વિધાનસભામાં જણાવ્યું હતું.

તેમણે એવી માહિતી આપી હતી કે સરકારે મંજૂરીઓને સુવ્યવસ્થિત કરવા અને ખાનગી વિકાસકર્તાઓને આકર્ષવા માટે પુનર્વિકાસ નિયમો હેઠળ ધોરણોમાં સુધારો કરીને, તાજેતરના મહિનાઓમાં ૧૦ દરખાસ્તોને મંજૂરી આપી હતી, અને એક નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ (એનઓસી) જારી કરવામાં આવ્યું હતું.

તેમણે કહ્યું હતું કે છ વધારાના ક્લસ્ટર રિડેવલપમેન્ટ દરખાસ્તો સક્રિય વિચારણા હેઠળ છે અને પ્રક્રિયા ઝડપી બનાવવા અને અવરોધોને દૂર કરવાના પ્રયાસો ચાલી રહ્યા છે.

દેસાઈએ વધુમાં એવી ખાતરી આપી હતી કે સરકાર દ્વારા જારી કરાયેલ એનઓસીમાં કામ શરૂ કરવા અને પૂર્ણ કરવા માટે સ્પષ્ટ સમયમર્યાદા આપવામાં આવી છે અને તેના પાલનનું નિરીક્ષણ કરવાની જોગવાઈઓ સામેલ છે. તેમણે નોંધ્યું હતું કે મ્હાડાએ સમારકામ અને પુનર્વિકાસ માટે ભંડોળ ફાળવ્યું છે, અને એવા પ્રોજેક્ટ્સને પ્રાથમિકતા આપવામાં આવશે જ્યાં વિકાસકર્તાઓ અને ભાડૂઆતો વ્યાપક દરખાસ્તો સબમિટ કરે છે જે ઝડપી બનાવી શકાય. ■

# હૉસ્પિટલના આઇસીયુમાં દાખલ વૃદ્ધાના હાથમાં ઉંદર કરડ્યો

મુંબઈઃ મીરા-ભાયંદરમાં આવેલી હૉસ્પિટલના આઇસીયુમાં વેન્ટિલેટર પર રખાયેલી ૮૯ વર્ષની વૃદ્ધાના હાથમાં ઉંદર કરડ્યો હોવાની ઘટના સામે આવ્યા બાદ પરિવારજનોમાં રોષ જોવા મળ્યો હતો. આ ઘટનાના કારણે દર્દીની સલામતી અને સ્વાસ્થ્ય અંગે ફરી એક વાર ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. પ્રાપ્ત માહિતી અનુસાર સુહાસિની માઠેકર (૮૯) નામની વૃદ્ધાની તબિયત લથડતાં તેને ૧૨ માર્ચે પંડિત ભીમસેન જોશી હોસ્પિટલમાં દાખલ કરાઇ હતી અને હોસ્પિટલના ચોથા માળે આઇસીયુમાં તેની સારવાર ચાલી રહી હતી. તેને વેન્ટિલેટર પર રાખવામાં આવી હતી. બીજે દિવસે સવારે સુહાસિની માઠેકરને જોવા માટે તેના સંબંધીઓ આઇસીયુમાં આવ્યા ત્યારે તેમને અંદર ઉંદર નજરે પડ્યો હતો, જે સુહાસિનીના હાથમાં કરડ્યા બાદ ભાગી છૂટ્યો હતો. આ ઘટના બાદ વૃદ્ધાના પરિવારજનોમાં રોષ જોવા મળ્યો હતો. રાતે ફરજ પર હાજર ડોક્ટરો અને નર્સે શું ધ્યાન આપ્યું નહીં કે હોસ્પિટલમાં ઉંદર ફરી રહ્યા છે? શું તેમણે ધ્યાન આપ્યું નહીં કે ઉંદરો દર્દી માટે સમસ્યા ઊભી કરી શકે છે? એવા પ્રશ્નો તેમણે કર્યા હતા. ■

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ખોરાક | RANCID |
| ખોરું | POCKET |
| ખિન્ન | ASHAMED |
| ખિસિયાણું | FOOD |
| ખિસ્સું | SAD |

## માતૃભાષાની મહેક

પહેલે દહાડે પરોણો, બીજે દહાડે પાઈ, ત્રીજે દહાડે રહે તેની અક્કલ ગુમાઈ કહેવત મહેમાનલક્ષી છે. પહેલે દિવસે મહેમાનના માનપાન બહુ હોય છે. માનમાં રહી પરત ન જાઓ તો બીજે દિવસે પાઈપૈસા જેવું એટલે કે નજીવો સત્કાર મળે અને હજી રોકાઈ ગયા તો ત્રીજા દિવસે હવે આ ક્યારે જવા નીકળશે એવો ભાવ યજમાનનો જોવા મળે છે.

## ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ THERMOPHOBIA અનુભવે છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) બીમારી બ) ગરમી
ક) મુસાફરી ડ) ચકડોળ

## ઈર્શાદ

કુટિલ એ કારસાઓને મળ્યો અંજામ એવો કે-
ગયો દરિયો સ્વયં ડૂબી અને જુઓ, તર્યો છું હું !
-- કરસનદાસ લુહાર

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | | ૪ | | | ૫ |
| | | ૬ | | | | | | | |
| ૭ | ૮ | | | | ૯ | | ૧૦ | ૧૧ | |
| ૧૨ | | | | ૧૩ | | | ૧૪ | | |
| | | | | | ૧૫ | ૧૬ | | | |
| | | ૧૭ | | ૧૮ | | | | ૧૯ | |
| | ૨૦ | | | ૨૧ | | | ૨૨ | | ૨૩ |
| ૨૪ | | | | | | ૨૫ | | ૨૬ | |
| | | | ૨૭ | | ૨૮ | | ૨૯ | | |
| ૩૦ | | | | | | ૩૧ | | | |

### આડી ચાવી

૧. અન્નક્ષેત્ર (૪)
૪. ભાવ, તાત્પર્ય (૪)
૬. સુરતનું --- વખણાય (૩)
૭. જ્યારે (૨)
૧૦. અન્યનું, પરાયું (૩)
૧૨. સુંદર સ્ત્રી (૩)
૧૩. શરીર, દેહ (૨)
૧૪. ચીવટ, કાળજી (૨)
૧૫. અક્ષરનો વળાંક (૩)
૧૭. સાવરણી (૩)
૨૦. રેશમ (૨)
૨૧. હોઠ --- તો ઉત્તર ઝાઝા (૨)
૨૨. તૃષા (૩)
૨૪. મનુષ્ય દેહ (૩)
૨૬. વાચા, વાણી, બોલી (૨)
૨૮. પાઠ, ઘડો (૩)
૩૦. ફકિર (૪)
૩૧. સલાહ સંપ, સમાધાન (૪)

### ઊભી ચાવી

૧. સખી, સહેલી (૪)
૨. ગોવાળોનું ગામ, વૃંદાવન (૨)
૩. ઈચ્છા, આતુરતા (૩)
૪. કુટિર, ઝૂંપડી (૨)
૫. જોરાવર, બળવાન (૩)
૮. પાલવ (૩)
૯. કસરત (૩)
૧૧. લીન, આસક્ત (૨)
૧૬. ક્રોધ, ગુસ્સો (૨)
૧૭. મુસલમાન સ્ત્રીઓ --- પહેરે (૩)
૧૮. વાત વાતમાં રીસાય જાય તેવું (૩)
૧૯. દરકાર, કાળજી (૩)
૨૦. હલકું, હીણું (૨)
૨૩. જોગવાઈ, અનુકૂળતા (૪)
૨૪. મોટું (૩)
૨૫. --- તેવી અસર (૩)
૨૭. માથું (૨)
૨૯. કમર, કટી (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ ના | ૨ મ | | ૩ ભ | | | ૪ વા | ૫ દી | |
| ૬ પૃ | થ | ક્ક | ર | ણ | | ૭ અ | મા | ન | ૮ ત |
| થ્વી | | મ | | ૯ ત | ત્પ | ર | | ૧૦ તા | જ |
| ૧૧ પા | રો | | ૧૨ મો | ર | | ૧૩ વ | ૧૪ રો | | ણ |
| લ | | ૧૫ યા | | | ૧૬ ત | લ્લી | ન | | |
| | | ૧૭ ચ | ૧૮ સ | કો | | | ક | | ૧૯ પ |
| ૨૦ કા | | ૨૧ ના | વ | | ૨૨ ગ | દા | | ૨૩ ગ | ત |
| ૨૪ લ | ૨૫ ગી | | ૨૬ લ | શ્ક | રી | | ૨૭ ક | | રા |
| ૨૮ કા | ર | ૨૯ ગ | ત | | ૩૦ બ | હુ | ચ | ૩૧ રા | જી |
| | ૩૨ વી | ર | | | ડું | | ૩૩ રો | જી | |

## ઓળખાણ પડી?



મહારાષ્ટ્રના પાલઘર અને થાણે જિલ્લાના આદિવાસીઓના આશરે બેથી પાંચ ફૂટ લાંબા લોકપ્રિય સુષિર વાદ્યની ઓળખાણ પડી?

અ) તારપા બ) સંબલ ક) લેઝીમ ડ) તુણતુણે

## ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'હૈયામાં જો હોય હામ તો હર મુશ્કિલ આસાન' પંક્તિમાં 'હામ' શબ્દનો અર્થ જણાવો.

અ) હરખ બ) શ્રદ્ધા ક) સંગીત ડ) હિંમત

## માઈન્ડ ગેમ

આંકડામાં લખવામાં આવતી સંખ્યા રોમન નંબર્સમાં લખતી વખતે અંગ્રેજી અક્ષરનો ઉપયોગ થાય છે? CXIX એટલે કઈ સંખ્યા?

અ) ૧૧૯ બ) ૧૩૧ ક) ૧૫૦ ડ) ૧૬૯

## સુડોકુ-૯૨૪૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | | ૪ | ૨ | | ૯ | ૧ | | ૩ |
| ૨ | | | | | | | | ૯ |
| | ૫ | | | | | | ૬ | |
| ૩ | | ૮ | ૫ | | ૨ | ૪ | | ૬ |
| | | | | ૩ | | | | |
| ૫ | | ૨ | ૬ | | ૧ | ૯ | | ૭ |
| | ૯ | | | | | | ૪ | |
| ૪ | | | | | | | | ૨ |
| ૭ | | ૩ | ૧ | | ૬ | ૫ | | ૮ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૨૪૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૮ | ૧ | ૬ | ૯ | ૨ | ૫ | ૭ | ૪ |
| ૯ | ૪ | ૫ | ૧ | ૩ | ૭ | ૬ | ૮ | ૨ |
| ૭ | ૬ | ૨ | ૪ | ૫ | ૮ | ૧ | ૯ | ૩ |
| ૨ | ૩ | ૬ | ૭ | ૧ | ૯ | ૮ | ૪ | ૫ |
| ૮ | ૧ | ૪ | ૨ | ૬ | ૫ | ૯ | ૩ | ૭ |
| ૫ | ૭ | ૯ | ૮ | ૪ | ૩ | ૨ | ૧ | ૬ |
| ૧ | ૫ | ૮ | ૩ | ૭ | ૬ | ૪ | ૨ | ૯ |
| ૪ | ૯ | ૭ | ૫ | ૨ | ૧ | ૩ | ૬ | ૮ |
| ૬ | ૨ | ૩ | ૯ | ૮ | ૪ | ૭ | ૫ | ૧ |

## ગયા મંગળવારના જવાબ

| A | B |
|---|---|
| ખોતરણી | CHISLE |
| ખોદકામ | DIGGING |
| ખોપરી | SKULL |
| ખોબલો | CAVITY |
| ખોરડું | HUT |

**ગુજરાત મોરી મોરી રેઃ**
અરીસો

**ઓળખાણ પડી?**
ચિમટા

**માઈન્ડ ગેમ :**
560

**ચતુર આપો જવાબ અર્થ જણાવોઃ**
રંગ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૨) મુલરાજ કપૂર (૩) સુભાષ મોમાયા (૪) નીતા દેસાઈ (૫) વિપીન શાહ (૬) ભારતી બુચ (૭) નૂતન વિપીન શાહ (૮) તાહેર ઔરંગાબાદવાલા (૯) શીરીન ઔરંગાબાદવાલા (૧૦) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૧) શ્રદ્ધા આશર (૧૨) પુષ્પા પટેલ (૧૩) ખુશરૂ કાપડિયા (૧૪) મીનલ કાપડિયા (૧૫) લજિતા ખોના (૧૬) જ્યોતિ ખાંડવાલા (૧૭) હર્ષા મહેતા (૧૮) નિખિલ બંગાળી (૧૯) અમીશી બંગાળી (૨૦) મહેશ સંઘવી (૨૧) ભરત કજરિયા (૨૨) મનીષા શેઠ (૨૩) ફાલ્ગુની શેઠ (૨૪) મહેન્દ્ર લોઢાવિયા (૨૫) કમલ માતલિયા (૨૬) ભાવના કર્વે (૨૭) જયવંત પદમશી ચિખલ (૨૮) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨૯) વિણા સંપટ (૩૦) દેવેન્દ્ર સંપટ (૩૧) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૨) કિરીટ છેડા (૩૩) અંજુ ટોલિયા (૩૪) અરવિંદ કામદાર (૩૫) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૬) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૭) ડાયના સંતોકે (૩૮) અલકા વાણી (૩૯) નિતીન જયંતિલાલ બજરિયા (૪૦) પ્રવીણ વોરા (૪૧) જ્યોત્સના ગાંધી (૪૨) નયના ગિરીશ મિસ્ત્રી (૪૩) ડો. પ્રકાશ કટકિયા (૪૪) ધીરેન્દ્ર મુલરાજ (૪૬) પ્રતિમા પમાણી (૪૭) મહેશ દોશી (૪૮) ઈનાક્ષીબેન દલાલ (૪૯) રમેશભાઈ દલાલ (૫૦) હિનાબેન દલાલ

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ત્રણ દિવસની પછડાટ બાદ બાર્ગેન બાઈંગ વચ્ચે સેન્સેક્સ ૯૩૮ પોઈન્ટ ઊછળ્યો, નિફ્ટી ૨૩,૪૦૦થી ઉપર સ્થિર થયો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મિડલ ઇસ્ટમાં ચાલી રહેલા યુદ્ધને કારણે પાછલા ત્રણ ટ્રેડિંગ દિવસોમાં ભારે પછડાટ ખાધા પછી, સોમવારે ખાસ કરીને બ્લુ-ચિપ બેંકિંગ કાઉન્ટર્સમાં વેલ્યુ બાઇંગનો ટેકો મળતાં બેન્ચમાર્ક શેરઆંક સેન્સેક્સ અને નિફ્ટીમાં એક ટકાથી વધુનો ઉછાળો જોવા મળ્યો હતો. ઇરાને હોર્મુઝ સ્ટ્રેઇટમાંથી અમેરિકા અને ઇઝરાયલ સિવાયના ઓઇલ ટેન્કરોને પસાર થવા માટે આપેલી લીલીઝંડી અને ભારતના બે એલપીજી ટેન્કર ત્યાંથી સરળતાથી પસાર થઇ ગયા હોવાના અહેવાલને કારણે બજારના સેન્ટિમેન્ટમાં સુધારો થયો હતો.

બીએસઈ સેન્સેક્સ દિવસ દરમિયાન ભારે અફડાતફડી સાથે ૭૫,૮૦૫.૨૭ પોઇન્ટની ઊંચી સપાટી અને ૭૩,૯૪૯.૭૬ પોઇન્ટની નીચી સપાટી વચ્ચે ફંગોળાયા બાદ અંતે ૯૩૮.૯૩ પોઈન્ટ અથવા ૧.૨૬ ટકા ઉછળીને ૭૫,૫૦૨.૮૫ પર સ્થિર થયો હતો. જ્યારે એનએસઈ નિફ્ટી ૨૫૭.૭૦ પોઈન્ટ અથવા ૧.૧૧ ટકા વધીને ૨૩,૪૦૮.૮૦ પોઇન્ટની સપાટી પર બંધ થયો હતો. નોંધવું રહ્યું કે, પાછલા સપ્તાહે, સેન્સેક્સ ૪,૩૫૪.૯૮ પોઈન્ટ અથવા ૫.૫૨ ટકા ઘટીને ૭૪,૫૬૩.૯૨ની સપાટી પર બંધ થયો હતો, જ્યારે નિફ્ટી ૫૦ ૧,૨૯૯.૩૫ પોઈન્ટ અથવા ૫.૩૧ ટકા ઘટીને ૨૩,૧૫૧.૧૦ની સપાટી પર બંધ થયો હતો, જે તાજેતરના વર્ષોમાં સૌથી અત્યંત તીવ્ર સાપ્તાહિક ઘટાડામાંનો એક છે. પાછલા સપ્તાહના છેલ્લા ત્રણ જ સત્રમાં સેન્સેક્સમાં લગભગ ૩૭૦૦ પોઇન્ટથી વધુ ધોવાણ થયું છે.

સેન્સેક્સના શેરોમાં અલ્ટ્રાટેક સિમેન્ટ ૪.૨૨ ટકા ઉછળીને ટોપ ગેઇનર બન્યો હતો. અન્ય વધનારા શેરોમાં ટ્રેન્ટ, એચડીએફસી બેન્ક, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, ઇટર્નલ, બજાજ ફાઇનાન્સ, આઇટીસી, ટાટા સ્ટીલ અને સ્ટેટ બેન્કનો સમાવેશ હતો. જ્યારે ભારત ઇલેક્ટ્રોનિક્સ, સન ફાર્મા, પાવર ગ્રીડ અને ભારતી એરટેલ સૌથી વધુ ઘટનારા શેર રહ્યા હતા. સત્રના પાછલા ભાગમાં ખાસ કરીને ઓટો, બેંકિંગ અને એફએમસીજી શેરોમાં વેલ્યુ બાઇંગનો ટેકો મળતાં બજારમાં રીલીફ રેલી જોવા મળી હતી.

ક્યુપિડ લિમિટેડ લોબલ મોનોપોલી સેગમેન્ટ અને સ્ટ્રેટેજિક બ્રાન્ડિંગ લાઇન્મેન્ટના લક્ષ્ય સાથે, જાપાનીઝ ગુણવત્તા સાથે ભારતમાં બનાવેલા નાઇટ્રાઇલ ફીમેલ કોન્ડોમ લોન્ચ કરી રહી છે. આ સાથે કુદરતી રબર લેટેક્સ અને નાઈટ્રાઈલના એકસાથે ડ્યુઅલ-પોલિમર ડિપિંગ માટે રચાયેલ નવા પ્લાન્ટ સાથે ભારતમાં તે એકમાત્ર કોન્ડોમ ઉત્પાદક છે.

પ્રાઇમરી માર્કેટમાં સરકારી માલિકીની કંપની કોલ ઇન્ડિયાની શાખા કંપની કોલ સેન્ટ્રલ માઇન પ્લાનીંગ એન્ડ ડીઝાઇન ઇન્સ્ટિટ્યૂટ વીસમી માર્ચે રૂ. ૧,૮૪૨.૧૨ કરોડનો આઇપીઓ લાવી રહી છે, સબ્સ્ક્રિપ્શન ૨૪ માર્ચ, ૨૦૨૬ના રોજ બંધ થશે. શેરની ફાળવણી ૨૫ માર્ચે અને લિસ્ટિંગ ૩૦ માર્ચે થશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૧૬૩થી રૂ. ૧૭૨ પ્રતિ શેર છે અને અરજી માટે લોટ સાઇઝ ૮૦ છે. જીએસપી ક્રોપ સાયન્સ રૂ. ૪૦૦ કરોડના આઇપીઓ સાથે બજારમાં પ્રવેશી છે.

કોટાયાર્ક ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડને ૧૨ માર્ચ, ૨૦૨૬થી એનએસઇ લિમિટેડ અને બીએસઇના મેઇન બોર્ડ પ્લેટફોર્મ પર તેના ઇક્વિટી શેરના લિસ્ટિંગ અને ટ્રેડિંગ માટે નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઇન્ડિયા લિમિટેડ અને બોમ્બે સ્ટોક એક્સચેન્જ બંને તરફથી અંતિમ લિસ્ટિંગ અને ટ્રેડિંગ મંજૂરી મળી છે. કંપની અગાઉ એનએસઇ ઇમર્જ પ્લેટફોર્મ પર લિસ્ટેડ હતી. મેઇન બોર્ડમમાં કંપનીનું સ્થળાંતર અને ડાઇરેક્ટ સેલીંગની સવલત કંપનીના શેરમાં પ્રવાહિતામાં સુધારો કરશે અને સંસ્થાકીય અને રિટેલ રોકાણકારો પાસેથી વધુ ભાગીદારી આકર્ષી શકશે.

સેન્સેક્સ સમાવિષ્ટ સ્ક્રિપ્સમાં મુખ્યત્વે અલ્ટ્રાટેક સિમેન્ટ ૪.૨૨ ટકા, ટ્રેન્ટ ૩.૦૧ ટકા, એચડીએફસી બેન્ક ૨.૮૮ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૨.૮૬ ટકા, ઈટર્નલ ૨.૮૦ ટકા, બજાજ ફાઈનાન્સ ૨.૭૯ ટકા, આઈટીસી ૨.૨૨ ટકા, ટાટા સ્ટીલ ૨.૦૪ ટકા, સ્ટેટ બેન્ક ૧.૮૯ ટકા, બજાજ ફિનસર્વ ૧.૮૮ ટકા અને આઈસીઆઈસીઆઈ બેન્ક ૧.૪૯ ટકા વધ્યા હતા, જ્યારે બીઈએલ ૨.૩૨ ટકા, સન ફાર્મા ૧.૨૫ ટકા, પાવર ગ્રીડ ૦.૯૮ ટકા, ભારતી એરટેલ ૦.૮૨ ટકા, એનટીપીસી ૦.૫૯ ટકા અને ટાટા કન્સલ્ટન્સી ૦.૦૮ ટકા ઘટ્યા હતા. એશિયન બજારોમાં, જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ અને શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ નીચા સ્તરે બંધ થયો, જ્યારે દક્ષિણ




કોરિયાનો બેન્ચમાર્ક કોસ્પી અને હોંગકોંગનો હેંગસેંગ ઇન્ડેક્સ ઊંચો સ્થિર થયો. યુરોપમાં બજારો મોટાભાગે નીચા સ્તરે ટ્રેડ કરી રહ્યા હતા. શુક્રવારે યુએસ બજાર નીચા સ્તરે બંધ થયું હતું. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડ, ૧.૪૧ ટકા ઉછળીને ૧૦૪.૪ પ્રતિ બેરલ બોલાયું હતું. એક્સચેન્જ ડેટા અનુસાર વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ શુક્રવારે રૂ. ૧૦,૭૧૬.૬૪ કરોડના ઇક્વિટી વેચ્યા હતા, જોકે, સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ રૂ. ૯,૯૭૭.૪૨ કરોડના શેર ખરીદ્યા હતા.

ભારત માટે પોઝિટીવ ડેવલપમેન્ટમાં હોર્મુઝ સ્ટ્રેઇટથી ભારતનું એક ઓઇલ કન્ટેનર ભારત આવી પહોંચ્યું હોવાના અહેવાલ છે અને એલપીજીના અન્ય બે જહાજ, શિવાલિક અને નંદાગીરી સ્ટ્રેઇટ ઓફ હોર્મુઝમાંથી હેમખેમ પસાર થઇ ગયા હોવાથી સેન્ટિમેન્ટમાં સુધારો હતો. ઇરાને ભારતના જહાજોને હોર્મુઝ સામુદ્રધુનીમાં પસાર થવાની પરવાનગી આપ્યા બદા હવે અમેરિકા અને ઇઝરાયલ સિવાયના તમામ દેશના કન્ટેન્રને પસાર થવાની પરવાનગી જાહેર કરી છે.

ભારતીય શેરબજારમાં ત્રણ સત્ર બાદ જોવા મળેલા સુધારામાં ખાસ કરીને બેન્કસ, ફાઈનાન્સિયલ સર્વિસીસ અને ઓટો શેર્સ સર્વાધિક વધ્યા હતા, જ્યારે ઓઈલ એન્ડ ગેસ અને હોસ્પિટલ્સ શેર્સ સૌથી અધિક ઘટ્યા હતા અને સત્રને અંતે માર્કેટ કેપમાં રૂ.૭૫૦૦૦ કરોડનો વધારો નોંધાયો હતો. સોમવારે બીએસઈ સેન્સેક્સ શુક્રવારના ૭૪,૫૬૩.૯૨ના બંધથી ૯૩૮.૯૩ પોઈન્ટ્સ અથવા ૧.૨૬ ટકા વધ્યો હતો. સેન્સેક્સ ૭૪,૪૧૫.૭૯ ખૂલી નીચામાં ૭૩,૯૪૯.૭૬ સુધી અને ઊંચામાં ૭૫,૮૦૫.૨૭ સુધી જઈ ૭૫,૫૦૨.૮૫ બંધ રહ્યો હતો. સેન્સેક્સની ૩૦ સ્ક્રિપમાંથી ૨૪ સ્ક્રિપ્સ વધી અને ૬ સ્ક્રિપ ઘટી હતી.

બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ ૧૫૦ મિડકેપ ૦.૪૨ ટકા અને બીએસઈ ૨૫૦ સ્મોલકેપ ૦.૪૭ ટકા ઘટ્યા હતા. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૫૦ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૯૮ ટકા ઘટ્યા હતા. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૪૨૯.૮૨ લાખ કરોડથી રૂ.૦.૭૫ લાખ કરોડ વધીને રૂ.૪૩૦.૫૭ લાખ કરોડ રહ્યું હતું.

સેક્ટરલ ઈન્ડેક્સમાં મુખ્યત્વે બીએસઈ ટોપ ૧૦ બેન્ક્સ ૧.૬૧ ટકા, પ્રાઈવેટ બેન્ક ૧.૩૮ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૧.૩૨ ટકા, ઓટો ૧.૨૩ ટકા, બેન્કેક્સ ૧.૦૮ ટકા, એફએમસીજી ૦.૯૪ ટકા, કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૦.૫૬ ટકા, કોમોડિટીઝ ૦.૫૫ અને પીએસયુ બેન્ક ૦.૪૫ ટકા વધ્યા હતા, જ્યારે ઓઈલ એન્ડ ગેસ ૨.૨૯ ટકા, હોસ્પિટલ્સ ૧.૬૪ ટકા, રિયલ્ટી ૧.૫૧ ટકા, એનર્જી ૧.૩૬ ટકા, હેલ્થકેર ૧.૧૩ ટકા, કેપિટલ ગુડ્સ ૦.૯૧ ટકા અને પાવર ૦.૫૯ ટકા ઘટ્યા હતા.

એક્સચેન્જમાં ૪,૫૩૭ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું. ૧,૫૦૯ સ્ક્રિપ્સ વધી હતી, ૨,૮૬૦ સ્ક્રિપ્સ ઘટી હતી અને ૧૬૮ સ્ક્રિપ્સ સ્થિર રહી હતી. ૮૧ સ્ટોક્સ બાવન સપ્તાહની ઉચ્ચ સપાટીએ અને ૯૦૭ સ્ટોક્સ બાવન સપ્તાહની સૌથી નીચી સપાટીએ પહોંચ્યા હતા. ૧૧ સ્ક્રિપ્સને ઉપલી અને ૧૨ સ્ટોક્સને નીચલી સર્કીટ લાગી હતી. બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં સોમવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૫૯૩.૭૨ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૩,૦૭૭ સોદામાં ૩,૯૪૮ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૧૧,૧૫,૦૬૨ કોન્ટ્રેક્ટ્સના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ ટર્નઓવર રૂ.૩૩,૧૬,૪૯૧.૦૪ કરોડનું રહ્યું હતું.

સ્ટોક માર્કેટના નિષ્ણાતો અનુસાર વધતા ભૂરાજકીય જોખમો, ક્રૂડ ઓઇલના ભાવમાં સતત વધારો અને વિદેશી ભંડોળની એકધારી વેચવાલીને જોતા રોકાણકારોએ નજીકના ભવિષ્યમાં સાવધ અને શિસ્તબદ્ધ અભિગમ અપનાવવો જોઈએ. બજારની દિશા ગ્લોબલ ફ્યુઅલ માર્કેટમાં ઘટી રહેલી ઘટનાઓ અને પશ્ચિમ એશિયામાં ભૂરાજકીય તણાવ સાથે ગાઢ રીતે સંકળાયેલી રહેવાની શક્યતા છે. શુક્રવારે, સેન્સેક્સ ૧,૪૭૦.૫૦ પોઈન્ટ અથવા ૧.૯૩ ટકા ઘટીને ૭૪,૫૬૩.૯૨ પર બંધ થયો. નિફ્ટી ૪૮૮.૦૫ પોઈન્ટ અથવા ૨.૦૬ ટકા ઘટીને ૨૩,૧૫૧.૧૦ પર બંધ થયો.

દરમિયાન, કેપિટલ માર્કેટ રેગ્યુલેટર ધી સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી)એ આઇપીઓના પબ્લિક શેરહોલ્ડિંગ નિયમોમાં ફેરફાર જાહેર કર્યા છે, જેમાં મિનિમમ લિમિટ પાંચ ટકાથી ઘટાડીને ૨.૫ ટકા જાહેર કરી છે. નવા ફેરફારથી જિયો અને એનએસઇનું લિસ્ટિંગ સરળ બનશે. નાણા મંત્રાલય હેઠળ આવતા ડિપાર્ટમેન્ટ ઓફ ઇકોનોમિક અફેર્સે દેશમાં ઇનિશિયલ પબ્લિક ઑફરિંગ એટલે કે આઇપીઓ સંબંધિત નિયમોમાં ફેરફાર કર્યા છે. સરકારે સિક્યોરિટીઝ કોન્ટ્રાક્ટ્સ (રેગ્યુલેશન) નિયમ-૧૯૫૭ માં ફેરફાર કરીને મોટી કંપનીઓ માટે મિનિમમ પબ્લિક શેરહોલ્ડિંગની મર્યાદાને પાંચ ટકાથી ઘટાડીને ૨.૫ ટકા કરી દીધી છે.

રિઝર્વ બેન્કે ઓપન માર્કેટ ઓપરેશન મારફત સરકારી જામીનગીરી, જી-સેકની ખરીદી મારફત બેન્કિંગ સિસ્ટમમાં રૂ. ૫૦,૦૦૦ કરોડની પ્રવાહિતા ઠાલવી છે. દરમિયાન, ફેબ્રુઆરીમાં છૂટક ફુગાવો વધીને ૩.૨૧ ટકા થયો, જે જાન્યુઆરીમાં ૨.૭૪ ટકા હતો. ગુરુવારે જાહેર કરાયેલ ગ્રાહક ભાવ સૂચકાંક અનુસાર, દેશમાં રીટેલ ફુગાવો ફેબ્રુઆરીમાં વધીને ૩.૨૧ ટકા થયો, જે અગાઉના મહિનામાં ૨.૭૪ ટકા હતો. ફુગાવાનો ડેટા ૨૦૨૪ના બેઝ યર સાથે નવી સીપીઆઇ શ્રેણી પર આધારિત છે. નેશનલ સ્ટેટિસ્ટિકલ ઓગ્રેનાઇઝેશન દ્વારા જાહેર કરાયેલા ડેટા દર્શાવે છે કે ફેબ્રુઆરીમાં ખાદ્ય ફુગાવો ક્રમિક રીતે વધીને ૩.૪૭ ટકા થયો છે, જે જાન્યુઆરીમાં ૨.૧૩ ટકા હતો.

# ડૉલર સામે રૂપિયો સત્ર દરમિયાન ૯૨.૪૭ના તળિયેથી પાછો ફર્યો: અંતે બે પૈસાનો સુધારો

મુંબઈ: વૈશ્વિક સ્તરે ક્રૂડતેલના ભાવમાં આગેકૂચ અને વૈશ્વિક સ્તરે ભૂરાજકીય સ્તરે ભારે અનિશ્ચિતતાને કારણે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની અવિરત વેચવાલીને કારણે આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો સત્ર દરમિયાન ૧૭ પૈસા ઘટીને ઐતિહાસિક ૯૨.૪૭ની નીચી સપાટી સુધી પહોંચ્યો હતો. જોકે, વિશ્વ બજારમાં સ્ટ્રેટ ઑફ હોર્મુઝ દરિયાઈ માર્ગ ખૂલવાના આશાવાદ વચ્ચે ડૉલર ઈન્ડેક્સમાં સાધારણ નરમાઈ અને સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારો આવતાં સત્રના અંતે રૂપિયો સાધારણ બે પૈસાના સુધારા સાથે ૯૨.૨૮ના મથાળે બંધ રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૯૨.૩૦ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૯૨.૪૪ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૨.૪૭ અને ઉપરમાં ૯૨.૩૦ની રેન્જમાં રહીને અંતે બે પૈસાના સુધારા સાથે ૯૨.૨૮ના મથાળે બંધ રહ્યો હતો. આજે વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવમાં આગેકૂચ જળવાઈ રહેવાની સાથે ગત શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૦,૭૧૬.૩૪ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાનું એક્સચેન્જની આંકડાકીય માહિતી પરથી જણાતાં રૂપિયાએ સત્ર દરમિયાન ઐતિહાસિક નીચી સપાટી દાખવી હોવાનુ ઈન્ડ્સઈન્ડ સિક્યોરિટીઝના વિશ્લેષક જીગર ત્રિવેદીએ જણાવતાં ઉમેર્યું હતું કે તેલનાં ઊંચા ભાવને કારણે આયાતકારોને ડૉલર વધુ ખરીદવા પડે છે તેમ જ દેશની વેપાર ખાધ પણ વધતી હોવાથી તેની રૂપિયા પર માઠી અસર પડતાં બજારમાં ભારે ચંચળતાનું વલણ જોવા મળી રહ્યું છે. દરમિયાન આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૧.૪૬ ટકા વધી બેરલદીઠ ૧૦૪.૬૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ છતાં ડૉલર ઈન્ડેક્સ આગલા બંધ સામે ૦.૧૩ ટકા ઘટીને ૯૯.૯૭ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી અનુક્રમે ૯૩૮.૯૩ પૉઈન્ટ અને ૨૫૭.૭૦ પૉઈન્ટના સુધારા સાથે બંધ રહ્યા હોવાથી ગબડતાં રૂપિયાને અમુક અંશે ટેકો મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# ફુગાવો વધવાની ભીતિ સાથે વિશ્વ બજાર પાછળ સોનામાં ₹ ૨૬૮૫નો અને ચાંદીમાં ₹ ૧૧,૭૭૭નો કડાકો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: તાજેતરમાં વૈશ્વિક સ્તરે ક્રૂતેલના ભાવ વધીને બેરલદીઠ ૧૦૦ ડૉલરની ઉપર પ્રવર્તી રહ્યા હોવાથી ફુગાવામાં વધારો થવાની ભીતિ હેઠળ અમેરિકી ફેડરલ રિઝર્વ સહિતની મુખ્ય કેન્દ્રવર્તી બૅન્કો વધુ તંગ નાણાનીતિ અપનાવે તેવી શક્યતાને ધ્યાનમાં લેતા આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોના અને ચાંદીના ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યું હતું.

આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં પણ ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૧૧,૭૭૭નો અને સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૬૭૫થી ૨૬૮૫નો કડાકો બોલાઈ ગયો હતો.

આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ ઉપરાંત સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને વધુ ભાવઘટાડાના આશાવાદે ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગ મર્યાદિત રહેતાં વેરારહિત ધોરણે ભાવ વધુ કિલોદીઠ રૂ. ૧૧,૭૭૭ના કડાકા સાથે રૂ. ૨,૪૮,૭૧૧ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે સોનામાં પણ વૈશ્વિક નિરુત્સાહી



અહેવાલ અને રોકાણકારોની નફારૂપી વેચવાલી સામે નવી લેવાલીનો અભાવ તથા જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ નિરસ રહેતાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ૧૦ ગ્રામદીઠ ભાવ રૂ. ૨૬૭૫ ઘટીને રૂ. ૧,૫૫,૦૯૦ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૨૬૮૫ ઘટીને રૂ. ૧,૫૫,૭૧૪ના મથાળે રહ્યા હતા.

પ્રાપ્ત અહેવાલ અનુસાર આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે ૦.૩ ટકા ઘટીને ઔંસદીઠ ૫૦૦૧.૬૧ ડૉલર અને એપ્રિલ ડિલિવરી વાયદામાં ભાવ ૧.૧ ટકા ઘટીને ૫૦૦૭.૨૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૨.૧ ટકાના ઘટાડા સાથે ઔંસદીઠ ૭૮.૮૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

હાલના તબક્કે બજાર વર્તુળોની નજર વેપાર માટેના દરિયાઈ માર્ગ સ્ટ્રેટ ઑફ હોર્મુઝ બંધ થયો છે તેના પર અને તેની લાંબાગાળે ફુગાવા પર થનારી સંભવિત અસરો પર સ્થિર થઈ હોવાનું નેટિક્સિસનાં વિશ્લેષક બનાર્ડે જણાવતાં ઉમેર્યું હતું કે ક્રૂડતેલના ઊંચા ભાવને કારણે ફુગાવમાં વધારો થશે અને વધતા ફુગાવાને ધ્યાનમાં લેતા ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં કપાતમાં વધુ વિલંબ થવાની શક્યતા જોતા સોનાના ભાવ દબાણ હેઠળ આવી રહ્યા છે.

નોંધનીય બાબત એ કે અમેરિકા-ઈઝરાયલે સંયુક્તપણે ઈરાન પર હુમલા કરતાં તહેરાને સ્ટ્રેટ ઑફ હોર્મુઝ દરિયાઈ માર્ગ બંધ કરતાં વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ વર્ષ ૨૦૨૨ પછી પહેલી વખત બેરલદીઠ ૧૦૦ ડૉલરની સપાટી કુદાવી ગયા છે અને આ મહિનામાં ભાવમાં ૪૦ ટકાનો ઉછાળો આવ્યો છે.

આથી આગામી ૧૭-૧૮ માર્ચ દરમિયાનની નીતિવિષયક બેઠકમાં અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદર યથાવત્ રાખે તેવી ધારણા બજાર વર્તુળો મૂકી રહ્યા છે. તેમ જ વધતા ફુગાવાને ધ્યાનમાં લેતા યુરોપિયન સેન્ટ્રલ બૅન્ક, બૅન્ક ઑફ ઈંગ્લેન્ડ અને બૅન્ક ઑફ જાપાનની પણ બેઠક થનાર છે, જેમાં ઈરાન સાથેના યુદ્ધની ફુગાવા પર થનારી અસર, વૃદ્ધિ અને ભવિષ્યની નીતિઓ અંગેની આકારણી થશે, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

# ગુજરાતના મથકો પાછળ સિંગતેલમાં ₹ ૪૦નો ઉછાળો

### ઈન્ડનોશિયન ખેડૂતોનો પામતેલનો નિકાસ વેરો ઘટાડવાની માગ

મુંબઈ: ગુજરાતનાં મથકો પર આજે ખાસ કરીને સિંગતેલમાં દેશાવરોની તેમ જ સ્ટોકિસ્ટોની આક્રમક રહેતાં સિંગતેલમાં તેલિયા ટીનના ભાવ ૧૫ કિલોદીઠ રૂ. ૫૦ અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૨૫ ઉછળી આવ્યાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં સિંગતેલના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. ૪૦નો ઝડપી ઉછાળો આવ્યો હતો. આ ઉપરાંત દેશી તેલમાં મથક પાછળ સરસવના ભાવ પણ ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ વધી આવ્યા હતા. વધુમાં આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૮૨ રિંગિટનો ઉછાળો આવ્યો હોવાથી સ્થાનિકમાં આયાતી તેલમાં એકંદરે કામકાજો પાંખાં રહેતાં માત્ર સોયા રિફાઈન્ડમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ વધી આવ્યા હતા, જ્યારે આરબીડી પામોલિન અને સન રિફાઈન્ડમાં ટકેલું વલણ રહ્યું હતું.

દરમિયાન આજે ઈન્ડોનેશિયા પામઑઈલ ફાર્મર્સ યુનિયન (એસપીકેએસ)એ ખેડૂતો પર પડતાં બોજને ધ્યાનમાં લઈ નાણાં પ્રધાનને ક્રૂડ પામતેલ પરનો નિકાસ વેરો જે ૧૨.૫૦ ટકા છે તે ઘટાડીને અગાઉની ૧૦ ટકાની સપાટીએ રાખવાનો તેમ જ પેટ્રોલમાં ફરજિયાત ભેળવણી માટે બી-૪૦ ધોરણને સ્થાને બી-૫૦ ધોરણોનો પણ અસ્વીકાર કર્યો હોવાના અહેવાલ હતા. વધુમાં આજે કાર્ગો સર્વેયર ઈન્ટરટેક સર્વિસીસે તેની પ્રાથમિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું કે ગત તા. ૧થી ૧૫ માર્ચ દરમિયાન મલયેશિયાની પામતેલની નિકાસ ગત ફેબ્રુઆરી મહિનાના સમાનગાળાના ૬,૪૫,૬૫૬ ટન સામે ૪૩.૫૧ ટકા વધીને ૯,૨૬,૬૦૨ ટનની સપાટીએ રહી છે.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ઈમામીના માર્ચ-એપ્રિલ ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૪૪૦, એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. માર્ચ-એપ્રિલ ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૪૬૦થી ૧૪૬૫, સોયા રિફાઈન્ડના માર્ચ-એપ્રિલ-મે ડિલિવરી શરતે રૂ. ૧૪૬૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૭૩૫, ગોકુલ એગ્રોના સન રિફાઈન્ડના રૂ. ૧૭૨૦, પતંજલિ ફૂડ્સના એપ્રિલ ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૪૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૭૦૦ તથા જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૪૩૧ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો. વધુમાં આજે ગુજરાતના ગોંડલ મથકે ૪૦૦૦ ગૂણી મગફળીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૩૦૦થી ૧૫૫૦માં થયા હતા, જ્યારે રાજકોટનાં મથકો પર મગફળીની ૭૦૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૩૦૦થી ૧૫૨૫માં થયા હતા. તેમ જ આજે ગુજરાતનાં મથકો પર દેશાવરોની માગને ટેકે સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ ૫૦ વધીને રૂ. ૨૭૩૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૨૫ વધીને રૂ. ૧૭૨૫માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. તેમ જ આજે મધ્યપ્રદેશનાં મથકો પર અંદાજે એક લાખ ગૂણી સોયાસીડની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૫૨૫૦થી ૫૪૦૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૫૫૦૦થી ૫૬૦૦માં થયાના અહેવાલ હતા.

# મિડિયમ ગ્રેડની ખાંડમાં પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગત શનિવારે સ્થાનિક તેમ જ દેશાવરોની માગ નિરસ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૨૦ના ઘટાડા સાથે રૂ. ૩૭૦૦થી ૩૭૪૦માં થયાના નિર્દેશો હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં એકંદરે સ્મોલ ગ્રેડની ખાંડમાં રિટેલ સ્તરની માગ જળવાઈ રહેવાની સાથે અમુક માલની ગુણવત્તા સારી આવી હોવાથી હાજર ભાવમાં ઉપલા મથાળેથી સાધારણ ક્વિન્ટલે રૂ. બેનો સુધારો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં નિરસ માગે ભાવ ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ ઘટી આવ્યા હતા અને નાકા ડિલિવરી ધોરણે ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને રિટેલ સ્તરની માગને ટેકે ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જોકે, આજે સ્મોલ ગ્રેડની ખાંડમાં અમુક માલની ગુણવત્તા સારી આવતાં તેના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. બેના સાધારણ સુધારા સાથે રૂ. ૩૮૫૬થી ૩૯૨૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં નિરસ માગે ભાવ ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૯૫૨થી ૪૦૨૨ આસપાસ ગુણવત્તાનુસાર ધોરણે રહ્યા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૮૦થી ૩૮૧૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૫૦થી ૩૯૧૦માં ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# ટીન અને નિકલની આગેવાનીમાં ધાતુમાં નરમાઈ

મુંબઈ: આંતરરાષ્ટ્રીય સ્તરે પશ્ચિમ એશિયામાં ભૂરાજકીય તણાવ અને દરિયાઈ માર્ગ સ્ટ્રેટ ઑફ હોર્મુઝ બંધ થવાથી ક્રૂડતેલ સહિતના ઈંધણની પુરવઠા ચેઈન ખોરવાતા ફુગાવામાં વધારાની ભીતિ અને વૈશ્વિક અર્થતંત્રો પર માઠી અસર પડવાની શક્યતાને ધ્યાનમાં લેતા આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપર સહિતની ચોક્કસ ધાતુઓમાં નરમાઈનું વલણ રહ્યું હતું. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ માત્ર બ્રાસ શીટ કટિંગ્સ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની વેચવાલી અને વધુ ભાવઘટાડાના આશાવાદ હેઠળ વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગ પણ નિરસ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૫૦ સુધીનો ઘટાડો જોવા મળ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે મુખ્યત્વે ટીન અને નિકલમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીનું દબાણ અને સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૫૦ ઘટીને રૂ. ૪૬૫૦ અને રૂ. ૨૩ ઘટીને રૂ. ૧૬૧૫ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે ટીન અને નિકલની આગેવાની હેઠળ અન્ય ધાતુઓમાં પણ સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ નિરસ રહેતાં જે ધાતુઓના ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યું હતું તેમાં કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને અનુક્રમે રૂ. ૧૦૬૫ અને રૂ. ૭૩૦ના મથાળે, કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી, કોપર આર્મિચર અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને અનુક્રમે રૂ. ૧૧૭૫, રૂ. ૧૧૬૯, રૂ. ૧૧૬૧ અને રૂ. ૩૪૮, ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૩૨૫ અને કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને રૂ. ૧૨૫૪ના મથાળે રહ્યા હતા. જોકે, આજે છૂટીછવાઈ માગને ટેકે બ્રાસ શીટ કટિંગ્સ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૮૨૦, રૂ. ૨૭૦ અને રૂ. ૧૯૧ના મથાળે ટકેલા રહ્યા હતા.



રાજકોટમાં યુવકની હત્યા મામલે પરિવાર અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું હતું, પરિવારજનોએ મૃતદેહ સ્વીકારવાનો ઈન્કાર કરી આરોપીઓને પકડી પાડવા માગ કરી હતી. (તસવીરઃ પ્રવિણ સેદાણી, રાજકોટ)

# પૂર્વ કચ્છ પોલીસે એક વર્ષમાં ₹૭૨૨ કરોડની સરકારી જમીન દબાણમુક્ત કરાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ રાજ્ય સરકાર દ્વારા અસામાજિક તત્ત્વો વિરુદ્ધ આદરેલી ઝુંબેશના ભાગરૂપે પૂર્વ કચ્છ પોલીસે છેલ્લા એક વર્ષમાં નોંધપાત્ર કામગીરી કરી હતી. ૧૦૦ કલાકમાં ગુનેગારોની યાદી તૈયાર કરવાના આદેશ બાદ, પોલીસે અત્યાર સુધીમાં ૫૧૫ એકર જેટલી કિંમતી જમીન પરથી ૧૪૨ બિનઅધિકૃત દબાણો દૂર કરી અંદાજે રૂ.૭૨૨ કરોડની મિલકત ખાલી કરાવી છે.

પોલીસની આ કડક કાર્યવાહી અંતર્ગત અંજાર ખાતે નગરપાલિકાની સરકારી જમીન પર રહેલા દબાણો દૂર કરવામાં આવ્યા હતા. વિશેષ વાત એ છે કે, આ ખાલી કરાવેલી જમીન પર વહીવટી મંજૂરી મેળવીને નવી પોલીસચોકીનું નિર્માણ પણ કરી દેવામાં આવ્યું છે, જેથી ભવિષ્યમાં ફરીથી દબાણ ન થાય અને વિસ્તારમાં કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે.

માત્ર જમીન જ નહીં, પરંતુ અસામાજિક તત્ત્વોના આર્થિક અને માળખાગત સ્રોત તોડવા માટે પણ પોલીસે કમર કસી છે. વીજ કંપની સાથે સંયુક્ત ઓપરેશન હાથ ધરીને ગુનાહિત પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા શખ્સોના ૪૨૧ બિનઅધિકૃત વીજજોડાણો કાપી નાખવામાં આવ્યા હતા અને કરોડો રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, એક વર્ષ અગાઉ રાજ્ય સરકાર દ્વારા શરીર સંબંધી ગુના, ખંડણી, ખનિજચોરી અને દારૂ-જુગાર જેવી પ્રવૃત્તિઓ કરી જનતામાં ભય ફેલાવનારા તત્ત્વોની યાદી ૧૦૦ કલાકમાં તૈયાર કરવા આદેશ અપાયો હતો. આ અંતર્ગત પૂર્વ કચ્છ પોલીસે અસામાજિક તત્ત્વોના બેંક વ્યવહારોની તપાસ કરી,પાસા અને તડીપાર જેવી અટકાયતી પગલાં લીધા તેમજ સરકારી જમીનો પરના ગેરકાયદે બાંધકામોને હટાવવા માટે કામગીરી કરી હતી.

હજુ પણ આ યાદીમાં બાકી રહેલા અમુક શખ્સો વિરુદ્ધ આગામી સમયમાં કડક કાર્યવાહી કરવાની તજવીજ ચાલુ હોવાનું પોલીસ સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.

# ભચાઉમાં એસઆરપી કેમ્પના ગેટ પર તૈનાત સંત્રીએ હવામાં ફાયરિંગ કરતા ચકચાર, ગુનો દાખલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ પૂર્વ કચ્છના ભચાઉ શહેર મધ્યે એસ.આર.પી. ગ્રૂપ ૧૬ના કેમ્પના ગેટ પર ફરજ બજાવતા એક જવાન દ્વારા હવામાં ગોળીબાર કરવાની ગંભીર ઘટના બહાર આવી હતી. આ મામલે પોલીસ મથકે ફરિયાદ નોંધાતા સુરક્ષા બેડામાં ખળભળાટ મચી ગયો હતો.પ્રાપ્ત વિગતો અનુસાર, આ બનાવ ગત બપોરે ભચાઉ સ્થિત એસ.આર.પી. ગ્રૂપ ૧૬ના મુખ્ય ગેટ પાસે બન્યો હતો. ઘટના સમયે પી.એસ.આઇ. ખીમજી પચાણ મારવાડા અને એક એ.એસ.આઇ. પોતાની નિયત ફરજ પર હતા. આ દરમિયાન કંટ્રોલ રૂમ તરફથી તેમને સંદેશો મળ્યો હતો કે એસઆરપી કેમ્પના ગેટ પર કોઈ ગંભીર બનાવ બન્યો હતો.આ સંદેશો મળતા જ ઉચ્ચ અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયા હતા. તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે, ગેટ પર સંત્રી તરીકે ફરજ બજાવી રહેલા પ્રતાપસિંહ દેવાજી જાડેજાએ પોતાની રાઈફલમાંથી હવામાં ગોળીબાર કર્યો હતો. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, ગેટ પાસેથી પસાર થતા બે શંકાસ્પદ વ્યક્તિને સંત્રીએ રોકવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, આ વ્યક્તિઓ ઊભા ન રહેતા અને સંત્રીની સૂચનાનું ઉલ્લંઘન કરતા, તેમને રોકવાના આશયથી જવાન દ્વારા હવામાં ફાયરિંગ કરવામાં આવ્યું હોવાનું બહાર આવ્યું હતું.આ ઘટનાને ગંભીરતાથી લઈને ફરજ પરના પોલીસ સબ ઇન્સ્પેક્ટર ખીમજી પચાણ મારવાડાએ આરોપી જવાન વિરુદ્ધ ભચાઉ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આરોપી સંત્રીની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પ્રતિબંધિત વિસ્તારમાં આ પ્રકારે હથિયારનો ઉપયોગ થતા તંત્ર દ્વારા આંતરિક તપાસ પણ તેજ કરવામાં આવી છે.

# માતાના મઢ અને ભુજના આશાપુરા મંદિરમાં ઘટસ્થાપનની પવિત્ર વિધિ સાથે ચૈત્રી નવરાત્રી પર્વનો ૧૮ માર્ચથી આરંભ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના લખપત તાલુકાના દયાપર મધ્યેના વિશ્વપ્રસિદ્ધ યાત્રાધામમાં આશાપુરા માતાજીના સ્થાનક માતાના મઢ અને ભુજના કોટ અંદર આવેલા ઐતિહાસિક આશાપુરા મંદિર ખાતે દર વર્ષે ઉજવાતા ચૈત્રી નવરાત્રી પર્વની પારંપરિક ઉજવણી આગામી તા. ૧૮ માર્ચ, ૨૦૨૬ (બુધવાર) ના રોજ સાંજે ૬:૧૫ કલાકે ઘટસ્થાપન સાથે થશે.

પવિત્ર ઘટસ્થાપન વિધિ સંપન્ન થયા બાદ ૧૯ માર્ચે ચૈત્ર સુદ એકમથી નવરાત્રી પર્વનો આરંભ થશે. ૨૦ માર્ચના રોજ ચંદ્રદર્શન નિમિત્તે રાજપરિવારના મહારાણી પ્રીતિદેવી ટીલા મેલડી માતાજીની પૂજા કર્યા બાદ ભુજના આશાપુરા મંદિરે આશીર્વાદ લેવા પધારશે. નવરાત્રીની પૂર્ણાહુતિ તા. ૨૫ માર્ચના રોજ પવિત્ર હવન સાથે કરવામાં આવશે. આ વખતે નવરાત્રીના પર્વની ઉજવણી દરમ્યાન શ્રદ્ધાળુઓ માટે ભક્તિ સાથે શક્તિની આરાધનાના વિશેષ કાર્યક્રમો રાખવામાં આવ્યા છે

નવરાત્ર દરમ્યાન મોટી સંખ્યામાં માઇભક્તો માતાજીના દર્શને આવે છે તો વળી નવરાત્રી દરમ્યાન મંદિર પરિસરમાં માતાજીના ગરબાની સ્થાપના કરી દરરોજ રાત્રે દુહા અને છંદ સાથે ગ્રામજનો તેમજ ભાવિકો દ્વારા રાસ ગરબાની રમઝટ બોલાવાય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ચૈત્રી નવરાત્રીના પર્વના પ્રારંભ થવાની આડે હવે જયારે ગણતરીનો સમય બાકી રહ્યો છે ત્યારે અત્યારથી જ ભુજના આશાપુરા મંદિરનો સમગ્ર વિસ્તાર ધમધમી ઊઠ્યો છે.

મંદિરની બહાર પૂજાપા તેમજ પ્રસાદની મીઠાઈ વહેંચતા દુકાનદારોમાં પણ ભારે ઉત્સાહ પ્રવર્તી રહ્યો છે.

મંદિરની સામે આવી દુકાન ધરાવતા બટુક મહારાજના જણાવ્યા પ્રમાણે અત્યારથી જ માતાજીની ચૂંદડી, માતાજીની મૂર્તિ-છબી, માતાજીને પ્રિય એવા આશાપુરી ધૂપ જેવી પૂજાપાની ચીજ-વસ્તુઓના વેંચાણમાં ઉછાળો આવ્યો છે.

# મુંદરામાં અદાણી સોલાર પ્લાન્ટમાં લાખોની ચોરીનો પ્લાન નિષ્ફળઃ રૂ.૨૬.૨૫ લાખના ચાંદીના ટીસ્યૂ પેપર સાથે છ શખ્સો ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના મુંદરામાં તસ્કરીનો એક મોટો પ્રયાસ પોલીસે નિષ્ફળ બનાવ્યો હતો. મુંદરાના ભોપાવાંઢ પાસે આવેલા અદાણી સોલાર પ્લાન્ટમાંથી આશરે રૂ.૨૬.૨૫ લાખની કિંમતના ચાંદીની પેસ્ટવાળા ટીસ્યૂ પેપરની ચોરી કરી ભાગી છૂટવાની ફિરાકમાં રહેલી ટોળકીને મુંદરા પોલીસે રંગેહાથ ઝડપી પાડી હતી. પોલીસે આ મામલે આઇસર ટેમ્પો અને ઇનોવા કાર સહિત છ આરોપીઓની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મુંદરા પી.એસ.આઇ. નરેન્દ્ર પી.ગોસ્વામી પાસેથી મળતી માહિતી મુજબ, આ ઘટના અદાણી સોલાર કંપનીના સંકુલમાં બની હતી. કંપનીની એમએસટીબીએલ બિલ્ડિંગના ચોથા માળેથી અંદાજે ૭૫ કિલો ચાંદીની પેસ્ટવાળા ટીસ્યૂ પેપરની ઉઠાંતરી કરવામાં આવી હતી. આ કિંમતી જથ્થો આઇસર ટેમ્પોમાં ભરીને પ્લાન્ટની બહાર લઈ જવાની પેરવી કરવામાં આવી રહી હતી.

જ્યારે આ શખ્સો ચોરીનો માલ ભરીને નીકળવાની તૈયારીમાં હતા, ત્યારે ત્યાં ફરજ પરના સિક્યોરિટી ગાર્ડનું ધ્યાન ગયું હતું. ગાર્ડે તુરંત જ પોલીસને જાણ કરતા મુંદરા પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. આરોપીઓ માલ ભરીને સંકુલની બહાર નીકળે તે પહેલાં જ પોલીસે આઇસર ટેમ્પો અને તેની સાથે પાયલોટિંગ કરી રહેલી ઇનોવા કારને અટકાવી મહેબૂબ ઇશાક ભટ્ટી (નલિયા), દિનેશ હમીર કોલી (બોરાણા,તા.મુંદરા) અને પરેશ ફુલા સિસોદિયા (પાલનપુર, બનાસકાંઠા) તેમજ ઇનોવા કારમાંથી મીત જોશી, દલસુખ અને ગજેન્દ્ર ચૂડાસમાની ધરપકડ કરી લીધી હતી.

પોલીસે આ કાર્યવાહી દરમ્યાન રૂ. ૨૬.૨૫ લાખની કિંમતના ૭૫ કિલો ચાંદીના ટીસ્યૂ પેપર અને બંને વાહનો કબજે કરી મુંદરા પોલીસમથકે ગુનો દાખલ કર્યો છે. આ ચોરીમાં કંપનીના અન્ય કોઈ કર્મચારી કે અંદરના વ્યક્તિની સંડોવણી છે કે કેમ તે દિશામાં પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# ભુજમાં આયોજિત રાષ્ટ્રીય લોકઅદાલતમાં કૌટુંબિક વિખવાદોનો સુખદ અંત, ૧૪૦ કેસોમાં પક્ષકારો વચ્ચે સમાધાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ગુજરાત હાઈ કોર્ટ અને જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના માર્ગદર્શન હેઠળ કચ્છ જિલ્લામાં રાષ્ટ્રીય લોકઅદાલતનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. ભુજ સ્થિત ફેમિલી કોર્ટ ખાતે પ્રિન્સિપાલ જજ બી.જી. ગોલાણીની રાહબરીમાં યોજાયેલી આ અદાલતમાં વર્ષોથી ચાલતા કૌટુંબિક વિવાદોનો અરસપરસ સમજાવટથી નિકાલ લાવવામાં આવ્યો હતો, જેમાં સમગ્ર જિલ્લામાં કુલ ૧૪૦ કેસોનો નિકાલ કરાયો હતો.

આ લોકઅદાલત દરમિયાન ભુજ ફેમિલી કોર્ટમાં મુખ્યત્વે લગ્નવિષયક અને ભરણપોષણના કેસો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. કુલ ૩૯ જેટલા લગ્ન વિષયક કેસોમાંથી ૪ કેસમાં પક્ષકારો વચ્ચે સમાધાન થયું હતું, જયારે ફોજદારી પરચૂરણ અરજી હેઠળ ભરણપોષણના ૧૨૧ કેસ મુકાયા હતા, જેમાંથી ૫૦ કેસનો સુખદ નિકાલ થયો હતો. આ લોકઅદાલતની સૌથી વિશેષ બાબત એ રહી કે ૮ કેસોમાં પતિ-પત્ની વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલા મતભેદો દૂર થયા હતા અને તેઓ ફરીથી સાથે રહેવા સંમત થયા હતા.ભુજ ઉપરાંત ગાંધીધામ-ભચાઉમાં જજ એમ.એ. પંડયાના માર્ગદર્શન હેઠળ ૪૬ કેસ ઉકેલાયા હતા તેમજ મુંદરા-નખત્રાણામાં જજ ડી.બી. રાજનની રાહબરીમાં ૪૪ કેસનો નિકાલ કરવામાં આવ્યો હતો.

# ભાવનગર જિલ્લા જેલમાં ‘સરદાર પટેલ જેલયાત્રા’ સ્મૃતિ કાર્યક્રમ યોજાયોઃ શિસ્તબદ્ધ બંદીવાનોનું સન્માન કરાયું

ભાવનગરઃ સરદાર યુવા મંડળ ભાવનગર દ્વારા ભાવનગર જિલ્લા જેલ ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રથમ જેલયાત્રાની સ્મૃતિમાં ‘હિંડોળ’ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ભારતની આઝાદીના ઇતિહાસમાં ૭મી માર્ચનો દિવસ વિશેષ મહત્ત્વ ધરાવે છે, કારણ કે આ દિવસે લોખંડી પુરુષ સરદાર પટેલે પ્રથમ વખત જેલવાસ ભોગવ્યો હતો. આ કાર્યક્રમમાં સિનિયર પત્રકાર હિરેનભાઈ ભટ્ટે સરદાર પટેલના પ્રસંગોની વાત કરી હતી.કાર્યક્રમ દરમિયાન સરદાર પટેલના જીવન પ્રસંગો પર પ્રકાશ પાડતા જણાવવામાં આવ્યું હતું કે, ૭ માર્ચ ૧૯૩૦ના રોજ દાંડી કૂચની તૈયારીઓ માટે રાસ ગામે સભા સંબોધી રહેલા સરદાર પટેલની અંગ્રેજ અમલદારોએ ધરપકડ કરી હતી. ત્યારબાદ તેમને સાબરમતી જેલમાં લઈ જવામાં આવ્યા હતા. આ તેમની પ્રથમ જેલયાત્રા હતી. આ ઐતિહાસિક ઘટનાની યાદમાં દર વર્ષે ગુજરાતની મોટાભાગની જેલોમાં વિશેષ કાર્યક્રમો યોજાઈ હતી.આ પ્રસંગે ભરતભાઈ મોણપરાએ સરદાર પટેલના જેલ જીવનના પ્રેરક પ્રસંગો રજૂ કર્યા હતા. આ ઉપરાંત, જેલમાં શિસ્તબદ્ધ રીતે રહેતા ૧૦ જેટલા બંદીવાન ભાઈઓને પ્રોત્સાહિત કરવા માટે મંડળ દ્વારા સાલ, રૂમાલ અને પેન આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# ગાંધીધામમાં ₹૧૮૨ કરોડનું સાયબર ફ્રોડ કેસમાં બે આરોપીઓની જામીન અરજી અદાલતે ફગાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના ઔદ્યોગિક કેન્દ્ર ગાંધીધામમાં ગાજેલા રૂ. ૧૮૨ કરોડના મસમોટા સાયબર ફ્રોડ અને બૅંકિંગ કૌભાંડમાં જેલહવાલે થયેલા બે આરોપીની જામીન અરજી નામદાર અદાલતે નામંજૂર કરી છે. જરૂરિયાતમંદ લોકોના નામે બોગસ પેઢીઓ બનાવી સાયબર ગુનેગારોને પ્લેટફોર્મ પૂરું પાડવાના આ ગંભીર ગુનામાં કોર્ટે કડક વલણ અપનાવ્યું છે.

આ રાજ્યભરમાં ચકચારી બનેલાં પ્રકરણની વિગત મુજબ, ગાંધીધામ અને આદિપુર વિસ્તારની વિવિધ બૅંકોમાં રાપર, આડેસર અને મોરબી જેવા વિસ્તારોના ઓછું ભણેલા કે ગરીબ લોકોના નામે સેવિંગ્સ અને કરન્ટ ખાતા ખોલાવવામાં આવ્યા હતા. આરોપીઓએ આ લોકોના નામે ભાડે ઑફિસો રાખી, બોગસ પેઢીઓ ઊભી કરી ‘ઉદ્યમ પોર્ટલ’ પર નોંધણી પણ કરાવી હતી

કુલ ૮૧ બૅંક ખાતામાં સાયબર ગઠિયાઓએ છેતરપિંડી દ્વારા મેળવેલા રૂ. ૧૮૨,૩૭,૬૮,૮૭૨ જમા કરાવ્યા હતા. સ્થાનિક આરોપીઓ આ ખાતાઓની વિગતો સાયબર ફ્રોડ કરનારા મુખ્ય સૂત્રધારોને પૂરી પાડતા હતા અને તેના બદલામાં મોટું કમિશન મેળવતા હતા. તપાસમાં બહાર આવ્યું છે કે ૮૧ પૈકી ૭૪ ખાતાઓ સામે ઓનલાઇન પોર્ટલ પર દેશભરમાંથી ફરિયાદો નોંધાઈ ચૂકી છે.

આ કૌભાંડમાં પોલીસ તપાસ દરમિયાન અનેક શખસોના નામ ખૂલ્યા હતા, જે પૈકી સાહિલ શર્મા અને અલ્પેશ લુહાર નામના આરોપીઓએ ગાંધીધામની ચોથી અધિક જિલ્લા અને સેશન્સ કોર્ટમાં જામીન મેળવવા અરજી કરી હતી. આ કેસની સુનાવણી દરમ્યાન સરકારી વકીલ કુ. હિતેશી પી.ગઢવીએ ધારદાર દલીલો કરતા જણાવ્યું હતું કે આ એક સુનિયોજિત આર્થિક ગુનો છે, જેની અસર રાષ્ટ્રીય સ્તરે છે. આરોપીઓએ ગરીબ લોકોનો ઉપયોગ કરી આર્થિક માળખાને નુકસાન પહોંચાડ્યું છે. ન્યાયાધીશ એ. એમ. મેમને બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ ગુનાની ગંભીરતાને ધ્યાને રાખી સરકારી વકીલની દલીલો ગ્રાહ્ય રાખી હતી અને બંને આરોપીઓના જામીન નકારી દીધા હતા.

# ભુજમાં કૌટુંબિક ઝઘડો લોહિયાળ બન્યોઃ સાઢુભાઈના વિવાદમાં વચ્ચે પડેલા યુવાનનું સારવાર દરમિયાન મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ શહેરના સૌથી વ્યસ્ત એવા હૉસ્પિટલ રોડ પર ગત શુક્રવારે અંગત અદાવતમાં લોહિયાળ ખેલ ખેલાયો હતો. બે સાઢુભાઈઓ વચ્ચે ચાલી રહેલા ઝઘડામાં સમાધાન કરાવવા વચ્ચે પડેલા ૨૫ વર્ષીય ધર્મેશ મનસુખલાલ પરમારને છરી વાગી જતાં, ગંભીર હાલતમાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ નીપજતાં સમગ્ર શહેરમાં ચકચાર મચી ગઈ હતી.

મળતી માહિતી મુજબ, ભુજની સાગરસિટીમાં રહેતા આરોપી યોગેશ ચૌહાણે તેના બે અજાણ્યા સાગરીતો સાથે મળીને પોતાના જ સાઢુભાઈ શક્તિસિંહ પરમાર પર હુમલો કર્યો હતો. હૉસ્પિટલ રોડ જેવા ભરચક વિસ્તારમાં જ્યારે આ ઝઘડો ઉગ્ર બન્યો ત્યારે શક્તિસિંહનો મિત્ર ધર્મેશ પરમાર (કોલી) તેમને છોડાવવા માટે વચ્ચે પડ્યો હતો. આ દરમિયાન આવેશમાં આવી ગયેલા હુમલાખોરોએ ધર્મેશના પેટના ભાગે છરીનો જીવલેણ ઘા ઝીંકી દીધો હતો.

બનાવ બાદ ગંભીર રીતે ઘાયલ ધર્મેશને તાત્કાલિક સ્થાનિક હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. શરૂઆતમાં ઇજા જીવલેણ જણાતી ન હતી, પરંતુ સારવાર દરમિયાન અચાનક ઊલટી થવાને કારણે ફેફસામાં ગંભીર કોમ્પ્લિકેશન (ગૂંચવણો) સર્જાઈ હતી. તેની તબિયત વધુ લથડતા તેને તાત્કાલિક વધુ સારવાર અર્થે અમદાવાદ રીફર કરવામાં આવ્યો હતો, જ્યાં ટૂંકી સારવાર બાદ તેનું કરૂણ મોત નીપજ્યું હતું.

યોગેશ ચૌહાણ અને તેના સાગરીતો સામે ગુનો નોંધવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

# રાજકોટવાસીઓએ ૪૦૦.૮૯ કરોડનો મિલકત-પાણીવેરો ભરી મનપાની તિજોરી છલકાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ મનપાને કુલ ૪૦૦.૮૯ કરોડની વેરા આવક થઈ છે. શહેરના ૪,૩૮,૪૪૨ જેટલા કરદાતાઓએ ૪૦૦.૮૯ કરોડનો મિલકત વેરો તથા પાણીવેરો ભરપાઈ કરીને મહાનગરપાલિકાની તિજોરી છલકાવી દીધી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ૩૧ માર્ચ સુધી મિલકત અને પાણીવેરો મળીને ૧૦,૦૦૦ સુધીની વ્યાજમાફી યોજના ચાલુ રાખવામાં આવી છે. મનપાની વેરા વસૂલાત શાખા દ્વારા કરવામાં આવેલા સઘન આયોજન અને જનજાગૃતિના પ્રયાસોના પરિણામે આ વર્ષે કરદાતાઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે.

ગત નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના સમાન ગાળા દરમિયાન ૪,૦૭,૨૭૬ કરદાતાઓએ ૩૯૦.૮૬ કરોડનો વેરો ભર્યો હતો. તેની સરખામણીએ ચાલુ વર્ષે ૩૧,૧૬૬ વધુ નાગરિકોએ વેરો ભરીને પોતાની જાગૃતિનો પરિચય આપ્યો છે. આ વધારાના કારણે મહાનગરપાલિકાની આવકમાં ૧૦.૦૩ કરોડનો સીધો વધારો નોંધાયો છે, જે શહેરના વિકાસ કામો માટે આશીર્વાદરૂપ સાબિત થશે.

# ઓનલાઈન છેતરપિંડી કરતી ગેંગના ત્રણ શખસની જામનગર સાયબર ક્રાઈમે ધરપકડ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જામનગર સાયબર સેલે બૅંક ખાતા ભાડે આપી ઓનલાઈન છેતરપિંડી કરતી એક ગેંગના ત્રણ લોકોની ધરપકડ કરી હતી. આ ગેંગે રૂ. ૩.૮૬ કરોડના ટ્રાન્ઝેક્શન દ્વારા છેતરપિંડી આચરી હતી. કાલાવડ, રાજકોટ અને ભાવનગરના છ શખસ સામે ગુનો નોંધવામાં આવ્યો હતો, જેમાંથી ત્રણની ધરપકડ કરી હતી.

જામનગર સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં નોંધાયેલા ગુનામાં કાલાવડ તાલુકાના નાની માટલી ગામના કનૈયાલાલ ખીમજીભાઈ સભાયા, રાજકોટના લાખાભાઈ રાણાભાઈ ઝાપડા અને રાજ મુકેશભાઈ ઝાપડા તેમ જ ભાવનગરના શૈલેષ મકવાણા, પ્રકાશ કાનમિયા અને આર્યન પટેલનો સમાવેશ થાય છે.

આ આરોપીઓએ જુદા જુદા બૅંક ખાતા ભાડે આપીને ગેરકાયદેસર રીતે આર્થિક લાભ મેળવ્યો હતો. કુલ રૂ. ૩,૮૬,૭૪,૭૫૬ના ટ્રાન્ઝેક્શન કરાવ્યા હતા, જે રકમ અન્ય લોકોના બૅંક ખાતામાંથી છેતરપિંડી કરીને જમા કરવામાં આવી હતી. ત્યારબાદ આ રકમ સાયબર ફ્રોડ કરનાર મુખ્ય ગેંગ સુધી પહોંચાડવામાં મદદ કરી હતી.

છ સભ્યો સામે ગુનો દાખલ થયા બાદ પોલીસે કનૈયાલાલ સભાયા (કાલાવડ), લાખાભાઈ ઝાપડા (રાજકોટ) અને રાજ ઝાપડા (રાજકોટ) એમ ત્રણ શખ્સોની અટકાયત કરી હતી. તેમને અદાલત સમક્ષ રજૂ કરીને રિમાન્ડની માગણી કરતા અદાલતે ત્રણ દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા હતા. પોલીસે આ ત્રણેયની સઘન પૂછપરછ શરૂ કરી છે.

# રાજકોટમાં ઉનાળાના આરંભે રોગચાળા વકર્યો, વિવિધ રોગના કુલ ૧૦૯૨ કેસ

અમદાવાદઃ રાજકોટમાં શહેરમાં પાણીજન્ય રોગચાળો વકર્યો છે. ઉનાળાના આરંભે જ શહેરમાં ટાઈફોઈડ અને કમળા જેવા પાણીજન્ય રોગચાળાના બે કેસ નોંધાયા છે. દરમિયાન છેલ્લા એક સપ્તાહમાં શહેરમાં ટાઈફોઈડનો એક, કમળાનો એક કેસ અને ડેંગ્યૂનો એક કેસ સહિત શરદી ઉધરસના ૪૮૮ કેસ, સામાન્ય તાવના ૪૪૬ કેસ, ઝાડા ઉલ્ટીના ૧૫૬ કેસ સહિત વિવિધ રોગચાળાના કુલ ૧૦૯૨ કેસ નોંધાયા છે.

શહેરમાં ડેંગ્યૂનો એક કેસ મળતા તેમ જ મચ્છરના ઉપદ્રવની વ્યાપક ફરિયાદો મળતા કુલ ૧૪૨૧ ઘરોમાં ફોગિંગ કરાયું હતું.મચ્છરની ઘનતા વધુ હોય તેવા વિસ્તારોમાં વ્હીકલ માઉન્ટેઇન ફોગીંગ મશીન ફોગીંગ કામગીરી કરવામાં આવી હતી. મચ્છર ઉત્પતિ સબબ નોટિસ તથા વહીવટી ચાર્જ વસુલાતની કામગીરી કરાઇ હતી જેમાં બાંધકામ સાઇટ, સ્કૂલ, હોસ્પિટલ, હોટેલ, ઇન્ડસ્ટ્રીઝ, હોસ્ટેલ, કોમ્પ્લેક્ષ, ભંગારના ડેલા, સેલર, હોલ, વાડી, પાર્ટી પ્લોટ, ધાર્મિક સ્થળ, પેટ્રોલ પંપ, સરકારી કચેરી સહિત કુલ ૧૪૩ સ્થળે મચ્છર ઉત્પતિ અંગે તપાસ કરાઇ હતી તેમજ રહેણાકમાં ૧૨૧ અને કામર્શિયલમાં ૩૨ સહિત કુલ ૧૫૩ને નોટિસ ફટકારાઇ હતી.

# જામનગરમાં વીજ ચોરીના ૩૫ ગુના નોંધાયા, કુલ ₹૧૨.૬૦ લાખનો વીજ દંડ વસૂલવામાં આવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જામનગર ગ્રામ્ય ડિવિઝન પોલીસે ગુનેગારો અને અસામાજિક તત્ત્વો પર કડક કાર્યવાહી કરી છે. પોલીસે પીજીવીસીએલ ટીમ સાથે મળીને લિસ્ટેડ બુટલેગરો, હિસ્ટ્રીશીટરો અને ડ્રગ્સ પ્રવૃત્તિમાં સંડોવાયેલા શખ્સોના ઘરે દરોડા પાડ્યા હતા. આ કાર્યવાહીમાં કુલ ₹૧૨.૬૦ લાખનો દંડ ફટકારવામાં આવ્યો હતો.ગ્રામ્ય પોલીસ અધિક્ષકની સૂચના મુજબ, પંચ-એ, ધ્રોલ, જોડીયા, કાલાવડ ટાઉન અને કાલાવડ ગ્રામ્ય પોલીસ સ્ટેશન વિસ્તારમાં આ સંયુક્ત ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આ ઓપરેશન દરમિયાન કુલ ૧૦૬ બુટલેગર, હિસ્ટ્રીશીટર અને ડ્રગ્સ માફિયાઓને ત્યાં તપાસ કરવામાં આવી હતી. તેમાંથી ૩૫ ગુના વીજ ચોરીના નોંધાયા હતા, જેમાં કુલ ₹૧૨.૬૦ લાખનો વીજ દંડ વસૂલવામાં આવ્યો. પોલીસ સૂત્રો અનુસાર દરોડા દરમિયાન અનેક નામચીન શખ્સોના ઘરે ડાયરેક્ટ વીજ લંગરિયા અને મીટર સાથેની ચેડાં પકડાયા હતા.

# સુરેન્દ્રનગરના લીંબડી-સાયલાના ગામોમાં ગેરકાયદે વીજ કનેક્શન ઝડપાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરેન્દ્રનગર જિલ્લામાં પીજીવીસીએલ અને પોલીસે ગેરકાયદેસર વીજ કનેક્શનો શોધવા માટે એક વ્યાપક સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. આ ઓપરેશનમાં પીજીવીસીએલની ૪૬૦ ટીમો અને ૪૦૦થી વધુ પોલીસ કર્મચારીઓ જોડાયા હતા.

આ સર્ચ ઓપરેશન લીંબડીના ચોરણીયા સબ-સ્ટેશન વિસ્તારના ગામો તેમજ સાયલા તાલુકાના નોલી અને લાખણકા ગામમાં ચલાવવામાં આવ્યું હતું. આ કાર્યવાહી દરમિયાન બુટલેગરો અને અસામાજિક તત્ત્વોના ઘરોમાંથી મોટા પાયે વીજ ચોરી ઝડપાઈ હતી. ખાસ કરીને, લાખણકા ગામમાં સરપંચ સહિતના કેટલાક લોકોના ઘરેથી ગેરકાયદેસર વીજ કનેક્શનો મળી આવ્યાં હતાં.પોલીસ અને પીજીવીસીએલની ટીમોએ ગેરકાયદેસર વીજ કનેક્શનો ઉપરાંત ઇલેક્ટ્રિક સગડી, હીટર અને એસી સહિતનો મોટી માત્રામાં મુદ્દામાલ જપ્ત કર્યો હતો.